# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૬**





પૂર્ણ પુરુષોત્તમ
ભગવાન સ્વામિનારાયણ



જીવનપ્રાણ
અબજીબાપાશ્રી

## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

સત્ય, અહિંસા, પ્રામાણિકતા, કૌટુંબિક એકતા આદિ સામાન્ય આચરણથી લઈને આધ્યાત્મિક દિવ્ય આચરણોનું સિંચન કરવું તેમજ સનાતન ભગવાન સ્વામિનારાયણની સર્વોપરી ઉપાસના અને અનાદિમુક્તની આધ્યાત્મિક અલૌકિક સ્થિતિનો આસ્વાદ માણતા એક દિવ્ય સમાજની રચના કરી શ્રીજીમહારાજનો વ્હાલો સમાજ તૈયાર કરવો એ જ એકમાત્ર આ આધ્યાત્મિક સ્વામિનારાયણ સંસ્થાનો લક્ષ્ય છે.

દેશ અને સમાજની પ્રત્યેક વ્યક્તિમાં આધ્યાત્મિકતાની નવી ચેતના પ્રગટાવી જીવનપરિવર્તનના મહામૂલા કાર્યમાં આ **SMVS** સંસ્થા સતત પ્રવૃત્ત રહે છે. સંસ્થાના ૧૦૦ જેટલા સંતો-પાર્ષદો તથા ૧૦૧ જેટલાં ત્યાગી મહિલામુક્તો, ૧૦,૦૦૦થી પણ વધુ કાર્યકરો અને સ્વયંસેવકો સંસ્થા દ્વારા ચાલતાં સેંકડો બાળ-બાલિકા મંડળો, યુવા-યુવતી મંડળો તથા પુરુષ-મહિલાનાં સંયુક્ત મંડળોમાં જીવનપરિવર્તનની દિવ્ય પ્રેરણા આપી પોતાના જીવનની સાફલ્યતાને અનુભવી રહ્યાં છે. અવનવાં આધ્યાત્મિક અભિયાનો દ્વારા જન જન સુધી પહોંચી અજ્ઞાન ને દુ:ખરૂપી તિમિરને દૂર કરી જ્ઞાન ને સુખરૂપી પ્રકાશ પાથરી રહ્યાં છે.

ભારત, યુ.કે., અમેરિકા, કૅનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલૅન્ડ, કુવૈત, દુબઈ, કેન્યા, યુગાન્ડા, ઝામ્બિયા આદિ દેશોમાં આધ્યાત્મિક સેવાઓનાં સોપાન સર કરવાની સાથે સર્વજનહિતાવહ એવા સામાજિક સેવાકાર્યોમાં પણ આ સંસ્થા ભાગીરથી બની રહી છે. શિક્ષણ, સંસ્કાર અને સત્સંગનો ત્રિવેણી સંગમ ખડો કરી, ગુરુકુલ જેવા પરિસરો બાંધી અનેક તરુણોના જીવનને ઘાટ આપવાનું સેવાકાર્ય તો વળી જરૂરિયાતમંદોને શૈક્ષણિક તેમજ તબીબી સહાયની સેવાથી માંડી વસ્ત્રદાન, રોગનિદાન કૅમ્પ, રક્તદાન કૅમ્પ જેવી અનેક સેવાઓ તેમજ તબીબી સેવામાં વિશેષ રૂપે મેડિકલ સેન્ટરો તથા **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ આદિ સેવાઓ પણ આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે. ભૂકંપની હોનારત હોય કે પછી પૂરની તારાજી હોય પરંતુ જનહિતાવહ કાજે રાહતકાર્યની સેવામાં આ સંસ્થા સર્વત્ર ખડે પગે હાજર રહે છે.

સંસ્થાની આવી મહામૂલી આધ્યાત્મિક, સામાજિક તેમજ સર્વજનહિતાવહ સેવા-પરિચર્યાનાં અજવાળાં સર્વત્ર જનમાનસમાં ફેલાયાં છે. દેશ અને સમાજના જન જન પ્રત્યે આ સંસ્થા પોતાનાં સેવાકાર્યો અને આધ્યાત્મિક મૂલ્યોની સુવાસ પ્રસરાવવામાં સદાય અગ્રેસર રહી છે ને રહેશે.

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૬**


**લેખનકાર્ય**

સાહિત્ય લેખન વિભાગ



SMVS

**પ્રકાશક**

સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ

સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧

# સ્વામિનારાયણ ચરિત્ર

ભગવાન સ્વામિનારાયણના દિવ્યજીવનનું વૃત્તાંત

**ભાગ-૬**


**રજૂકર્તા** : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

**આદ્ય સ્થાપક** : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
પ.પૂ. અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)

**પ્રેરક** : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

**પ્રકાશક** : સત્સંગ સાહિત્ય ડિપાર્ટમેન્ટ,
સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર–૩૮૨૪૨૧
ફોન : ૯૯૨૫૨૩૭૦૦૪, Email : ssd@in.smvs.org

**આવૃત્તિ** : પ્રથમ, જાન્યુઆરી–૨૦૨૬

# ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના આશીર્વાદ

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે. છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.



આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, 'અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.'

આમ, સ્વામિનારાયણ મહાપ્રભુના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે સ્વામિનારાયણ ભગવાનના દિવ્ય ચરિત્રો સર્વેએ એકાગ્રતાથી વાંચવા... તો મહાપ્રભુ સ્વામિનારાયણ ભગવાનનો જેમ છે તેમ મહિમા જરૂર સમજાશે અને તેમની મૂર્તિનું ખૂબ ખૂબ સુખ આવશે...

દાસાનુદાસ સેવક
સાધુ સત્યસંકલ્પદાસના
જય સ્વામિનારાયણ

# પ્રસ્તાવના

'મૂળો નાસ્તિ કુતો શાખા' એમ જેમણે દેહ ધર્યો જ નથી તો પછી ચરિત્રો શાનાં..? તેથી સૌને જરૂર પ્રશ્ન થાય કે સંવત ૧૮૩૭ની સાલમાં છપૈયામાં ધર્મપિતા-ભક્તિમાતાને ઘેર ઘનશ્યામ પ્રભુ પ્રગટ્યા. અગિયાર વર્ષ સુધી અનેક બાળચરિત્રો કર્યાં, સાત વર્ષ સુધી વનવિચરણ કર્યું. સદ્. રામાનંદ સ્વામી પાસે દીક્ષા લીધી, ધર્મધુરા ગ્રહણ કરી. સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો, ૩૦ વર્ષ સુધી સત્સંગમાં વિચર્યા ને સંવત ૧૮૮૬માં દેહ મૂક્યો. તો શું એ બધું ખોટું ?

ના. આમાંનું કશું જ ખોટું નથી. અવરભાવની દૃષ્ટિએ બધું સાચું જ છે. પરંતુ જેણે ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને જેમ છે તેમ સર્વોપરી, સનાતન, સર્વાવતારી, અજોડ, દિવ્યાતિદિવ્ય, સર્વ કારણના કારણ, ભવ્યાતિભવ્ય, સદા સાકાર અને સદા પ્રગટ ને પ્રત્યક્ષ જાણી સર્વે અંગે નિશ્ચય કર્યો હોય, મહારાજના પરભાવના સ્વરૂપની દૃઢતા કરી હોય એના માટે એ નર-નાટક જ છે.

જેને દિવ્યભાવ છે તેને મહારાજના અવરભાવના ચરિત્રોમાં પણ પરભાવ જ જણાય. માત્ર જરૂર છે અવરભાવની દૃષ્ટિ અને સમજણ છોડવાની. કેમ જે પરભાવનું સ્વરૂપ ગમે તેટલું પોતાનું સર્વોપરીપણું, દિવ્યપણું છુપાવવા તથા દબાવવા પ્રયત્ન કરે તોપણ એ પ્રગટ્યા વિના છાનું રહે નહીં. પરંતુ દિવ્યભાવ વગર તેને ઓળખી કે પામી શકાય નહીં.

મહારાજનો મનુષ્યોને મનુષ્ય જેવાં દર્શન આપવા પાછળનો હેતુ એક જ હતો : અનંત જીવોને પોતા જેવા પુરુષોત્તમરૂપ પાત્ર કરવા. તો સ્વાભાવિક છે કે એમના અવરભાવનાં ચરિત્રો પણ પોતાના મૂળભૂત સંકલ્પને પૂરો કરવા માટે જ હોય.

સર્વોપરી મહાપ્રભુના દિવ્ય ચરિત્રોને વાંચી, માણી, તેમનાં ચરિત્રો સાથે સંલગ્ન થતાં હૃદયમાં શાંતિનો તથા સુખનો મહાસાગર ઘૂઘવવા લાગે છે.

માત્ર લીલાચરિત્રો વાંચી, સાંભળી એમાં જ આનંદ માણવો અને એમાં જ રાચવું એ કાર્ય સત્સંગની રીત છે. મહારાજ કયા ગામથી કયા ગામ ગયા અને

કેવી રીતે કોનો મોક્ષ કર્યો કે કોને સુખ આપ્યું એટલું માત્ર જાણવાથી પુરુષોત્તમરૂપ પાત્ર નથી થવાતું. અને એટલું કરવાથી મહારાજના એ ચરિત્રોનો જે હેતુ છે એ પણ પાર પડતો નથી. એ તો જ્યારે એ ચરિત્રોના માધ્યમથી મહારાજના પરભાવના સ્વરૂપનો અધિકાધિક મહિમા સમજાય. ત્યારબાદ આપણે પણ પરભાવમાં પહોંચીએ ત્યારે જ સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો વાંચ્યાં ને જાણ્યાંનો હેતુ પાર પડ્યો કહેવાય.

ભગવાન સ્વામિનારાયણના જીવનનું વિસ્તૃત દર્શન કરાવતી આ પુસ્તકની શ્રેણી ‘સ્વામિનારાયણ ચરિત્ર’ સંપ્રદાય માટે એસ.એમ.વી.એસ. સંસ્થાનું સૌથી મોટું યોગદાન ગણાશે. વળી, મૂળભૂત ગ્રંથ ભગવાન સ્વામિનારાયણમાંથી સંકલિત કરેલ આ પુસ્તકને સ્વામિનારાયણ ભગવાનના અવરભાવના સમગ્ર જીવનના સમયકાળ મુજબ વિવિધ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યું છે. અને વર્ષ દરમ્યાન નિયમિતપણે એના વિવિધ ભાગ પણ PDF રૂપે પ્રકાશિત કરવામાં આવશે. આ ભાગનું વાંચન તથા મનન કરીને આપણે શ્રીજીમહારાજના પ્રત્યેક ચરિત્રના હેતુને સ્વજીવનમાં લક્ષ્યાર્થ કરીએ. અપેક્ષા છે કે સ્વામિનારાયણ સંપ્રદાયના આશ્રિતમાત્રને ભગવાન સ્વામિનારાયણનું આવું દિવ્ય જીવનદર્શન અવશ્ય ગમશે જ...

- સાહિત્ય લેખન વિભાગ

# અનુક્રમણિકા

**૧. વન વિચરણનો અંત** (આ.સં.૧૮૫૬, ઈ.સ. ૧૭૯૯-૧૮૦૦)


વર્ણીરાજ લોજપુરમાં............................................૩

નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીના આશ્રમમાં ................................૬

વર્ણીરાજ ઠરીઠામ થયા............................................૧૧

લોજ મુકામે વર્ણીરાજની દિવ્ય સેવામય દિનચર્યા..........................૧૪

સ્ત્રી-પુરુષોની સભા નોખી કરાવી ........................................૧૫

આ દીવાલમાં નહિ, પણ બધર્મમાં ફાંકું છે..................................૧૮

વર્ણીરાજની ભિક્ષા પ્રવૃત્તિ તથા સદાવ્રત પ્રવૃત્તિ ..............................૧૯

નીલકંઠમાંથી સરજુદાસ ............................................૨૦

પોટલા ઉપર પોટલું ................................................૨૧

વર્ણીરાજનો સંતો પ્રતિ ધ્યાન-કથાવાર્તાનો આગ્રહ..........................૨૪

થાંભલાને બાથ ભીડીને રહેજો........................................૨૫

સદ્. મુક્તાનંદ સ્વામી સાથે વર્ણીરાજ ધર્માદો ઉઘરાવવા આખા-પીપલાણામાં .૨૮

ધ્યાન સગુણ કે નિર્ગુણ ............................................૨૯

વર્ણીરાજે સદ્. આનંદાનંદ સ્વામીને ધ્યાનમાં ઘાટ કહી સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવી.૩૧

રામાનંદ સ્વામીને પત્ર ..............................................૩૨

એ તો સૌથી મોટા છે ....................................................૩૫

રામાનંદ સ્વામીનો વળતો પત્ર ......................................૩૭

એ જેવા તો એ એક જ ! ...............................................૩૮

**૨. દિવ્ય ગુરુ મિલન** (આ.સં. ૧૮૫૭, ઈ.સ. ૧૮૦૦-૧૮૦૧)

મિલનની અધીરાઈ..........................................................૪૧

સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ? .......................૪૫

આ તો આ લોકની રીત છે..!............................................૪૯

નીલકંઠ વર્ણીને દીક્ષા ..................................................૫૧

**૩. ધર્મધુરા ગ્રહણ કરી** (આ.સં. ૧૮૫૭, ઈ.સ. ૧૮૦૦-૧૮૦૧)

સદ્. રામાનંદ સ્વામી સાથે સોરઠમાં વિચરણ .......................૫૩

રઘુનાથદાસ ન થવું.....................................................૫૯

રાજાધિરાજ થયા ..........................................................૬૨

**૪. રામાનંદ સ્વામી અંતર્ધાન** (આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૧-૧૮૦૨)

રામાનંદ સ્વામીએ અવરભાવ અદૃશ્ય કર્યો .........................૬૭



# ૧

# વનવિચરણનો અંત

**(આ.સં. ૧૮૫૬, ઈ.સ. ૧૭૯૯-૧૮૦૦)**

## વર્ણીરાજ લોજપુરમાં

વનવિચરણના આખરી પડાવનું મુકામ જે બનવાનું હતું તે લોજ ગામે નીલકંઠ વર્ણી પધારી ચૂક્યા હતા. તે ધન્ય દિવસ હતો સંવત ૧૮૫૬ શ્રાવણ વદિ છઠ (તા. ૨૧-૮-૧૭૯૯, બુધવાર). આજની તિથિએ આ અતિથિ પધાર્યા હતા.

"વર્ષ સાત વેઠ્યો વનવાસ, તે ઉપર થયો એક માસ;
સંવત અઢાર છપન કહીએ, શ્રાવણ વદિ ષષ્ઠી લહીએ.
તે દી' લોજ પધાર્યા મહારાજ, કરવાં અનેક જીવનાં કાજ;
સુંદર વાવ એક ગામ બા'ર, તિયાં બેઠા પોતે ઘડી ચાર."[૧]

ગામના પાદરમાં જ મીઠા પાણીની વાવ હતી. સવારનું અરુણ પ્રભાત ફાટું ફાટું થઈ રહ્યું હતું. અરુણનો હળવો ઉજાસ ધીરે ધીરે પ્રસરતો હતો. ચારે બાજુ મંદ મંદ શીતળ વાયુ શ્રાવણના સરવડાથી ભીની થયેલ માટીની મહેકની ફાંટ્યું ભરી ભરીને સમગ્ર પ્રદેશ પર લહેરાઈ સુગંધથી ભરી દેતો હતો. વાવની પાસે મોટો ઘટાટોપ વિશાળકાય વડલો હતો. તે પણ વર્ષોથી વર્ણીની રાહ જોઈ જોઈ વૃદ્ધત્વને આરે આવી પહોંચ્યો હતો. તેણે વર્ણીને વિરામસ્થાન માટે પોતાની વડવાઈઓરૂપી બાહોને ચોતરફ પ્રસરાવી શીતળ છાંયડો તૈયાર કરી રાખ્યો હતો.

પ્રાતઃ સમય હતો. લોજ ગામ મીઠી ઘેઘૂર નીંદર માણી રહ્યું હતું. વર્ણીએ

**૧.** ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૫

વાવ ઉપર ગામની પનિહારી બાઈઓ આવે તે પહેલાં વાવમાં ઊતરી સ્નાન કરી લીધું. પછી નિત્યક્રમ આટોપી વાવની બાજુમાં વિશાળ વડના વૃક્ષ તળે મોટી શિલા પર ધ્યાનસ્થ મુદ્રામાં બિરાજી ગયા.

પૂર્વની ક્ષિતિજે સૂર્ય ડોકું કાઢવાની મથામણ કરતો હતો. સૂર્યની પ્રથમ ટશરો ફૂટી ને આછેરો ઉજાસ થયો. લોજ ગામની પનિહારી બાઈઓ વાવ પર પાણી ભરવા માટે ચકચકાટ માંજેલી તાંબા-પિત્તળની હેલ્યું અર્થાત્ બેડાં લઈને આવી પહોંચી. પનિહારી બાઈઓની નજર રોજના ક્રમ મુજબ આછા અજવાળામાં વાવનાં પગથિયાં પર મંડાતી હતી એ નજર આજે ઊથલતી જણાઈ. તેમની દૃષ્ટિને કોઈ ચુંબકીય આકર્ષણ ખેંચી રહ્યું હોય એમ લાગ્યું. એમની દૃષ્ટિ વડના વૃક્ષ નીચે પથ્થરની શિલા પર બિરાજેલા ધ્યાનસ્થ નીલકંઠ વર્ણી પર સ્થિર થઈ.

દિવ્યાતિદિવ્ય સ્વરૂપ એવા નીલકંઠ વર્ણીની અલૌકિક મૂર્તિમાંથી અદ્ભુત મોહકતા ટપકતી હતી. સૌ પનિહારી બાઈઓની નજર વર્ણીની મોહક મૂર્તિ તરફ આકર્ષાઈ. પાણી ભરવાનું પડ્યું મૂકી તેઓ વર્ણી સન્મુખ થઈ ગઈ. વર્ણીનાં દર્શન કરતાં તેમનાં નેત્રો ધરાતાં નહોતાં. ઘણી વાર સુધી સ્થિર બની દર્શન કરતી હતી.

“લોજની વાવ ઉપર અવતારી, આવી બેઠા બટુક બ્રહ્મચારી.
નારી નગરની આવી જળ ભરવા, નેણે નિરખ્યા ત્યાં નવલ વિહારી,
દુર્બળ દેહ દેખી દયા ઊપજી, નાથજી પ્રત્યે બોલી સહુ નારી.”

નીલકંઠ વર્ણીએ સતત સાત વર્ષ, એક માસ ને અગિયાર દિવસ સુધી ઉઘાડે અંગે, અડવાણા ચરણે ને એકમાત્ર કૌપીનભેર રહી અદ્ભુત વિચરણ કર્યું હતું. હિમાલયની ગાત્રો ગાળી દેતી, હાડ થિજાવી દેતી કાતિલ ઠંડીમાં, વરસતા વરસાદની તીક્ષ્ણ ધારાઓ કોમળ વદન પર ઝીલતા ને ગ્રીષ્મઋતુની પ્રકોપી ગરમીમાં શેકાઈને પણ વનવિચરણની મજલ વર્ણી અવિરતપણે કાપતા રહ્યા. મહાવિકટ અરણ્યોમાં જંગલી પશુઓ, વૈરાગીઓ વચ્ચે નિર્ભયપણે ફર્યા.

માર્ગમાં ઉત્તુંગ પર્વતોનાં કપરાં ચઢાણો ચઢ્યા. અફાટ જળપ્રવાહથી વહેતી નદીઓમાં તણાયા. વિશાળ સમુદ્રો તેમજ ખાડીઓને પણ ઉલ્લંઘી અનેક પ્રદેશો, અનેક રાજ્યો, અનેક શહેરો ને અસંખ્ય ગામોમાં મુમુક્ષુઓને શોધી તેમને દર્શન આપી તેમનું પૂરું કરવા ત્યાં પહોંચી જતા. દરમ્યાન કેટલાય દિવસો સુધી વાયુભક્ષણ કરીને રહ્યા. અસંખ્ય ઉપવાસો થયા, જમવામાં ફળ-ફૂલ-કંદમૂળ અથવા કાચું-

પાકું જે મળે તે ને જ્યારે મળે ત્યારે પ્રેમથી આરોગી લીધું. ભેંકાર જંગલોમાં વગડામાં અવાવરી ને એકાંત જગ્યામાં કાંટા-કાંકરાવાળી ભૂમિ પર હાથનું ઓશીકું કરી તેઓએ રાત્યો વિતાવી.

સમગ્ર વિચરણ દરમ્યાન નીલકંઠ વર્ણીની બૃહત વૈરાગી સ્થિતિ બેજોડ ને નમૂનેદાર હતી. અત્યંત કઠોર પરિસ્થિતિને એમણે દેખાતા શરીર પર ભીષણતાથી સહી હતી. પરિણામે શરીરમાં માંસ તથા રુધિરનો ભાગ સાવ સુકાઈ ગયો હતો. ચામડી શરીરનાં હાડકાં સાથે ચોંટી ગઈ હતી. શરીરની નાડીઓ, હાડકાંની પાંસળીઓ સ્પષ્ટપણે ગણી શકાય એવું એમણે દેહનું દમન કર્યું હતું. કોઈ માનવી, યોગી, જોગી, ધ્યાની કે તપસ્વી અર્થાત્ અવરભાવની દેહધારી વ્યક્તિ ન કરી શકે એવો એમણે તપ-ત્યાગ ને વૈરાગ્યનો ઈશક દાખવ્યો હતો.

એમણે જે પણ કાંઈ સહ્યું, જે કાંઈ વિચરણ કર્યું તે સઘળું અમાનુષી હતું. અને એમાં જ એમની અલૌકિકતા, દિવ્યતા, સર્વોપરીતા, સર્વાવતારીતા ઊછળીને બહાર દેખાઈ જતી હતી ને તેઓ જ્યાં જતા ત્યાં અદ્ભુત આકર્ષણ કરતા. નર-નારીઓમાં તે આકર્ષણનું કેન્દ્ર બનતા. એમ આજે પણ લોજપુરને વિષે પનિહારી બાઈઓ વર્ણીના અલૌકિક સ્વરૂપમાં આકર્ષાઈ હતી.

સદ્.નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણીની વિચરણ સ્થિતિને આ રીતે આલેખી છે :

"રકત પણ નથી તને રતી, કેવળ રહ્યાં છે ત્વચા ને અસ્થિ;
આખા શરીર માંહી ઉઘાડી, સર્વે નીસરી રહી છે નાડી.
કાંટા કાંકરામાં અડવાણા, ચાલે આપે રાખે નહિ મણા;
નિત્યે ચાલવું વણપૂછ્યે વાટે, વન પર્વત ઓઘટ ઘાટે.
ચાલે નિર્ભય થઈ નિ:શંક, નથી કોઈની પોતાને શંક;
વાઘ વ્યાળ વરુ નિત્ય મળે, તે તો તેની મેળ્યે દૂર પળે.
ફળ ફૂલ જે વન મોઝાર, મળે તો તે જમે એક વાર;
નહિ તો રહે વાયુ વારિ પીને, નથી જમતા કેને યાચીને.
અજાચ્યું અન્ન મળે તો જમે, નહિ તો ન ખાધે દિન નિગમ;
અતિ કઠણ તપ કરતા, આવ્યા દેશ પ્રદેશે ફરતા."[૨]

નીલકંઠ વર્ણીની અલૌકિક પ્રશાંત મુખમુદ્રા, મસ્તક પર મુગટની જેમ ઝગમગતી શોભતી મંજુલ કેશની જટા ને કૃશ કાયામાંથી ઝરતું અત્યંત તેજ જોઈ

૨. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૫

સૌ પનિહારી બાઈઓને વર્ણીમાં અવતારીપણાની પ્રતીતિ થતી હતી. સૌ પનિહારી બાઈઓને વર્ણીનાં દર્શનનું ઘેલું લાગ્યું હતું. સૌ ટોળે વળી અંદરોઅંદર વાતો કરવા લાગી.

આવા દિવ્ય કિશોરમૂર્તિ મહા યોગી કોણ હશે ? આટલી નાની ઉંમરે આટલું બધું તપ કેમ કર્યું હશે ? તેઓ ક્યાંથી આવ્યા હશે ? વન-વગડામાં કાંટા-કાંકરા, ઝાંખરાંઓમાં કેમ ચાલ્યા હશે ? વસ્ત્ર પહેર્યા વિના શીત-ઉષ્ણ અને વરસતી વરસાદી ધારાઓથી કેવી રીતે રક્ષાયા હશે ? ને આજે અહીં શા માટે પધાર્યા છે ?

આવા મહા યોગી તો પ્રથમ વાર જ આ ગામમાં આવ્યા છે ! અરે... આ ગામમાં જ પ્રથમ વાર નહિ, આ બ્રહ્માંડમાં જ પ્રથમ વાર પધાર્યા હોય એવા કોઈ દિવ્ય અલૌકિક મૂર્તિ છે આ તો !! એમ વાતો કરતાં કરતાં પનિહારીઓ વર્ણીના દિવ્યાનંદમાં ડૂબી ગઈ હતી. પનિહારી બાઈઓના વાતોના કોલાહલથી વર્ણીને કોઈ વિક્ષેપ ન થયો. એમણે નેત્રો ખોલ્યાં નહીં.

થોડી વારમાં લોજના સદ્. રામાનંદ સ્વામીના આશ્રમમાંથી એક સંત ત્યાં વાવ પર નાહવા માટે આવી રહ્યા હતા. તેથી પનિહારી બાઈઓ ત્યાંથી દૂર ખસી ગઈ અને આવેલ સંતને જવા રસ્તો કરી આપ્યો.

## નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીના આશ્રમમાં

લોજ ગામને વિષે સદ્. રામાનંદ સ્વામી સદાવ્રત આપતા હતા. અહીં તેમનો નાનકડો સુંદર આશ્રમ હતો. તેમાં આશરે પચાસ જેટલા સદ્ગુણી સાધુ મુક્તાનંદ સ્વામી, સુખાનંદ સ્વામી આદિક રહેતા હતા.

સદ્. રામાનંદ સ્વામીના આ સંતો ઉત્તમ ચરિત્રાયુક્ત, ગુણેયુક્ત ને સાધુતાયુક્ત હતા. તેમાંના એક સુખાનંદ નામના સાધુ સવારે સ્નાન કરવા માટે વાવ પર આવ્યા. તેમની દૃષ્ટિ પણ વર્ણી સામે અકારણ આકર્ષાઈ. સુખાનંદ સ્વામી વર્ણીનાં દર્શન કરવા સમીપે ગયા. તેમના અંતરમાં ટાઢું ટાઢું થવા માંડ્યું. ક્યારેય નહિ અનુભવેલી એવી અપરિમિત શાશ્વત શાંતિનો, સુખનો અનુભવ થવા માંડ્યો.

'અહો ! જેનાં દર્શને આટલી શાંતિ થઈ એ બ્રહ્મચારી કેવા હશે ? કોણ હશે ?' આમ અનેક પ્રશ્નોથી એમનું મન ઘોળાવા લાગ્યું. તેઓ વર્ણી તરફ ખેંચાયા. સમીપે ગયા, પ્રણામ કરી ધ્યાનમાંથી જગાડ્યા.

વર્ણીએ તેજસ્વી નેત્રકમળ ખોલ્યાં. વર્ણીની દિવ્ય દૃષ્ટિનો સ્રોત નેત્રોમાંથી બહાર નીકળ્યો. સુખાનંદ સ્વામી તેનાથી વીંધાઈ ગયા. દિવ્ય સુખનો શેરડો જીવ સોંસરવો નીકળી ગયો એવું સુખાનંદ સ્વામીએ અનુભવ્યું. થોડી વાર અવાચક બનેલા સુખાનંદ સ્વામીએ પૂછ્યું, “હે વર્ણીરાજ ! આપ ક્યાંથી આવ્યા છો ? ક્યાં જવું છે ? અને આપ દિવ્ય મૂર્તિનાં માતાપિતા કોણ છે ?”

નીલકંઠ વર્ણીએ મધુર વચને ઉત્તર વાળ્યો, “સ્વામીજી ! બ્રહ્મપુરથી આવ્યો છું, બ્રહ્મપુર જાવું છે અને ત્યાં પહોંચાડે એ જ ખરાં માબાપ છે.”

સુખાનંદ સ્વામી તો જવાબ સાંભળી આભા જ બની ગયા. આટલી નાની વયના વર્ણીની સમજણ, જ્ઞાન, એમની બોલવાની દૃઢતા પરથી લાગ્યું કે એમનું લક્ષ્ય અદ્‌ભુત છે.

સુખાનંદ સ્વામીને થયું... ‘આ કોઈ મહાયોગી પુરુષ છે. આપણા આશ્રમમાં શોભે એવા છે. જો વર્ણી આશ્રમમાં આવશે તો સદ્. રામાનંદ સ્વામીના શિષ્યોમાં એ ઉત્તમ ઘરેણું બની શકે એવા છે.’ સુખાનંદ સ્વામીને ઉત્તમ તક હાથ આવી હોય એમ વિચાર્યું કે, ‘વર્ણીને અહીંથી જવા ન દેવાય. આપણા આશ્રમમાં રોકી જ લેવાય.’ એટલે વર્ણીને કહ્યું, “વર્ણીરાજ ! આપ અહીં વિરાજો છો તો આપ અમારા આશ્રમમાં આવવા કૃપા ન કરો ?” વર્ણીએ પૂછ્યું, “આપ કોના સાધુ છો ? આપના ગુરુ કોણ છે ? તેમજ ક્યાં રહો છો ?”

સુખાનંદ સ્વામીએ વિનયપૂર્ણ જવાબ આપતાં કહ્યું, “વર્ણી ! અમે સદ્. રામાનંદ સ્વામીના શિષ્ય છીએ. સદ્. રામાનંદ સ્વામીનો અહીં આશ્રમ છે. ત્યાં અમે બધા સાધુઓ ભેગા રહી ભજન-ભક્તિ કરીએ છીએ. ને અમે રામાનંદ સ્વામીને ભગવાન માનીએ છીએ. અમારા વડીલ સંત સાધુતાની મૂર્તિ સમા સદ્. મુક્તાનંદ સ્વામીને આપ મળો તો એમને ખૂબ આનંદ થશે. માટે આપ અમારા આશ્રમમાં પધારો.”

વર્ણીએ કહ્યું,

“ત્યારે વર્ણી બોલ્યા એમ વાણ, તમે સાંભળો સંત સુજાણ;
શહેર પુર નગર ને ગામ, અમે જાતા નથી કેને ધામ,
ફર્યા વિષમ વન સઘળે, રહેતા નિત્ય નવા તરુ તળે.”[3]

“હું ક્યાંય કોઈ ગામમાં જવાનું તેમજ રહેવાનું ટાળતો હોઉં છું. ભિક્ષા લેવા

૩. ભક્તચિંતામણિ : પ્રકરણ-૩૯

જવા પૂરતો જ ગામમાં જઉં છું. અને જો કાંઈ ન મળે તો ઉપવાસ કરું છું. પણ ફરી વાર ગામમાં જતો નથી.''

ત્યારે સુખાનંદ સ્વામી સ્નાન કરી પાણીનું દેગડું ભરી લઈને આશ્રમમાં પરત ગયા. સદ્. મુક્તાનંદ સ્વામીને વાત કરી કે, ''સ્વામી, વાવને કિનારે એક બ્રહ્મચારીજી પધાર્યા છે. ઉંમર ઘણી નાની છે પણ તપની પરાકાષ્ઠા એટલી હદ સુધી છે કે શરીરમાં નાડીઓ સ્પષ્ટ દેખાય છે. તેઓના મુખ અને જટામાંથી તેજ ઝળકી રહ્યું છે. જો આપની આજ્ઞા હોય તો આ બ્રહ્મચારીને આગ્રહ કરીને અહીં તેડી લાવું ?''

ત્યારે સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''હા સ્વામી, એવા તપસ્વી જોગી હોય તો જરૂર અહીં તેડી લાવો ને તેઓ અહીં ન આવે તો આપણે તેઓનાં દર્શન કરવા જઈશું.'' સદ્. સુખાનંદ સ્વામીએ તો ફરીથી વાવની વાટ પકડી અને રસ્તે ચાલતાં વિચારતા જાય, 'પ્રથમ વાર તો મોટા સંતની આજ્ઞા ન હતી એટલે બહુ આગ્રહ કર્યો નહિ પણ હવે તો સ્વામીએ સંમતિ આપી એટલે આ જોગીને આશ્રમમાં લઈ જ જવા છે.'

વાવે પહોંચ્યા ત્યારે સુખાનંદ સ્વામીએ વર્ણીને ફરીથી પ્રાર્થના કરી, ''અમારો આશ્રમ ગામથી અલગ છે. સારું એવું એકાંત છે ને સત્ત્વગુણી વાતાવરણ છે. બધી જ રીતે આપને અનુકૂળ થશે. માટે આપ કૃપા કરીને પધારો.''

સ્વામીનો આગ્રહ જોઈ વર્ણીએ છેલ્લે પૂછ્યું, ''સ્વામી ! મારા પ્રશ્નનો ઉત્તર આપી શકશો ? આપના ઉત્તરથી મને સંતોષ થશે તો હું જરૂર આશ્રમમાં આવીશ.''

સુખાનંદ સ્વામીએ વિચાર્યું, 'વર્ણી સહેલાઈથી આશ્રમમાં આવે એવા નથી. પરંતુ આ પ્રશ્નના ઉત્તર લેવા અવશ્ય તેઓ આવશે.' તેથી અહીં તેનો ઉત્તર આપવો ઉચિત ન લાગતાં સુખાનંદ સ્વામીએ કહ્યું, ''હે વર્ણી ! આપ અમારા આશ્રમમાં પધારો. અહીં સદ્. રામાનંદ સ્વામીના મુખ્ય શિષ્ય સદ્. મુક્તાનંદ સ્વામી છે. તેઓ આપ જેવા મહાન તેજસ્વી તપસ્વીનાં દર્શન ઝંખતા હોય છે અને બહુ સમર્થ છે. માટે આપ જો આશ્રમમાં પધારો તો એ જરૂર તમારા પ્રશ્નનો ઉત્તર કરશે.''

વળી, સુખાનંદ સ્વામીએ ફરી કહ્યું, ''વર્ણીરાજ ! આપ નહિ પધારો તો સદ્. મુક્તાનંદ સ્વામીને પગે વાળો ફૂટ્યો છે તેની પીડાના કારણે તાવ આવે છે.

એવી બીમાર અવસ્થામાં પણ આપને તેડવા અહીં આવશે.'' સુખાનંદ સ્વામીની સદ્. મુક્તાનંદ સ્વામી પરત્વેની સ્વીકૃતિ ભાવના, વિનય-મર્યાદા તથા સાધુતાની મહેક વર્ણીના અંતરમાં સ્પર્શી ગઈ. તેઓ જ્યારે સમગ્ર ભારત વર્ષને પોતાના દિવ્ય ચરણથી પાવન કરતા હતા તે વખતે અનેક સંત-મહાત્માનો ભેટો તેઓને થયો હતો પણ સદ્. રામાનંદ સ્વામીના સંતોની અજોડ સાધુતા અને પરસ્પરની દિવ્યભાવની દૃઢતા જ વર્ણીરાજને તેઓના આશ્રમ ભણી પ્રયાણ કરવા પ્રેરતી હતી.

નીલકંઠ વર્ણી આશ્રમમાં જવા માટે રાજી થયા. તેમણે આસન પરથી ઊભા થઈ સુખાનંદ સ્વામી સાથે આશ્રમ તરફ પ્રયાણ કર્યું. વર્ણીના સાત સાત વર્ષથી અવિરત ચાલતા ચરણને આજનું ચાલવું અનોખું લાગતું હતું કેમ કે આજનું એમનું અંતિમ પ્રયાણ હતું. એમ ધીરે તથા અલૌકિક ચાલે વર્ણી ચાલતા હતા. લોજની વાવથી લોજના આશ્રમ સુધીનો પંથ એ એમનો છેલ્લો પંથ બની રહેવાનો હતો. આશ્રમમાં પહોંચતાં જ તેમના વિચરણનો અંત આવી જવાનો હતો.

નીલકંઠ વર્ણી આશ્રમમાં પહોંચ્યા. સુખાનંદ સ્વામીના હૈયે હર્ષ સમાતો નહોતો કેમ કે અલૌકિક વર્ણીને તેઓ લઈ આવ્યા હતા. જેવા વર્ણી આશ્રમમાં પહોંચ્યા ત્યાં જ મુક્તાનંદ સ્વામીનાં દર્શન થયાં. સૌમ્ય ને શાંત મૂર્તિ. તેજસ્વી, ગૌરવર્ણ મુખારવિંદ, આંખોમાં અપાર કરુણા ને માતૃવાત્સલ્યના ભાવો અને પ્રેમથી ભીંજવતી વાણીની મધુરતા, અપાર વિનમ્રતા અને સાધુતાની મૂર્તિ ને પ્રખર બ્રહ્મચર્યનિષ્ઠ એવા મુક્તાનંદ સ્વામીને નિહાળતાં જ વર્ણી રાજી રાજી થઈ ગયા. તેઓ જેવા સાધુનાં દર્શન ઇચ્છતા હતા, જેવી સાધુતાના એમના સંકલ્પો હતા તે સઘળાં દર્શન મુક્તાનંદ સ્વામીમાં એમને થયાં.

વર્ણીના અંતરથી શબ્દો સરી પડ્યા :

''આવા સંતોને શોધવા કાજ, વનોવન ફરું છું હું આજ,
જેનાં દર્શન સુખ થાય, દર્શન કરતાં આંસુ આવ્યાં આંખમાંય.''

મુક્તાનંદ સ્વામીએ વર્ણીનાં દર્શન કર્યાં. વર્ણીની અલૌકિક છટા, બૃહત વૈરાગ્યમૂર્તિ તેમજ પ્રભાવક દૃષ્ટિથી મુક્તાનંદ સ્વામીને પણ થયું કે આપણા આશ્રમમાં કોઈ અલૌકિકતા પધારી છે. તેમણે સુખાનંદ સ્વામીને વર્ણીને બેસવા માટે આસન લાવવાનો ઈશારો કર્યો. સુખાનંદ સ્વામીએ કામળી લાવી પાથરી આપી. નીલકંઠ વર્ણીએ હાથથી તે કામળીને ખસેડી નાખી ને બોલ્યા, ''પચાસ

કરોડ જોજન કી ચટાઈ બિછવાઈ હૈ તો કામળી કા કહાં કામ હૈ સાધુરામ !!" એમ કહી તેઓ નીચે જમીન પર જ બેસી ગયા.

વર્ણીનું આવું વિરક્ત અંગ જોઈ મુક્તાનંદ સ્વામીના અંગમાં આનંદ ઉછરંગ થવા માંડ્યો. અન્ય સંતો પણ તુરત ત્યાં ખેંચાઈને વર્ણીની આસપાસ વીંટળાઈ વળ્યા. સંતોના વૃંદની નાનીશી સભા ઘડીકમાં ગોઠવાઈ ગઈ. વર્ણીએ સહુના ચિત્ત ચોરી લીધાં હોય એમ એકચિત્તે અને એકદૃષ્ટિએ વર્ણીનાં દર્શનનું પાન કરવા સ્થિર બેસી ગયા. વર્ણીને પણ આ મુક્તાનંદ સ્વામી તથા એમના સંતોનાં વર્તમાન જોઈ આનંદ આનંદ થઈ રહ્યો હતો. સંતોને પણ પોતાના જીવનું જીવન મળી ગયું હોય એમ અંતરમાં આનંદના ઊભરા આવતા હતા. પછી મુક્તાનંદ સ્વામીએ આ લોકની રીતે વર્ણીના કુશળ પૂછ્યા.

પછી વર્ણીએ મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યા, "જીવ, માયા, ઈશ્વર, બ્રહ્મ અને પરબ્રહ્મ આ પાંચેયનાં રૂપ કહી બતાવો." એટલે નમ્રતાની મૂર્તિ સમા મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "આ પાંચેય તત્ત્વનાં રૂપ મારે સમજવામાં આવ્યાં છે તે પ્રમાણે અવશ્ય કરીશ. પરંતુ તેના યથાર્થ ઉત્તર તો અમારા ગુરુ રામાનંદ સ્વામી છે તે જ જાણે છે ને તે જ કરશે." વર્ણીએ કહ્યું, "તમે જેમ સમજતા હોય તેમ કહો. અમે તેનું શ્રવણ કરીશું."

મુક્તાનંદ સ્વામીએ પાંચેયના ખૂબ સરળ અર્થ કર્યા. નીલકંઠ વર્ણી મુક્તાનંદ સ્વામીએ આપેલા જવાબથી ખૂબ રાજી થયા. તેમણે કહ્યું પણ ખરું, "મુક્તાનંદજી ! આ પ્રશ્ન મેં ઘણાંક સ્થળને વિષે ઘણાને પૂછ્યો હતો. મને ક્યાંય સંતોષજનક ઉત્તર મળ્યો ન હતો. આજે આપના ઉત્તરથી મને સંતોષ ને આનંદ થયો છે. આપ જ્ઞાની છો. વિનમ્ર ને વિવેકી પણ છો. ને સાધુતાયુક્ત-ધર્મયુક્ત પણ છો. આ તમામ ગુણો જે હું મારા વિચરણ દરમ્યાન ઝંખતો હતો તે તમામ મને અહીં દૃશ્યમાન થયા છે.

વળી, સદ્. રામાનંદ સ્વામીની કૃપાથી આપ સૌ સંતોમાં વાણી-વર્તનની સામ્યતા તથા વિશુદ્ધ સમજણનાં દર્શન થાય છે. આપ સૌ નાના-મોટાની મર્યાદા રાખો છો, આળસ-પ્રમાદથી અલિપ્ત છો. વળી એકબીજાની મુક્ત કંઠે પ્રશંસા કરી શકો છો તે જોઈ અમને અંતરમાં આનંદ થાય છે. આપનું આવું વર્તન, પરસ્પરનો સ્નેહ તથા સંપ જોઈને તમારા ગુરુ સદ્. રામાનંદ સ્વામીની મોટાઈનો અંદાજ આવે છે. જેમ ફૂલવાડી જોઈને માળીની કુશળતા પરખાઈ જાય."

સામે સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "હે વર્ણીરાજ ! અમે ઘણા યોગીઓ જોયા છે પણ આપના જેવા તો આપ એક જ જણાવ છો. આપનાં દર્શન, વાણી તથા પૂછેલા પ્રશ્નો જ આપની મહાનતા સૂચવે છે. અનંત જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય તેને જ આપની પ્રાપ્તિ થાય. આપના આગમનનો પ્રતાપ જુઓ ! આપ જ્યારથી આશ્રમમાં પધાર્યા છો ત્યારથી અમારી ચિત્તવૃત્તિ સ્થિર થઈ ગઈ છે !"

આ રીતે પરસ્પરના ગુણાનુવાદ કરતાં સૌનાં નેત્ર સજળ થઈ ગયાં. તકને ઝડપી લેતાં સદ્. મુક્તાનંદ સ્વામીએ વર્ણીને પ્રાર્થના કરી, "હે વર્ણીરાજ, આપ અમારી સાથે આ આશ્રમમાં સુખેથી રહો અને આપના જેવી તપશ્ચર્યા, અષ્ટાંગ યોગ તથા આત્મનિષ્ઠાના પાઠ શીખવો."

## વર્ણીરાજ ઠરીઠામ થયા

નીલકંઠ વર્ણીએ રામાનંદ સ્વામીના આશ્રમમાં જોયું કે, આ રામાનંદ સ્વામીના સર્વે સંતો સત્ત્વગુણી, શુદ્ધ અને પવિત્ર છે. કોઈ વાસના નથી. અખંડ ભગવાનની ભક્તિ કરવાવાળા છે. બ્રહ્મચર્યયુક્ત છે. તેઓ નિર્માની ને નિષ્કામી પણ છે. માટે રામાનંદ સ્વામી ન પધારે ત્યાં સુધી અહીં રહેવું. તેથી તેમણે મુક્તાનંદ સ્વામીની વિનંતીનો સ્વીકાર કરી કહ્યું જે, "મુક્તાનંદજી ! આપને જાણીને આશ્ચર્ય તેમજ આનંદ પણ થશે કે અમારા પિતા ધર્મપિતા પણ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. માટે અમને પણ રામાનંદ સ્વામીનાં દર્શન-સમાગમની ખૂબ ઝંખના છે. માટે ત્યાં સુધી તો અમે જરૂર અહીં મુકામ કરીશું."

વર્ણીએ હવે વિચાર્યું કે, 'મારે અહીં જ રહેવું જોઈએ ને આ સ્થાન જ મારા વિચરણનો અંત છે. મારે હવે ક્યાં સુધી વિચર્યા કરવું ? જે હેતુ માટે અમે પ્રગટ્યા છીએ, જે હેતુ માટે વિચરણ હતું, જે હેતુથી અમે અહીં આવ્યા છીએ તે હેતુ હવે સિદ્ધ કરવો જ જોઈએ ને તેથી વિચરણનો અહીં અંત લાવવો જોઈએ. ને અહીં ઠરીઠામ થવું જોઈએ.' એમ નિશ્ચય કરી લીધો.

વિચારમગ્ન બનેલા નીલકંઠ વર્ણીને સદ્. મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "વર્ણીરાજ, અમને આપનું થોડું વૃત્તાંત જાણવાની ઇચ્છા છે. માટે આપ અમને કૃપા કરી આપનું જીવનવૃત્તાંત કહેશો ?" નીલકંઠ વર્ણીએ ટૂંકમાં પોતાનું વૃત્તાંત કહી પછી કહ્યું, "સ્વામી, આપ જેવા સદાચારી, ધર્મશીલ તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યાદિક

સંત મંડળની રચના જેઓએ કરી છે એવા સદ્. રામાનંદ સ્વામીનું જીવનવૃત્તાંત જણાવવા કૃપા કરશો.''

સદ્. મુક્તાનંદ સ્વામીએ વર્ણીરાજને કહ્યું, ''સદ્. રામાનંદ સ્વામીનું પ્રાગટ્ય સંવત ૧૭૯૫માં જન્માષ્ટમીને (શ્રાવણ વદ આઠમને) દિવસે અયોધ્યાપુરીમાં પિતા અજય થકી માતા સુમતિને કૂખે થયું હતું. તેઓનું પૂર્વાશ્રમનું નામ રામશર્મા હતું. રામશર્મા નાની વયમાં જ પૂર્વ સંસ્કારને યોગે પરમાત્માને પામવા અતિ વ્યાકુળ બન્યા તેથી માત્ર આઠ વર્ષની વયે જ રામશર્મા વિદ્યા ભણતરના બહાને ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી ચાલી નીસર્યા.

અનેક તીર્થોની યાત્રા કરતાં સૌરાષ્ટ્રના (સોરઠના) તળાજા ગામે રામશર્માને સદ્. આત્માનંદ સ્વામીનો ભેટો થયો. તેઓને સાચા સંત માની રામશર્માએ તેમની પાસેથી દીક્ષા લઈ 'રામાનંદ સ્વામી' નામ ધારણ કર્યું.

પછી તો સદ્. આત્માનંદ સ્વામીના જોગ-સમાગમમાં ભગવાનના સ્વરૂપનું નિરાકાર પ્રતિપાદન થતાં સદ્. રામાનંદ સ્વામીને ખૂબ દુઃખ થયું. સાકાર સ્વરૂપ એવા ભગવાનને નિરાકાર કેવી રીતે સમજવા ? વળી, સ્વયં શિષ્ય થઈ સદ્. આત્માનંદ સ્વામીની નિરાકારપણાની સમજણ પણ કેવી રીતે બદલાવી શકે ? તેથી સદ્. રામાનંદ સ્વામી સદ્. આત્માનંદ સ્વામીનો ત્યાગ કરી તીર્થયાત્રામાં વિચરણ કરવા નીકળી ગયા. સ્વામીને વિચરણ કરતાં અંતરમાં એક જ ઈચ્છા રહેતી કે, 'મને સાકાર સ્વરૂપના પ્રતિપાદક કોઈ સત્ય સદ્ગુરુ સંતની પ્રાપ્તિ થઈ જાય.' તેઓ ફરતાં ફરતાં અંતે શ્રીરંગક્ષેત્રમાં આવ્યા અને ત્યાં સ્વપ્નમાં શ્રી રામાનુજાચાર્યે રામાનંદ સ્વામીને દીક્ષા આપી. સાથે જનોઈ અને તિલક આપી કહ્યું, ''હે મુને, તમો એક સ્વધર્મ, બીજી પ્રેમલક્ષણાયુક્ત નવધા ભગવદ્ ભક્તિ, ત્રીજું ભગવાનના ભક્તોનો સમાગમ, ચોથું વિષયોના રાગથી ઈન્દ્રિયોની વૃત્તિ પાછી વાળી રાખવી - આ ચાર સાધન કર્યા કરજો. આ પ્રમાણે કરવાથી તમોને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થશે. વળી અમારી આજ્ઞાથી તમે આજ પછી તમારા શરણે આવેલા મુમુક્ષુજનોને દીક્ષા આપી જોગ-સમાગમ કરાવજો અને નૂતન સંપ્રદાયની સ્થાપના કરજો.''

પછી તો અનેક જનનાં આત્મિક શ્રેય કાજે સદ્. રામાનંદ સ્વામીએ સોરઠ દેશમાં આવી ઉદ્ધવ સંપ્રદાયની સ્થાપના કરી અને સૌપ્રથમ આ લોજ આશ્રમની સ્થાપના કરી.

પછી તો સંવત ૧૮૩૦માં સહાત્રા ગામે સદ્. રામાનંદ સ્વામીને ફરીથી સદ્. આત્માનંદ સ્વામીનો ભેટો થઈ ગયો. ત્યારે રામાનંદ સ્વામીએ શાસ્ત્રોક્ત ચર્ચા કરી વિશિષ્ટાદ્વૈત મતનું તથા ભગવાનના સાકાર સ્વરૂપનું પ્રતિપાદન કરી આત્માનંદ સ્વામીની નિરાકારપણાની સમજણ ફેરવાવી દીધી.

અંતે સદ્. આત્માનંદ સ્વામીએ ખૂબ રાજી થઈ કહ્યું, "હે રામાનંદ સ્વામી ! હવે મારો દેહ વૃદ્ધ થયો છે તો આપે કૃપા કરી મારી સમજણમાં જે ભૂલ હતી તે સુધારી પણ મારા શિષ્યોમાં સાહજિકતાથી નિરાકારવાદીની જ સમજણ દૃઢ થયેલી હશે તે તમે સુધારજો." એમ કહી પોતાના તમામ શિષ્યોને સદ્. રામાનંદ સ્વામીને સોંપી દીધા. પોતે પાંચ વર્ષ સદ્. રામાનંદ સ્વામી સાથે સોરઠ દેશમાં વિચર્યા અને સંવત ૧૮૩૬ના ચૈત્ર મહિનામાં સદ્. આત્માનંદ સ્વામીએ રામપુરા ગામે દેહત્યાગ કર્યો.

હે યોગીરાજ ! આપે પૂછ્યું એટલે અમે સદ્. રામાનંદ સ્વામીનું જીવનવૃત્તાંત કહ્યું પરંતુ તમોને જ્યારે તેઓનો પ્રત્યક્ષ ભેટો થશે ત્યારે તમને તેઓની યથાર્થ અનુભૂતિ થશે." પછી તો સદ્. મુક્તાનંદ સ્વામીએ ભંડારુ સંભાળતા સંતને કહ્યું, "આજે આ યોગીરાજ આપણા અતિથિ છે. વળી, ઘણા સમયથી ઉગ્ર તપ કરી શરીરને સૂકવી નાખ્યું છે માટે આજે તેઓ માટે સાકરનો શીરો બનાવો." સંતોએ તો હાથોહાથ તત્કાળ સાકરનો શીરો બનાવ્યો. સાથે અન્ય ભોજનની વ્યવસ્થા પણ કરી. પછી તો ઠાકોરજીને ભોગ ધરાવી સહુ સંતો સાથે જમવા બેઠા. વર્ણીને આગ્રહ કરી કરીને પીરસતા સૌ સંતોના હૈયામાં આનંદનો મહાસાગર ઊમટ્યો હતો.

સદ્. રામાનંદ સ્વામીએ પૂર્ણ પુરુષોત્તમનારાયણના આગમન માટે જ અનેક જગ્યાએ સદાવ્રતો બંધાવ્યાં હતાં. તેઓને વિશ્વાસ હતો કે ક્યારેક તો અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ આ સદાવ્રતમાં ભોજન ગ્રહણ કરવા આવશે. આજે સદ્. રામાનંદ સ્વામીનો સંકલ્પ પૂર્ણ થયો.

આત્યંતિક મોક્ષનું મીઠું ઝરણું છપૈયા ગામમાં પ્રગટ્યું. અયોધ્યાથી આ મોક્ષ સરિતાએ વહેવું શરૂ કર્યું. ત્યાંથી નીકળી સમગ્ર ઉત્તર ભારત-હિમાલયનાં ગાઢ જંગલો, પર્વતોને પસાર કરતાં, નેપાળ પ્રદેશમાં મોક્ષની સંજીવની વેરતાં, પૂર્વ ભારત કહેતાં બંગાળ પ્રદેશમાં થઈ કન્યાકુમારીથી વહી દક્ષિણ ભારતને પાવન કરતાં પશ્ચિમ ભારત કહેતાં ગુજરાત પ્રદેશમાં પ્રવેશ લીધો. સોરઠ પ્રદેશના

નાનકડા એવા લોજપુર ગામની વાવ પર આવીને એ મોક્ષ સરિતા અટકી.

સાત વર્ષની એ વણથંભી અવિરત સફર હતી. અનેક વનો, પર્વતો, જંગલો, ગીચ ઝાડીઓ, સમુદ્રો, ખીણો, અનેક મુમુક્ષુઓ, અનેક તીર્થો, નદીઓ, તળાવો, ભૂત-પિશાચ, ડાકણો, અસુરો, યોગીઓ, ધ્યાનીઓ, તપીઓ, ઉપવાસીઓ, વ્રતધારીઓ, રાજાઓ, રજવાડાંઓને પોતાની મૂર્તિના અભયદાનથી સંતૃપ્ત કરી, અનેક ઠેકાણે પોતાના ભવ્ય કારણ સત્સંગના સંકલ્પોનાં બી વાવી, અનેકને મોક્ષસરિતાનું આચમન કરાવી સાત વર્ષ, અગિયાર માસ ને એક દિવસના અંતે લોજપુર ગામે એ સફર આવી પહોંચી.

સરિતા સાગરમાં સમાઈ જાય છે તેનું કારણ એ છે કે તે સાગરમાં સમાવવા સર્જાઈ હોય છે. સરિતાનો અંતિમ પડાવ, વિરામસ્થાન, તેની પૂર્ણતા સાગરમાં સમાવવાથી છે. પણ આ મોક્ષસરિતાને કયો સાગર સમાવી શકે તેમ હતો ! એ સરિતા અહીં સમાવવા માટે નહિ, અહીંથી હવે અનેક જીવોને પોતાની મૂર્તિમાં સમાવવા માટે સરિતા મટી સાગર બનવાની હતી. અને તેથી જ તેઓ અહીં અટક્યા હતા.

## લોજ મુકામે વર્ણીરાજની દિવ્ય સેવામય દિનચર્યા

અનંતકોટિ બ્રહ્માંડોને જેઓ પોતાના તેજની એક કિરણમાં ધરતા હોય એવા પુરુષોત્તમનારાયણે એક મુમુક્ષુ બની સદ્. મુક્તાનંદ સ્વામીને બે હસ્ત જોડી પ્રાર્થના કરી, “હે સ્વામી, આપે અમને આપના આશ્રમમાં સ્વીકાર્યા એ બદલ આપનો ખૂબ આભાર. હવે આપ મારું હિત થાય, આપ તથા સર્વે સંતોને હું કેવી રીતે રાજી કરી શકું ? તેવા શિક્ષાનાં વચન કૃપા કરીને કહો. મારા સ્વભાવ, રીત-રસમથી કોઈ સંતો-ભક્તો દુખાય-દુભાય, તકલીફ વેઠવી પડે તો મને વિના સંકોચે રોકટોક કરજો. હું જરૂર તેમાં સુધારો કરીશ. બસ, મને સત્વરે ગુરુ શ્રી રામાનંદ સ્વામીનાં દર્શન થાય તેવી કૃપા વહાવશો.”

અનંતના પ્રાણાધારનું વર્તન કેટલું નિર્માની અને સહજ હતું. સદ્. મુક્તાનંદ સ્વામી પણ વર્ણીરાજનાં આવા દિવ્ય દાસત્વ વચનો સુણી અતિ પ્રભાવિત થયા. સ્વયં વર્ણીરાજ તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, સમજણનું સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ હતા છતાં તેઓ આટલી હદ સુધી નિર્માની, સહજ અને સરળ હશે એવી કલ્પના તો કદાચિત્ મુક્તાનંદ સ્વામીને પણ નહિ હોય.

સદ્. મુક્તાનંદ સ્વામીએ નિધડકપણે વર્ણીરાજને કહ્યું, “હે નીલકંઠ વર્ણી ! ગુરુ શ્રી રામાનંદ સ્વામી અત્યારે ભૂજનગર બિરાજે છે. તેઓ બે-ત્રણ માસ બાદ જરૂર અહીં પધારશે. ત્યાં સુધી આપ અમારા વચનમાં સર્વે પ્રકારે વિશ્વાસ રાખી અહીંના સંતોની સાથે તેઓની જેમ નિવાસ કરીને રહો.”

સદ્. મુક્તાનંદ સ્વામીની આજ્ઞા શિરોવંદ્ય કરી વર્ણીશ્રી સૌ સંતો સાથે દૂધમાં સાકર ભળે તેમ એકરસ થઈ રહેવા લાગ્યા. જેમ સંતો કહે તેમ વિવિધ પ્રકારની સેવા કરતા. પત્રાવળી બનાવવા માટે ખાખરાનાં પાન લાવતા, સદાવ્રત માટે પડિયા બનાવતા, રસોઈ બનાવવા સૂકાં લાકડાં કાપવા જતા. છાણા વીણી થાપતા, વાવેથી જળ ભરી લાવતા, રસોઈ માટે અનાજ સાફ કરતા, વાસણો સાફ કરતા. આશ્રમમાં રહેતા સહુ સંતો તથા બ્રહ્મચારીઓની ખૂબ ભાવથી સેવા કરતા, આશ્રમમાં બીમાર સંતની રુચિ મુજબ રસોઈ બનાવી આપતા. અંતર્યામી વર્ણી રોગ પારખી તે મુજબ દવા પણ બનાવી આપતા. બીમાર સંતોની દૈહિક સેવા કરવી, વસ્ત્રો ધોવાં તથા ગરમ પાણીથી સ્નાન કરાવવામાં વર્ણીરાજને અનેરો ઉત્સાહ-ઉમંગ વર્તતો. સર્વે આશ્રમવાસી સંતો વર્ણીરાજની આવી સેવાઓથી ખૂબ સંતોષ અનુભવતા.

અધ્યાત્મ માર્ગે આગળ ધપતા સાધકમાત્રનું જીવન કેવું હોવું જોઈએ તેની દિશા સ્વયં પુરુષોત્તમનારાયણે આ લોજ આશ્રમમાં કંડારી છે. સાધકમાત્રએ સદ્ગુરુ સંત આગળ કેવી રીતે ગરજુ બની, સમર્પિત થઈને રહેવું જોઈએ ? વળી, સંતો-ભક્તો આગળ કેવા નિખાલસ, નિષ્કપટ અને સરળ બનીને રહેવું જોઈએ ? નિયમ-ધર્મની અડગતા તથા તપપરાયણ જીવન કેવું જોઈએ ? આ સર્વે દિવ્ય ગુણોનાં દર્શન વર્ણીરાજના જીવનમાં લોજ આશ્રમ નિવાસ દરમ્યાન સહેજે થતાં.

સાત વર્ષ સુધી શ્રી વર્ણીરાજ અલમસ્ત થકા નિર્ભીતપણે સમગ્ર ભારતવર્ષ ફર્યા પણ લોજ આશ્રમમાં પધારી દાસત્વભાવ, ક્ષમા, ઉદારતા, સમૂહજીવનની રુચિ આદિક સદ્ગુણોનાં મૂર્તિમાન દર્શન વર્ણીરાજમાં થતાં સદ્. મુક્તાનંદ સ્વામી અને સંતો-ભક્તોને તેઓ પ્રતિ અતિ સ્નેહ ઊભરાતો.

## સ્ત્રી-પુરુષોની સભા નોખી કરાવી

મુક્તાનંદ સ્વામીએ વર્ણીને કહ્યું, “શ્રાવણ માસ ચાલી રહ્યો છે. તે નિમિત્તે શ્રાવણ માસની અમે કથા કરીએ છીએ ને સમગ્ર ગામનાં નર-નારીઓ સાંભળવાં

આવે છે. આશ્રમમાં જગ્યાની સાંકડ છે તેથી નજીકમાં જ જીવરાજ શેઠનો ડેલો છે ત્યાં કથા કરીએ છીએ. તો આજે તમે પણ સાથે આવજો.'' વર્ણીએ કહ્યું, ''સારું, અમે કથામાં તમારી સાથે આવીશું.''

મુક્તાનંદ સ્વામી સાથે નીલકંઠ વર્ણી જીવરાજ શેઠના ડેલામાં કથા સાંભળવા પધાર્યા. સભામાં મુક્તાનંદ સ્વામી તથા તેમની બાજુમાં જ નીલકંઠ વર્ણીએ સ્થાન લીધું. ગામમાંથી ધીરે ધીરે ગ્રામજનો, સ્ત્રી-પુરુષો આવવાં લાગ્યાં. જીવરાજ શેઠનો આખો ડેલો સ્ત્રી-પુરુષોની સભાથી ભરાઈ ગયો.

સહુ નીલકંઠ વર્ણીનાં પ્રથમ વાર દર્શન કરીને આશ્ચર્ય અનુભવતાં હતાં. આ વર્ણી કોણ હશે ? સહુનાં ચિત્ત વર્ણી તરફ આકર્ષાયાં હતાં. મુક્તાનંદ સ્વામીએ કથાનો પ્રારંભ કર્યો. પણ નીલકંઠ વર્ણી સભા સામું જોઈ બેચેન થતા હતા. તેમને સભામાં બેસવામાં અસુખ વર્તતું હતું. આ બેચેની મુક્તાનંદ સ્વામીથી છાની ન રહી શકી પણ તેઓ કશું બોલ્યા નહીં. વારે વારે વર્ણીના ઉદાસ મુખ પર નજર નાખી લેતા.

થોડી વારે સભામાં આશ્રમના બીજા સંતો પણ આવીને બેઠા. વર્ણીએ આ પણ જોયું. તેમને આ ઠીક ન લાગ્યું. બ્રહ્મચર્યના તેઓ પ્રખર હિમાયતી હતા. તેથી તેમની બેચેની વધતી ગઈ. હવે તેમનાથી કહ્યા વગર ન રહેવાયું. ભરસભા મધ્યે જ તેમણે કહ્યું, ''સંતો ! જ્યાં સ્ત્રી-પુરુષોની સભા ભેગી બેસે ત્યાં ત્યાગીનો ધર્મ ના રહે, બ્રહ્મચર્ય વ્રતનો ભંગ થયો કહેવાય. માટે ચાલો પુરુષોની સભા જુદી કરીએ... અમે ત્યાં વાતો કરીશું.'' એમ કહી ઊઠીને વર્ણી બહાર ચાલ્યા ગયા. એમની પાછળ પાછળ સર્વે સાધુ અને પુરુષો પણ ઊઠીને ચાલ્યા અને આશ્રમ પાસે જઈ પુરુષોની સભા અલગ કરી.

સદ્. મુક્તાનંદ સ્વામી આ જોઈ જ રહ્યા. સર્વે પુરુષો વર્ણી સાથે ચાલ્યા ગયા હતા. વર્ણીની મહાનતા, તેમનો આકર્ષક પ્રભાવ, બ્રહ્મચર્યની અતિશે દૃઢતા, સાધુઓને દૃઢ બ્રહ્મચર્યનિષ્ઠ કરવા તથા તેમને સુરક્ષિત રાખવા માટે વર્ણીએ જે દૃઢતા દાખવી તેમજ ધર્મની પાળ બાંધી આપી એ જોઈ સદ્. મુક્તાનંદ સ્વામીને વર્ણી પ્રત્યે અણગમો ન થયો. પોતાની સભાનું આજકાલના આવેલા છોકરાએ અપમાન કર્યું એવું પણ ન લાગ્યું. કેમ કે મુક્તાનંદ સ્વામીને વર્ણીની આકૃતિમાં કોઈ માયિકભાવ નહોતો. સાધુ, યોગી, સંન્યાસીપણાનો ભાવ પણ નહોતો. તેઓને તેમના પ્રત્યે દિવ્યભાવ દૃઢીભૂત થયો હતો. તેથી જ તેઓ ક્ષણના વિલંબ

વગર વર્ણી કહે તેમ કરવા તત્પર થયા.

મુક્તાનંદ સ્વામી પણ બ્રહ્મચર્યની દઢતાના અતિશે આગ્રહી હતા. ને તેમાં સ્ત્રી-પુરુષોની ભેગી સભાની જે કસર હતી, તે વર્ણીએ બતાવતાં તેઓ રાજી થયા હતા. "વર્ણીને જો રાજી કરવા હોય ને તેમને અહીં રાખવા હોય તો એમની આજ્ઞાને આપણે અનુસરવું જ પડશે. આજથી બાઈઓ-ભાઈઓની સભા નોખી થશે." એટલું કહી સભાને છેલ્લા 'જય સ્વામિનારાયણ' કરી મુક્તાનંદ સ્વામી પણ એ સભા છોડી વર્ણીની સભામાં આવ્યા.

વર્ણીને આ બ્રહ્માંડમાં પ્રગટ થઈ જે કાર્ય કરવું હતું તેની શરૂઆત ધર્મની દઢતાથી કરાવી દીધી હતી. પ્રથમ તેમણે સાધુની પવિત્રતા કદી જોખમાય નહિ, તેનું રક્ષણ થાય તે માટેનો પ્રારંભ આજથી જ કરી દીધો હતો.

સાધુનું આભૂષણ તેનું બ્રહ્મચર્ય છે. આધ્યાત્મિક માર્ગની પ્રથમ પવિત્રતા પણ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્ય વગરની આધ્યાત્મિકતા સાવ પોલી છે. ખરી આધ્યાત્મિકતાની શરૂઆત બ્રહ્મચર્યની દઢતા પછીથી જ થાય છે. અને વર્ણીએ પ્રથમ ધડાકે જ તેમાં સુધારો કર્યો ને એ દિવસથી આ સંપ્રદાયમાં એ પ્રથાનું અમલીકરણ શરૂ પણ થઈ ચૂક્યું.

પછી તો નીલકંઠ વર્ણીએ નિષ્કામી વર્તમાનની દઢતાની ઘણી ઘણી વાતો કરી; મંદિરમાં જવાના રસ્તા પણ જુદા કરાવ્યા.

જે માટે વર્ણીનું અવતરણ હતું તે એકાંતિક ધર્મની સ્થાપનાનાં બીજ વર્ણીએ અહીં વાવી દીધાં. જેની દૂરગામી અસર સંપ્રદાય-સમાજ પર ખૂબ પડી હતી.

આ પ્રણાલિકાનું સત્પરિણામ કિશોરલાલ મશરૂવાલાએ નોંધ્યું છે કે...

*"આ પ્રથાનું પરિણામ એ આવ્યું કે જ્યાં સ્વામિનારાયણનાં મંદિરો હોય ત્યાં ત્યાં સ્ત્રીઓ માટે પણ એક જુદું મંદિર કરવાનો રિવાજ પડ્યો. એ મંદિરોમાં કોઈ પણ ત્યાગી સ્ત્રીઓ હોય તો તે રહે, નહિ તો સર્વે સત્સંગી સ્ત્રીઓને ભેગા મળી કથા-કીર્તન અને જ્ઞાનવાર્તા કરવાના સ્થાનક તરીકે એ જગ્યા સચવાય. આવી રીતે સ્ત્રીઓ માટે જેમ દર્શનાદિકની જુદી સગવડ કરનાર તેમ જ્ઞાન મેળવવા સ્વતંત્ર વ્યવસ્થા કરનાર પણ સ્વામિનારાયણ પહેલા જ છે. આમ કરવાથી સ્ત્રીઓને વાંચતાં-લખતાં શીખવાનું આવશ્યક થયું. સ્વામિનારાયણ સંપ્રદાયની ઉચ્ચ જ્ઞાતિની સ્ત્રીઓ અને ખાસ કરીને વિધવા સ્ત્રીઓ બહુધા વાંચી, લખી શકે છે જ."*[૪]

---

**૪.** સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય : કિશોરલાલ મશરૂવાળા

"આ પ્રણાલિકાની ઉપયોગિતા કવિવર ન્હાનાલાલ બતાવતાં કહે છે, *"શ્રીજીએ સાધુ-સત્સંગીઓમાં સત્પ્રણાલિકાઓ સ્થાપી. દેવમંદિરોમાં સદાચરણ પ્રચાર શ્રીજીએ કીધો. ચમક ને લોઢું ભેગાં થાય કે અગ્નિ પ્રગટે એ અનુભવે શ્રીજીએ સ્ત્રી-પુરુષને મંદિર ઘુમ્મટમાંથી અળગાં પાડ્યાં ને સ્પર્શ નિષેધ ઉચ્ચાર્યો. સ્ત્રી-પુરુષનાં દર્શન માર્ગો નિરનિરાળા ને એમનાં મંદિરોયે નિરનિરાળાં કીધાં."*[૫]

*"સહજાનંદ સ્વામીએ સ્ત્રી-પુરુષ વચ્ચેની મર્યાદાઓ ઘણી મજબૂત કરી. પણ એથી સંપ્રદાયની અંદર તો સ્ત્રી જાતિ વધારે સુરક્ષિત બની. એમના પ્રત્યેનો વિનય પણ વધ્યો. સહજાનંદ સ્વામીના નિયમની પાછળ પુરુષોના બ્રહ્મચર્યની રક્ષાની ચિંતા હશે તે કરતાં સ્ત્રીઓના શીલની રક્ષાની વધારે ચિંતા હતી એમ જણાય છે. તે કાળના ધાર્મિક પંથોમાં પેઠેલા સડાઓના અનુભવમાંથી એમનો આ બાબતનો આગ્રહ હતો."*[૬]

## આ દીવાલમાં નહિ, પણ ધર્મમાં ફાંકું છે

નીલકંઠ વર્ણી આશ્રમમાં સૌ સંતો સાથે હળીમળી ગયા હતા. સૌ સંતોને વર્ણી પ્રત્યે ખૂબ આદર ને હેત થવા માંડ્યાં હતાં. સંતોના વડીલ સંત સદ્. મુક્તાનંદ સ્વામી પણ વર્ણી પ્રત્યે વિશેષ સ્નેહ દાખવતા અને વર્ણીને તેઓની આજ્ઞામાં રાખવા કરતાં તેઓ જ વર્ણીની રુચિ-આજ્ઞા પાળવા માટે તત્પરતા દાખવતા હતા.

વર્ણીનો આવો  દિવ્ય પ્રભાવ સૌ પર પ્રસરી ગયો હતો ને વર્ણી પણ જ્યાં, જે સમયે, જે બાબતે રોકવું-ટોકવું તેમજ જ્યાં કહેવું જણાય ત્યાં કહેતા ને સંતોને શુદ્ધ ચારિત્ર્યના, ધર્મના, બ્રહ્મચર્યના પાઠો ભણાવતા. સંતોની ક્રિયા પર દેખરેખ પણ રાખતા ને તેમાં નિધડકપણે કહેતા-ટોકતા પણ ખરા.

એક દિવસ વર્ણીએ જોયું કે, આશ્રમની તથા બાજુના મકાનની વચ્ચે દીવાલ હતી ને તેમાં એક બાકોરું પાડવામાં આવેલ હતું. તે બાકોરા વાટે સંતોને ક્યારેક કશીક લેવડ-દેવડ કરતા જોયા. તેમણે તુરત સંતોને પૂછ્યું, "આ દીવાલમાં બાકોરું શા માટે રાખ્યું છે ?"

નિર્દોષ સંતોએ નિર્દોષતાથી કહ્યું, "બાજુનું મકાન ગૃહસ્થ વાળંદનું છે. ક્યારેક દેતવા ઓલવાઈ ગયો હોય તો ક્યારેક અમારે તો ક્યારેક એમને અરસપરસ

---

**૫.** કવિશ્વર દલપતરામ : લે. કવિ ન્હાનાલાલ

**૬.** સહજાનંદ સ્વામી અથવા સ્વામિનારાયણ સંપ્રદાય : કિશોરલાલ મશરૂવાળા

દેતવાની લેવડ-દેવડ માટે સુગમતા રહે તેથી તે દીવાલમાં ફાંકું રાખ્યું છે.''

વર્ણીએ ફરી પૂછ્યું, ''દેતવાની લેવડ-દેવડ કોની સાથે થાય છે ?''

''ઘરના પુરુષ હોય તો પુરુષ અને જો એ ન હોય તો એમની સ્ત્રી પણ દેતવા માગે અથવા આપે પણ છે.'' એમ સંતોએ કહ્યું.

નીલકંઠ વર્ણીને આ રીત પણ સંતોના ધર્મમાં બાધારૂપ લાગી. સંતો માટે સ્ત્રીઓનો આટલો સંસર્ગ પણ યોગ્ય નથી તેથી તેમણે મુક્તાનંદ સ્વામી તથા સંતોને બોલાવી કહ્યું, ''સંતો ! આ દીવાલમાં ફાંકું નથી પણ ધર્મમાં ફાંકું છે. માટે એ તત્કાળ પુરાવી દો.'' એમ કહી એમણે તત્કાળ એ દીવાલમાં રહેલું બાકોરું પુરાવી દીધું. વર્ણીએ આશ્રમમાં રહી ત્યાગીના ધર્મમાં શુદ્ધિ લાવવા માંડી હતી. આ નૂતન શુદ્ધિની ઊંડી અસર સમાજ પર પડી ને તેથી સંપ્રદાયની છબી ઘણી ઉજ્જ્વળ બની હતી.

વર્ણી પાસેથી આશ્રમના સંતોને સાધુતાની રીત શીખવા મળતી. સ્વયં વર્ણીનું વર્તન જ એટલી ઉચ્ચ કક્ષાનું હતું... જે સહુ સંતોને અનુસરવા પ્રેરણા આપતું ને સૌને તેનો સહજ સ્વીકાર થઈ જતો.

## વર્ણીરાજની ભિક્ષા પ્રવૃત્તિ તથા સદાવ્રત પ્રવૃત્તિ

વર્ણીરાજ સ્વયં પૂર્ણ પુરુષોત્તમનારાયણ હોવા છતાં લોજ આશ્રમમાં રહેતા સંતો સાથે લોજ ગામમાં તથા આજુબાજુના ગામમાં ભિક્ષાવૃત્તિએ જતા. વર્ણીરાજ ભિક્ષાવૃત્તિએ જતા ત્યારે તેઓના ચરણ અડવાણા રહેતા. વળી, જોડેના સંતોને ભિક્ષાનું ધાન ઉપાડવા ન દેતાં સ્વયં ઉપાડતા.

વર્ણીરાજ તથા સંતો ભિક્ષામાંથી જે સીધું આવે તેની રસોઈ બનાવી સદાવ્રતમાં યાત્રાળુને જમાડતા. ઘણી વાર કોઈ હરિભક્ત પાકું સીધું આપે તો ઘઉંના લોટની મોટી-જાડી ભાખરી કરતા, તેને ખાંડણીમાં ખાંડે પછી તેનો ભુક્કો કરી તેમાં ઘી-ગૉળ મેળવીને લાડુ બનાવતા. આ લાડુ સહુ સદાવ્રતમાં આવનારને જમાડતા પણ આશ્રમવાસી સંતો તથા સ્વયં વર્ણીરાજ પણ જેવું તેવું જમી લેતા.

એક વખત કોઈ વૈરાગી મહાત્મા લોજ આશ્રમે સદાવ્રત લેવા આવ્યા. સદાવ્રતનો સમય પૂર્ણ થઈ ગયો હોવાથી સર્વે સંતો વર્ણીરાજની કથા શ્રવણ કરવામાં તલ્લીન હતા. તેથી દરવાજે ઊભેલા વૈરાગીની કોઈએ ખબર ન પૂછી. વૈરાગી મહાત્માને પોતાનું અપમાન થતું હોય તેમ લાગ્યું. તેથી તે ઉચ્ચ સ્વરે

બોલ્યા, "ओ साधुओ, सूनते, देखते हो की ? मैं यहा आपके सदाव्रत के दरवाजे पे कब से खड़ा हूं फिर भी मेरी कोई खबर ले नहीं रहा है। यह सदाव्रत का नाम ही है की कुछ देते भी हो ?"

વર્ણીરાજને થયું, 'સદાવ્રતમાં રસોઈ તો પૂર્ણ થઈ ગઈ છે. હવે આ મહાત્માને પાછા કેમ વળાય ! વળી આ મહાત્મા આવા નિર્દોષ સંતો વિષે નિંદા કરશે કે અભાવ લેશે તો વૈરાગીનું ભૂંડું થશે.' તરત વર્ણીરાજ સભાને વિરામ આપી પરિસ્થિતિને થાળે પાડતાં વૈરાગી જોડે ગયા અને વિનમ્રભાવે કહ્યું, "महात्माजी, आपको रोटी चाहिए ?" ત્યારે મહાત્માજી વળી ઉગ્ર થયા, "इसलिए तो मैं यहा पे आया हूं ।" વર્ણીરાજે કહ્યું, "आप थोडी देर रूको मैं बंदोबस्त करके आता हूं" વર્ણીરાજે અંદર જઈ સાંજ માટે બનાવેલા શીરાનું પતરાળું ભરી મહાત્માજીને આપ્યું. મહાત્માજીએ શીરો જમાડ્યો અને અંતરમાં હાશ અનુભવી. જમાડ્યા બાદ તે તરત વર્ણીરાજના ગુણગાન ગાવા લાગ્યા. "ये बालजोगी बहुत अच्छे है, सभी के वास्ते रास्ते पे सदाव्रत रखा है, इसमें सबका भला होता है ।" આમ બોલતાં બોલતાં મહાત્માજીએ વાટ પકડી.

શ્રી વર્ણીરાજે સમયને પારખી મહાત્માજીને કેવા વાળી લીધા !! સમયે કેવા સાચવી લીધા !!

## નીલકંઠમાંથી સરજુદાસ

નીલકંઠ વર્ણી, મુક્તાનંદ સ્વામી તેમજ સૌ સંતો લોજપુરમાં રામાનંદ સ્વામીના પધારવાની રાહ જોતા. વિચરણ દરમ્યાન વર્ણીને જેવો તપ-ત્યાગનો ઈશક હતો એવો જ ઈશક તેઓ સૌની વચ્ચે આશ્રમમાં રહીને પણ જણાવતા. તેઓ જમવામાં બાજરાના રોટલાનો ભુક્કો કરી માંહી ઘણાં લવિંગિયાં તીખાં મરચાં નાખી તેના ગોળા વાળી જમતા, તો ક્યારેક મીંઢીઆવળના ગોળા વાળી જમતા. આવી અલૌકિક રીતો આશ્રમમાં અપનાવતા. તે જોઈ સહુને ખૂબ જ આશ્ચર્ય થતું ને વર્ણી પ્રત્યે દિવ્યભાવ થતો.

સ્વયં સર્વોપરી પુરુષોત્તમનારાયણ હોવા છતાં પોતે અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખતા. રસ્તામાં ચાલતાં આજુબાજુથી સ્ત્રી પસાર થાય ને તેના દેહની ગંધ આવે તો તે દિવસે એમના પેટમાં અન્ન રહેતું નહિ એવી સ્ત્રી પ્રત્યે અનાસક્તિ જણાવતા હતા. શરીર ઉપર કૌપીન સિવાય કોઈ વસ્ત્ર ધારણ કરતા નહીં.

એક દિવસ મુક્તાનંદ સ્વામીએ વર્ણીને વિનંતી કરતાં કહ્યું, ''વર્ણી ! આપ હવે વનવિચરણનો અંત લાવી કૃપા કરી અહીં બિરાજ્યા છો. અને કાયમ માટે હવે સત્સંગમાં જ વિચરણ કરી અનેક મુમુક્ષુઓને સુખિયા કરવાના છો. અને વળી આપનો પ્રગટ થવાનો હેતુ જલદી સાકાર કરવાનો છે. ત્યારે આપને હવે વસ્તીમાં વિચરણ કરવાનું થશે. તેથી આપ આ વલ્કલ વસ્ત્રો ત્યજી રામાનંદ સ્વામીની આજ્ઞા મુજબનાં વસ્ત્રો ધારણ કરો એવી અમારી પ્રાર્થના છે. તેમજ આપના મસ્તકે જટા છે તે પણ ઉતારી નાખવા અમારી અરજ છે.''

વર્ણીને મુક્તાનંદ સ્વામીની વાત સાચી લાગી. તેઓ હવે અરણ્યમાં નહિ, વસ્તીમાં વસતા હતા. અને વસ્તીમાં આવાં વલ્કલ વસ્ત્રો પહેરીને ન જવાય.

સ્વામીની પ્રાર્થના યોગ્ય જાણી તેનો સહર્ષ સ્વીકાર કર્યો ને કહ્યું, ''સ્વામી ! આપ જેમ આજ્ઞા કરશો તેમ અમે જરૂર કરીશું.'' સર્વના સ્વામીને આજ શિષ્યના પણ શિષ્ય થઈ વર્તતા જોઈ, વર્ણીની વિશાળતા અને નિર્માનિતા જોઈ મુક્તાનંદ સ્વામી ગદ્ગદ થઈ ગયા.

વર્ણીએ મસ્તક પરથી જટા ઉતરાવી નાખી. પછી સ્નાનવિધિ કરી મુક્તાનંદ સ્વામી પાસે આવ્યા. સ્વામીએ વર્ણીના અવરભાવનાં નવીન દર્શન કરતાં ભાવવિભોર થઈ તેમના ભાલમાં ચંદનની અર્ચા કરી. નવીન બે ઉપવસ્ત્રો અને એક અલફી આપી જેને વર્ણીએ તુરત ધારણ કરી લીધાં. પછી મુક્તાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ કરી સેવકભાવની ઉત્તમ રીત શીખવી. ત્યારબાદ તમામ સંતોને પણ નીચે વળી પ્રણામ કર્યા. મુક્તાનંદ સ્વામીએ તેમનું નામ સરજુદાસ પાડ્યું.

ત્યારબાદ સરજુદાસ પચાસ જેટલા સંતોને બાથમાં ઘાલીને મળ્યા. સહુને અપાર સુખ આપ્યું. સૌ સંતો સરજુદાસનાં નવલ દર્શન તેમજ તેમના મુખ પરની કાંતિનાં દર્શન કરી તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કરતા હતા.

## પોટલા ઉપર પોટલું

સરજુદાસની સેવા જોઈ સહુ અચંબામાં પડી જતા. એમની સેવાની ધગશ, સેવા કરવાની તમન્ના તેમજ આળસ કે થાકને ગણકાર્યા વગર કોઈ પણ પ્રકારની સેવા કરતા જોઈ સહુને થતું... ખરો સેવકભાવ તેમજ રાજી કરવાની તત્પરતા વર્ણીમાં જ જોઈ શકાય છે. આવા ગુણો જે મુમુક્ષુમાં જણાય તે જ ખરા રાજીપાના પાત્ર બની શકતા હોય છે.

વર્ણી સવારે વહેલા ઊઠી ગામમાં છાણાં મેળવવા નીકળી પડતા. ત્યાં ગામની બાઈઓ પણ છાણ ભેગું કરવા આવતી. પણ જેવી એ બાઈઓ પોદળો જોઈ નીચે નમવા જાય ત્યાં તો નીલકંઠ વર્ણીના દિવ્ય પ્રતાપથી પોદળામાં આખું બ્રહ્માંડ દેખાવા લાગે એટલે બાઈઓ પોદળો લીધા વગર જ ચાલી જતી. ગામની બાઈઓ પોદળામાં સાંઠીકડું મૂકી પોદળા પર હક જમાવતી.

વર્ણી થોડા આ લોકના મનુષ્યો જેવા હતા ? તેઓ તો અલૌકિક હતા !! તેથી તેમની રીત પણ અલૌકિક હતી. તેથી પોદળામાં સાંઠીકડાને બદલે આખું બ્રહ્માંડ મૂકી પોદળા પર હક કરી લેતા. બાઈઓ તે દેખી પોદળો મૂકી ચાલી જાય. પછી વર્ણી તે લઈ લેતા. આમ ઓછી મહેનતે સૌથી વધુ છાણ લાવવાની અલૌકિક રીત આ સર્વોપરી વર્ણી સિવાય બીજા કોને આવડે ?

એક દિવસ લોજથી બે-એક ગાઉ દૂર આવેલ શીલ નામના ગામથી બે હરિભક્તો મુક્તાનંદ સ્વામી પાસે લોજ આવ્યા અને સ્વામીને વાત કરી કે, ‘‘અમારી વાડીમાં ચીભડાં વાવ્યાં છે તે ખૂબ સારાં ઊતર્યાં છે. તો અમારો સંકલ્પ છે કે આપ આ ચીભડાં જો મંગાવી લો તો ગુરુ રામાનંદ સ્વામી માટે ચીભડાંનું સરસ અથાણું થાય.’’

સ્વામીએ ‘‘હમણાં જ ૧૦-૧૫ માણસો લેવા માટે મોકલું છું.’’ એમ કહી ભક્તોને રવાના કર્યા.

આ વાત વર્ણીના કાને પડી. સેવાના ખરેખરા અંગવાળા વર્ણી તો તૈયાર થઈ ગયા અને મુક્તાનંદ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! હું અને આ દેવા ભગત અમે બંને જઈએ અને ચીભડાં લઈ આવીએ.’’ સ્વામીએ કહ્યું, ‘‘પણ બ્રહ્મચારી ! અઢારથી વીસ મણ જેટલાં ચીભડાં તમે બે જણ કેવી રીતે લાવશો ? તમારું એકવડિયું શરીર રહ્યું. તમે કેમ ઉપાડશો ?’’

સ્વામી ‘ના... ના...’ કરતા રહ્યા ને વર્ણી તો દેવા ભગતને સાથે લઈ શીલ ગામે જવા માટે નીકળી પડ્યા. ત્યાં જઈને સારાં સારાં અઢાર મણ ચીભડાં વીણ્યાં. હરિભક્તો ચીભડાં ભરવા માટે ગાડું લેવા ગયા તો વર્ણીએ તેમને રોક્યા ને કહ્યું, ‘‘ગાડાની જરૂર નથી. એક મોટો ચોફાળ લાવો.’’ હરિભક્તો તે લઈ આવ્યા. ચોફાળ લઈ વર્ણીએ સોળ મણ જેટલાં ચીભડાં એક ચોફાળમાં બાંધી મોટો ગાંસડો બાંધ્યો. જ્યારે બાકીના બે મણ ચીભડાંની નાની ગાંસડી બાંધી અને કહ્યું, ‘‘હવે આ મોટો ગાંસડો મને ઉપડાવો ને નાની ગાંસડી આ દેવા

ભગત ઉપાડશે.'' વર્ણીના એકવડિયા શરીર સામું જોઈ સહુ કહેવા લાગ્યા, ''વર્ણી ! આ મોટો ગાંસડો પાંચ-સાત માણસોથી પણ ઊપડી ન શકે એ તમે એકલા કેમ ઉપાડશો ? અને તેય પાછું છેક લોજ સુધી ઉપાડી જવાનું છે. માટે તમે રહેવા દો !!''

વર્ણીને વિષે મનુષ્યોને મનુષ્યભાવ જણાતો હતો. એમની માયિક દૃષ્ટિ તેમજ માયિક બુદ્ધિથી તેઓ વિચારતા હતા. મનુષ્ય બિચારા બીજું સમજી કે વિચારી પણ શું શકે ? દેહધારી હંમેશાં દેહભાવથી મૂલવી શકે. દિવ્યાતિદિવ્ય સ્વરૂપને મૂલવવું-ઓળખવું એ એમનું ગજું છે ? વર્ણી સૌને પોતાને વિષે દિવ્યભાવ લવડાવવા માટે જ તો આ ચરિત્ર કરવા માંગતા હતા.

બધાએ ગાડું લઈ જવાનો બહુ આગ્રહ કર્યો પણ વર્ણી ન માન્યા. ને અંતે બાર જણાએ ભેગા થઈ વર્ણીના માથે ૧૯ મણ ચીભડાંનો ગાંસડો ચઢાવ્યો.

ત્યાં તો અજબ ચમત્કાર સર્જાયો. જોનારા જોઈને તાજુબ પામી ગયા. આવડો મોટો ગાંસડો વર્ણીના મસ્તક ઉપર એક વેંત અધ્ધર રહી ગયો અને વર્ણી જેમ ચાલતા જાય તેમ ગાંસડો પણ ઉપર ને ઉપર એમની સાથે ચાલતો જતો હતો.

સાથે બે મણનું નાનું પોટલું ઉપાડી ચાલતા દેવા ભગત પાછળ આ ચરિત્ર જોતાં જોતાં ધીમે ધીમે ચાલતા હતા. તેઓ તો એકાદ ગાઉ ચાલ્યા ત્યાં તો પરસેવે રેબઝેબ થઈ ગયા ને થાકી ગયા અને નીચે બેસી ગયા. વર્ણીએ આ જોઈ દેવા ભગતને કહ્યું, ''એમ કરો... આ ઊંચા પથ્થર પર ચડીને મારા પોટલા પર તમારું પોટલું મૂકી દો.'' અને એ રીતે પોટલા પર બીજું પોટલું મૂકી નીલકંઠ વર્ણી ઉતાવળા પગે ચાલવા માંડ્યા. એ રીતે જાણે એમના મસ્તક પર કશો જ ભાર ન હોય !

વર્ણી તો સ્વયં પુરુષોત્તમનારાયણ હતા. તે તો ધારે તે બધું કરી શકે. એમને ક્યાં ઉપાડવાનું હતું તે ચિંતા હોય ?

બંને લોજ આશ્રમે પહોંચ્યા. મુક્તાનંદ સ્વામી તથા અન્ય સંતો વર્ણીનો આ ચમત્કાર જોઈ-સાંભળીને દંગ થઈ ગયા. દેવા ભગતે આ સઘળી વાત મુક્તાનંદ સ્વામી તથા સંતોને કહી, તે સાંભળી વર્ણી પ્રત્યે સહુને ભગવાનપણાની પ્રતીતિ થવા લાગી હતી. વર્ણી પ્રત્યેનો ભાવ હવે બદલાઈ ગયો હતો.

વર્ણીએ થોડા જ સમયમાં પોતાના બૃહત વૈરાગ્યથી, તપથી, અતિશે સેવાથી, પ્રેમભાવથી, મિલનસાર સ્વભાવથી તેમજ અદ્ભુત ઐશ્વર્યથી સહુને પોતાની

મૂર્તિમાં આકર્ષણ કરાવી દીધું હતું. સહુ વર્ણીની આજ્ઞા માનવા તત્પર થઈ જતા. સ્વયં સર્વેના ઉપરી એવા મુક્તાનંદ સ્વામી પણ વર્ણીનાં વચન અનુસાર વર્તવા લાગ્યા હતા. આવો હતો ટૂંક સમયમાં જ વર્ણીએ પાથરેલો અદ્ભુત પ્રતાપ.

## વર્ણીરાજનો સંતો પ્રતિ ધ્યાન-કથાવાર્તાનો આગ્રહ

વર્ણીરાજ સ્વયં કંઈ પણ ક્રિયા કરતા તો તે કરતાં પૂર્વે તથા વચ્ચે વચ્ચે આપણને શીખવવા નેત્ર બંધ કરી ટૂંકું ધ્યાન કરતા, નિમગ્ન થઈ જતા. વર્ણીરાજની આ અદ્ભુત ટેવ હતી.

વળી, દરરોજ ઠાકોરજી જમાડી વર્ણીરાજ આખી બપોર સુધી સર્વે સંતોને કથાવાર્તા કરતા. સાંજે રસોઈ કરી સદાવ્રતમાં તીર્થવાસીઓને જમાડવાની થોડી પ્રવૃત્તિ રહેતી. ફરીથી બધી ક્રિયાથી પરવારી વર્ણીરાજ કથાવાર્તા કરવા બેસી જતા. વર્ણીરાજના દિવ્ય કથામૃત પાનથી સર્વે સંતો ધીરે ધીરે આંતર દોષોથી રહિત થવા લાગ્યા. રાત્રિના મોડે સુધી કથાવાર્તા કરી વર્ણીરાજ સહુને ધ્યાન કરવા બેસાડતા. એ વખતે બબ્બે સંતોને સામસામે આસન વાળીને ધ્યાનમાં બેસવાનું. ધ્યાન કરતાં કોઈ સંતને ઊંઘ આવે તો તેની પાસે ચાર શેર (બે કિલો) અનાજ દળાવવું આવો નિયમ શ્રી વર્ણીરાજે કરેલો.

વળી, રાત્રિના બાર વાગ્યે સંતો સૂઈ જાય. હજુ તેને માંડ બે કલાક થયા હોય ત્યાં વર્ણીરાજ જાગી જાય અને સર્વે સંતોને ઉઠાડી ધ્યાનમાં બેસાડી દેતા. વળી એ વખતે કોઈ સંતો ઝોકાં ખાય તો વાંસામાં સોટી અડાડતા. આ રીતે વર્ણીરાજ સંતોને ધ્યાનનો અભ્યાસ કરાવતા.

વર્ણીરાજના આગ્રહથી સંતો ઉત્સાહભેર ધ્યાન-ભજન કરતા પણ પૂરતી નિદ્રાના અભાવે કથાવાર્તા-ધ્યાનમાં ઊંઘ આવતી તેથી સંતોએ વિનંતીપૂર્વક કહ્યું, “વર્ણીરાજ ! અમારા પર દયાદૃષ્ટિ રાખો. અમને આપના આગ્રહથી સેવા, કથાવાર્તા તથા ધ્યાનનો આગ્રહ જાગ્યો છે પણ પૂરતી ઊંઘના અભાવે શરીર સાથ આપતું નથી માટે અમારી ઉપર દયાદૃષ્ટિ રાખશો.” સંતોની પ્રાર્થના સાંભળી વર્ણીરાજ સર્વે સંતોને સાનુકૂળ થઈ ગયા અને સર્વે સુખેથી ધ્યાન, ભજન, સેવા તથા કથાવાર્તા કરી શકે તે રીતે વર્તવા લાગ્યા. છતાં વર્ણીરાજ સૌ સંતોનો ત્યાગ-વૈરાગ્ય તથા ધ્યાન-ભજનનો આગ્રહ મોળો ન પડે તે હેતુથી સ્નેહથી સંતોને કહેતા, “સંતો, આપણને આવા મોટા સદ્. શ્રી રામાનંદ સ્વામીની

પ્રાપ્તિ થઈ છે, તો હવે ઊંઘમાં સમય કેમ બગાડાય ? હવે જાગૃત રહેવું જોઈએ. ધ્યાન-ભજનમાં ઊંઘ આવે એ જાગૃતિનો અભાવ છે. મળેલા સદ્‌ગુરુ સંતની પ્રાપ્તિનો વિચાર રહેશે તો આળસ-પ્રમાદ જશે અને તેઓના દિવ્ય ગુણોનો આવિર્ભાવ રહેશે.''

હજુ સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપના પણ નહોતી થઈ તે પૂર્વે વર્ણીરાજે કારણ સત્સંગના જ્ઞાન-સિદ્ધાંતોની પુષ્ટિ સ્વયંના વર્તન દ્વારા કરી હતી. કારણ, વર્ણીરાજનું પ્રાગટ્ય જ આ હેતુ માટે હતું.

વર્ણીરાજ જેટલા દિવસ લોજમાં રહ્યા ત્યાં સુધી નિત્ય નવાં પ્રકરણો ફેરવી સંતોની સાધુતા તથા મુમુક્ષુતાને વધુ પ્રજ્વલિત કરતા. વળી, કેટલાંક પ્રકરણો દ્વારા વર્ણીરાજ સંતોના અંતઃશત્રુનો નાશ કરાવી દેહાભિમાનનો ધ્વંસ કરાવતા.

એક વખત વર્ણીરાજે એવું પ્રકરણ ચલાવેલું કે, પરસ્પર સંતોને કોઈ સેવા-વ્યવહાર બાબતે ક્રોધ આવે, અકળાઈ જવાય તો સર્વે સંતો ભેગા મળી એ સંતના ક્રોધને શ્વાનની પેઠે 'હડ' 'હડ' કરી અપમાનિત કરતા. વર્ણીરાજના પ્રતાપે સંતો આવું અપમાન ગળી જતા અને સવળો વિચાર કરી ક્રોધ પર વિજય મેળવતા.

## થાંભલાને બાથ ભીડીને રહેજો

એક વખત આણંદજી સંઘાડિયા માંગરોળથી મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવા લોજ આશ્રમમાં આવ્યા. તેમણે મુક્તાનંદ સ્વામીને કહ્યું, ''સ્વામી ! મારે રામાનંદ સ્વામીનાં દર્શન કરવા ભૂજ જવું છે.'' બાજુમાં બેઠેલા નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામીનું નામ તેમજ તેમનાં દર્શન કરવા જવાની વાત સાંભળીને ચમક્યા. કેમ કે તેમને રામાનંદ સ્વામીનાં દર્શનની અતિશે આતુરતા હતી. તેઓ તો એકલા પણ ભૂજ જવા તત્પર હતા. એમાં વળી આ આણંદજીભાઈએ ભૂજ જવાની વાત કરી તેથી તેમને થયું કે આ તો કચ્છ જવાનો સંગાથ લાધ્યો. હવે મુક્તાનંદ સ્વામી જરૂર એમની સાથે જવાની મંજૂરી આપશે. તેથી વર્ણીએ તુરત મુક્તાનંદ સ્વામીને પૂછ્યું કે, ''આણંદજીભાઈ ભૂજ જાય છે તો આપ જો આજ્ઞા આપો તો અમે પણ ભેળા રામાનંદ સ્વામીનાં દર્શન કરવા જઈએ.''

મુક્તાનંદ સ્વામી વર્ણીની રામાનંદ સ્વામીનાં દર્શનની તત્પરતા, દર્શનની તીવ્ર ઝંખના તેમજ તલસાટ રોજ મુખ પર નિહાળતા હતા. તેથી તેઓ વર્ણીને ના ન કહી શક્યા. ને વર્ણીને ભૂજ જવાની હા પાડી દીધી.

નીલકંઠ વર્ણી તથા આણંદજીભાઈ બંને લોજથી ચાલી માંગરોળ આવ્યા. માંગરોળ આણંદજી સંઘાડિયાને ઘેર રાત્રિરોકાણ કર્યું. આણંદજીભાઈએ ભૂજ સુધીની મજલ કાપવા માટે રસ્તામાં જમવા સારુ ભાતું તૈયાર કરાવ્યું અને બીજે દિવસે સવારે નીલકંઠ વર્ણીને લઈને કાલવાણી ગામે ગયા. ત્યાંથી જેઠામેર તથા રાજામેરને સાથે લઈ ભૂજ જવા નીકળ્યા.

ત્યાંથી નીકળી બે ગાઉ દૂર મેસવાણ ગામે પહોંચ્યા. મેસવાણના પાદરમાં નદીના કાંઠે નીલકંઠ વર્ણી અચાનક બેસી ગયા ને કહ્યું કે, "તમે ત્રણેય ભૂજ જાઓ. અમે તો આવવાનો વિચાર માંડી વાળ્યો છે...!" આણંદજીભાઈને થયું અચાનક વર્ણીને વળી શું થયું ? રામાનંદ સ્વામીનાં દર્શનાતુર થયેલા વર્ણી હવે આવવાની ના કેમ પાડે છે ? શું વર્ણીને એમ થયું હશે કે મુક્તાનંદ સ્વામીની પ્રથમથી જ રુચિ હતી કે ભૂજ રામાનંદ સ્વામીને મળવા ન જવું. આપણે રામાનંદ સ્વામીને પુછાવીએ ને જો તેઓ હા પાડે તો તેમની આજ્ઞાથી જવું...! એટલે મુક્તાનંદ સ્વામી તથા રામાનંદ સ્વામીની મરજી વિરુદ્ધ કરવું એમને યોગ્ય ન લાગ્યું હોય તેથી બેસી ગયા હશે ? આણંદજીભાઈએ સાથે આવવાનો ઘણો આગ્રહ કર્યો પણ વર્ણી આવવા તૈયાર થયા જ નહીં.

આણંદભાઈ, જેઠામેર અને રાજામેર ત્રણેય માણાવદર ગયા ને ત્યાંથી મયારામ ભટ્ટને સાથે લીધા ને સર્વે ભૂજ જવા નીકળ્યા.

સહુએ ભૂજ પહોંચી રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં. પછી રામાનંદ સ્વામીને લોજમાં પધારેલા ચમત્કારી એવા વર્ણીનું વૃત્તાંત વિસ્તારથી વર્ણવ્યું; તેને રામાનંદ સ્વામીએ ખૂબ ઉત્સુકતાથી સાંભળ્યું અને પછી વર્ણીની ખૂબ ઝીણવટભરી જાણકારી મેળવી. એટલે રામાનંદ સ્વામીના મુખ ઉપર પ્રસન્નતાનો પુંજ ઝળહળવા લાગ્યો. તેઓ આ સમાચાર સાંભળી અતિશે રાજી થયા.

રામાનંદ સ્વામી અંતર્યામીપણે સઘળું વૃત્તાંત જાણતા જ હતા. તેમ છતાં આ લોકની રીતે બધાને વર્ણીનો મહિમા થાય તેથી વર્ણીનું સઘળું વૃત્તાંત રસપૂર્વક સાંભળ્યું ! ને પછી આનંદમાં આવીને સર્વેને કહ્યું, "અમે કાયમ કહેતા હતા કે અમે તો ડુગડુગીના વગાડનારા છીએ. ખરો ખેલ ભજવનારા તો હવે આવશે ! તે હવે લોજમાં પધારી ચૂક્યા છે."

પછી વળી આણંદજીભાઈ તથા મયારામ ભટ્ટ પ્રતિ ભલામણ કરતાં કહ્યું, "વર્ણીને આશ્રમમાં સાચવજો. રખે ને એ ત્યાંથી જતા ન રહે. તેમજ તેમને કહેજો

કે રામાનંદ સ્વામીએ કહ્યું છે કે સત્સંગમાં તમે થાંભલાને બાથ ભીડીને રહેજો. એટલે કે ત્યાં મુક્તાનંદ સ્વામી સૌના થાંભલા સમાન છે. તેથી તેમની આજ્ઞામાં રહેજો. આપ સત્સંગમાં પધાર્યા છો. સમૂહજીવન છે. તેથી કેટલાકના સ્વભાવ થાંભલા જેવા જડ હશે. એવા જડ જેવા જીવોને પણ આપ કરુણા કરીને સાચવજો.''

થોડા દિવસ રહી મયારામ ભટ્ટ, આણંદજી સંઘાડિયા વગેરે પાછા રામાનંદ સ્વામીનાં દર્શન કરીને લોજ આવવા નીકળ્યા.

આ બાજુ તો નીલકંઠ વર્ણી મેસવાણથી પાછા વળી લોજ આશ્રમે પધાર્યા. મુક્તાનંદ સ્વામીને વર્ણીને થોડા જ વખતમાં પાછા પધારેલા જોઈ તેમજ એકલા આવેલા જોઈ આશ્ચર્ય થયું. તેમણે વર્ણીને પૂછ્યું, ''આપ ભૂજ નથી ગયા ?'' નીલકંઠ વર્ણીએ કહ્યું, ''સ્વામી ! તમારી તથા રામાનંદ સ્વામીની અનુજ્ઞા વગર, મરજી વગર મારે ન જવાય.'' એવા મુખારવિંદ પર ભાવ ઉપસાવી સ્વામીને કહ્યું, ''સ્વામી ! અમે ભૂજ ન ગયા.''

સર્વોપરી પ્રભુની આ અલૌકિક રીત, આજ્ઞાપાલનની ખટક, મોટેરાની રુચિ પ્રમાણે રહેવાની લગન જોઈ મુક્તાનંદ સ્વામી પણ ગળગળા થઈ ગયા. સાથે આનંદ પણ થયો કે, 'હાશ ! વર્ણી આશ્રમમાં પરત આવ્યા.' કેમ કે આશ્રમવાસીઓને પણ વર્ણી વગર ચેન પડતું નહોતું. નીલકંઠ વર્ણીનાં દર્શન કરી સહુ સંતોનાં મુખ પર પ્રસન્નતા ખીલી ઊઠી હતી.

થોડા દિવસોમાં જ મયારામ ભટ્ટ અને આણંદજી સંઘાડિયા ભૂજથી રામાનંદ સ્વામીનો સંદેશો લઈને લોજ આશ્રમે આવી પહોંચ્યા. વર્ણી, મુક્તાનંદ સ્વામી અને સૌ સંતો સભામાં બેઠા હતા. જેવા મયારામ ભટ્ટ તથા આણંદજીભાઈ આવ્યા... નીલકંઠ વર્ણી સતેજ થઈ ગયા. તેઓ ઊભા થઈ ગયા. રામાનંદ સ્વામીનો શું સંદેશ છે ? સ્વામી ક્યારે પધારવાના છે ? તેની ઉત્કંઠા સહુથી વધુ વર્ણીને જ હતી. તેથી તેઓ સભામાંથી ઊભા થઈ મયારામ ભટ્ટ તથા આણંદજીભાઈને બાથમાં લઈને મળ્યા.

પછી રામાનંદ સ્વામી વિષે વર્ણીએ પૂછ્યું એટલે મયારામ ભટ્ટે રામાનંદ સ્વામીએ જે આદેશ આપ્યો હતો તે કહેતાં કહ્યું, ''વર્ણી ! આપને માટે સ્વામીએ કહેવડાવ્યું છે કે, આપ સત્સંગમાં થાંભલાને પણ બાથ ભીડીને રહેજો...!'' આ સાંભળી નીલકંઠ વર્ણીએ તુરત જ થાંભલાને બાથ ભીડી લીધી. તેમ કરી તેઓ એમ કહેવા માંગતા હતા કે, 'અમે જરૂર જડ જેવા જીવો પર કરુણા કરી તેને

સત્સંગમાં સાચવશું ને આ મોટેરા એવા મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં જ હવેથી રહીશું.'

વર્ણીની આ તત્પરતા જોઈ મુક્તાનંદ સ્વામી તેમજ સૌ સંતો ખૂબ વિસ્મય પામી ગયા. વર્ણીએ તુરત જ થાંભલાથી બાથ છોડી મુક્તાનંદ સ્વામીને વંદન કર્યા ને પછી સૌ આશ્રમવાળા સંતો-હરિભક્તો ઉપર પોતાની કરુણાદૃષ્ટિ રેલાવી સૌને પોતાની કૃપાદૃષ્ટિમાં સમાવી લીધા. જાણે કહેતા હતા કે આ રામાનંદ સ્વામીની આજ્ઞા મુજબ યાવદ્ચંદ્રદિવાકરૌ સહુ જીવો પર હંમેશાં કરુણા વરસાવતો રહીશ. અને આજે એ જ મહાપ્રભુ તથા એમના સંકલ્પ સમા સત્પુરુષ એમની ફરજ સુપેરે બજાવી રહ્યા છે કહેતાં આજે પણ તેઓ થાંભલાને બાથ ભીડીને રહ્યા છે.

## સદ્. મુક્તાનંદ સ્વામી સાથે વર્ણીરાજ ધર્માદો ઉઘરાવવા આખા-પીપલાણામાં

એક વખત સદ્. મુક્તાનંદ સ્વામી સાથે વર્ણીરાજ લોજથી પોઠિયો લઈ આખા-પીપલાણા ગામે ધર્માદો ઉઘરાવવા ગયા. આખો દિવસ બંને ગામમાંથી ધર્માદો ભેગો કરી વર્ણીરાજે અનાજની બોરીઓ (ગૂણો) પોઠિયા પર મૂકી. વર્ણીરાજ તથા સદ્. મુક્તાનંદ સ્વામી કાલવાણી પધાર્યા. સદ્. મુક્તાનંદ સ્વામી તો ત્યાં હરિભક્તોને કથાવાર્તા કરવા પ્રસંગે રોકાઈ ગયા અને વર્ણીરાજને પોઠિયો લઈ લોજ જવા આજ્ઞા કરી. વર્ણીરાજ સ્વામીની આજ્ઞા શિરોવંદ્ય કરી ધર્માદા સહિત પોઠિયાને લઈ લોજ પધાર્યા અને સદાવ્રતમાં અનાજની બોરીઓ ઉતારી તરત કાલવાણી જવા પાછા વળ્યા.

સદ્. મુક્તાનંદ સ્વામીએ વર્ણીરાજને પરત કાલવાણી આવેલા જોઈ પૂછ્યું, "આપ ફરીથી અહીંયાં કેમ ? એ પણ આટલા ઉતાવળા ?" ત્યારે વર્ણીરાજે કહ્યું, "અમને એવું જણાણું કે સ્વામી એકલા ગૃહસ્થીને ઘરે છે તે સાધુથી એકલા ગૃહસ્થીને ઘરે રાતવાસો ન કરાય તેથી હું ત્યાં અનાજ ઉતારી પરત આપની સેવામાં આવી ગયો. રાજી રહેજો."

આમ, પૂર્વેથી વર્ણીરાજ સંતોના નિયમ-ધર્મની ખટક માટે ખૂબ જાગ્રત રહેતા.

## ધ્યાન સગુણ કે નિર્ગુણ

મુક્તાનંદ સ્વામી લોજની આસપાસ વિચરણ કરવા જતા ત્યાં સાથે વર્ણીને પણ લઈ જતા. મુક્તાનંદ સ્વામી કાલવાણી ગામે પધાર્યા. સાથે વર્ણી તેમજ બીજા કેટલાક સંતો પણ હતા. ત્યાં એક ઓરડીમાં સહુ રહ્યા હતા. ને ત્યાં જ સભા થતી. કથા સાંભળવા પર્વતભાઈ, રાજાભાઈ આદિક હરિભક્તો આવતા. તેઓ સંતોની બીજી સેવા પણ કરતા. હરિભક્તો સંતો માટે તુંબડાં લાવ્યા હતા. તેમાંથી મુક્તાનંદ સ્વામીએ સરસ તુંબડી બનાવીને તેને રંગેલી. પછી તેને સૂકવવા સારુ તડકામાં મૂકેલી.

મુક્તાનંદ સ્વામી તથા સંતો ધ્યાન કરવા પદ્માસન વાળીને બેઠા. સાથે વર્ણી પણ પદ્માસન જમાવી ધ્યાનમાં બિરાજી ગયા. ધ્યાન કરતાં કરતાં મુક્તાનંદ સ્વામીએ દૃષ્ટાંત પૂરું પાડવા ચરિત્ર કર્યું. તેમણે સરસ મજાની ઘાટ-ઘૂંટવાળી તુંબડી તૈયાર કરી હતી. તે ધ્યાનમાં આડી આવે ને વળી તેમણે સૂકવવા તડકે મૂકી હતી તેથી ધ્યાનમાં બેઠા બેઠા સંકલ્પ થયા કરે... ‘રખે ને કોઈ શ્વાન કે જનાવર આવીને તુંબડી અભડાવશે તો..?’

થોડી વારે એક શ્વાન આવ્યો ને કાંઈક કરડવા લાગ્યો. સુખાનંદ સ્વામી પણ ધ્યાનમાં બેઠા હતા. તેમની વૃત્તિ પણ ત્યાં પદાર્થ પ્રત્યે ખેંચાઈ. મુક્તાનંદ સ્વામીએ ધ્યાનમાંથી ઊઠી રીસ કરીને, સોટી મારીને શ્વાનને કાઢી મેલ્યો ને ફરી ધ્યાન કરવા બેઠા. ત્યારે વર્ણીએ તુરંત ટકોર કરી, “હે સ્વામી ! જે સંત હોય તે તો ગુણાતીત હોય. તમે ધ્યાનમાંથી ઊઠી સોટી મારીને શ્વાનને કાઢી મેલ્યો તે પદાર્થમાં ઝાઝો માલ કે ભગવાનમાં ઝાઝો માલ ? તે કહો ને તમોગુણમાં આવ્યા વિના ધ્યાનમાંથી આમ ઊઠીને સોટી ન મરાય. માટે તમે તો ગુણમાં આવી ગયા.” વર્ણીએ અંતર્યામીપણે વાત જાણી તેથી મુક્તાનંદ સ્વામી તથા અન્ય સહુ સાધુને વર્ણી પ્રત્યે અહોભાવ થયો.

મુક્તાનંદ સ્વામીએ નમ્રતાથી ભૂલનો સહજ સ્વીકાર કરીને કહ્યું, “વર્ણી, તમે સાચું કહ્યું. અમારી ભૂલ ઓળખાવી..! ભગવાનના સ્વરૂપને પડ્યું મૂકીને નાશવંત એવા તુચ્છ પદાર્થમાં વૃત્તિ ખેંચાઈ હતી. આજે આપે ખરા સમયે યોગ્ય ટકોર કરી..!”

પછી વર્ણીએ સહુ સાધુઓએ જે તુંબડીઓને રંગીને આકર્ષક કરી હતી તે

બધી જ તુંબડીઓ સાધુ પાસે મંગાવી. વર્ણીએ બધી તુંબડીઓના કાંઠા પથ્થર સાથે અફળાવીને બધી તુંબડીઓના કાંઠા તોડીને બોખી કરી નાંખી. પછી તેઓએ કહ્યું, "સાધુને ભગવાનના સ્વરૂપથી અધિક બીજું કશું જ ન જોઈએ. અનંતકોટિ બ્રહ્માંડમાં દિવ્યાતિદિવ્ય એવા મહાપ્રભુથી અધિક બીજું છે શું ? સર્વોપરી, સર્વાવતારી ભગવાનની પ્રાપ્તિ થયા પછી અધૂરું શું મનાય છે ? માલ પણ શામાં મનાય છે ? ભગવાન સિવાય અન્ય પદાર્થમાં હેત રહે તેટલી સાધુતામાં ને વૈરાગ્યમાં કાચ્યપ કહેવાય. એવા સાધુમાં રૂડા ગુણ આવે જ નહીં. એની સાધુતા શોભે પણ નહીં."

પછી વર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી ! એક વખત રામાનંદ સ્વામીનાં દર્શન થાય... એમને મળ્યા પછી આપણે બંને વનમાં ચાલ્યા જઈશું. ને ત્યાં જ ધ્યાનમાં મસ્ત થઈ જીવન વિતાવી દઈશું ! ધ્યાન વિના બીજી વાતું કરીશું નહીં. જ્યારે હું ધ્યાનમાં બેસું ત્યારે તમે મારા દેહની સંભાળ લેજો. ને જ્યારે તમે ધ્યાનમાં બેસશો ત્યારે હું તમારા દેહની સંભાળ લઈશ અને મને વનમાં વસવાનો તો બહુ જ અભ્યાસ છે. વનના એકાંતથી તથા મોટાં મોટાં પર્વતો-નદીઓથી અમે ટેવાઈ ગયા છીએ અને હિંસક પશુઓની અમને બીક નથી." એવી ઘણીક વૈરાગ્ય ઉત્પન્ન થાય તેવી વાતો કરતા તેમજ પ્રભુના ધ્યાનના મહિમાની ખૂબ વાતો કરતા.

મુક્તાનંદ સ્વામી તેમજ સંતોને પણ વર્ણીમાં વૈરાગ્યનું અંગ જોઈ, વૈરાગ્યની વાતું સાંભળીને થતું કે ક્યાંક વર્ણી પાછા વનમાં તો ચાલ્યા નહિ જાય ને..! હાથમાં આવેલ મહા અણમોલ રતન અહીંથી ચાલ્યું તો નહિ જાય ને..! એવી ફડક રહેતી ને તેથી સહુ વર્ણી જેમ રાજી થાય તેમ વર્તવાનો આદર કરતા હતા.

વર્ણી હવે વારંવાર રામાનંદ સ્વામીનાં દર્શનની ઝંખના કરતા હતા. નિત્ય મુક્તાનંદ સ્વામીને પૂછતા કે, "સ્વામી ક્યારે પધારશે ? ક્યારે એમનાં દર્શન થશે ? હવે એમનો વિરહ સહન થતો નથી. જો આપ આજ્ઞા આપો તો હું ભૂજ જઈ એમનાં દર્શન કરી આવું." નીલકંઠ વર્ણીને લોજમાં આવ્યે સાત માસ વીતી ગયા હતા. છતાંય જેમનાં દર્શનની તેઓ નિશદિન ઝંખના કરતા હતા તે રામાનંદ સ્વામીના આગમનના કોઈ સમાચાર મળતા ન હતા. જેમ ચકોર પક્ષી ચંદ્રની રાહ જુએ એમ વર્ણી રોજ ગુરુનાં દર્શન માટે આતુર બની રાહ જોતા.

## વર્ણીરાજે સદ્. આનંદાનંદ સ્વામીને ધ્યાનમાં ઘાટ કહી સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવી

એક વખત વર્ણીરાજ સહુ સંતોને ધ્યાન શીખવતા હતા. તે વખતે આનંદાનંદ સ્વામી પણ ધ્યાન લગાવી બેઠા. ત્યારે સ્વામીને ધ્યાનમાં પ્રભુ સિવાય ઘાટ-સંકલ્પ થતા હતા એ અંતર્યામી વર્ણીરાજ જાણી ગયા. વર્ણીરાજ કોઈના ઘાટ-સંકલ્પ ચલવતા નહિ તેથી તરત ટકોર કરવાની તેઓની સહજ રુચિ હતી. તેથી વર્ણીરાજે સ્વામીને તરત ટકોર્યા, ‘‘સ્વામી ! શ્રીહરિમાં વધુ માલ કે માયિક ચિંતવનમાં ?’’ સ્વામીને તરત થયું, ‘આ જોગીને મારા ઘાટ-સંકલ્પની કેમ ખબર પડી હશે ?’ ત્યાં તરત વર્ણીરાજ બોલી ઊઠ્યા, ‘‘સ્વામી ! શું વિચારો છો ? તમે ભરતજીની જેમ મોટા રાજપાટ છોડીને અયોધ્યાના અખાડામાં શા માટે આવ્યા હતા ? અને અહીં કેમ રહ્યા ?’’

વર્ણીરાજનું અંતર્યામીપણું જોઈ આનંદાનંદ સ્વામી અતિ આશ્ચર્યવત્ થઈ ગયા કે, ‘મેં મારું જીવનવૃત્તાંત કદી આ જોગીને જણાવ્યું નથી છતાં આ જોગી કેમ જાણી ગયા હશે ?’ વળી વર્ણીરાજે કહ્યું, ‘‘સ્વામી ! એ બધું સમયે ખબર પડી જશે. અત્યારે તો ધ્યાનમાં સ્થિર વૃત્તિ કરી દો.’’ વર્ણીરાજની ટકોર ઉર ધરી આનંદાનંદ સ્વામીએ જાગૃતિપૂર્વક ધ્યાન કરવા માંડ્યું. સ્વામીની વૃત્તિઓ જેવી પ્રભુ સાથે જોડાણી કે તરત જ દિવ્ય તેજપુંજના દર્શન થવા લાગ્યા અને તે તેજ મધ્યે શ્રી વર્ણીરાજની મૂર્તિનાં દર્શન થયાં. એટલું જ નહિ, અયોધ્યા સરયૂ નદીમાં આ જ વર્ણીરાજ બાળ સ્વરૂપે હતા ત્યારે તેઓ સાથે નિત્ય સ્નાન કરતા, વાતો કરતા તે સર્વે દર્શન આ વર્ણીરાજમાં થવા લાગ્યા.

આનંદાનંદ સ્વામીનું અંતર આનંદથી ઊભરાવા લાગ્યું, ‘અરે, આ અયોધ્યાવાળા જ બાળ ઘનશ્યામ છે. આ જ ખરેખર પરબ્રહ્મ સ્વરૂપ છે જેને પામવા મેં સંસાર ત્યાગ્યો.’ તેઓ ધ્યાનમાંથી જાગૃત થયા ત્યારે વર્ણીરાજ તેઓ સમક્ષ મંદ મંદ હાસ્ય રેલાવતા હતા. સ્વામી તો ઊભા થઈ લાકડી પડે તેમ વર્ણીરાજના ચરણમાં સાષ્ટાંગ દંડવત કરતાં ઢળી પડ્યા. વર્ણીરાજ તેઓને બાથમાં લઈ ભેટી પડ્યા.

વાસ્તવમાં આનંદાનંદ સ્વામી ભરતપુરના નવલસિંહ રાજા હતા. સ્વયંના આત્મિક કલ્યાણ કાજે રાજપાટનો ત્યાગ કરી નીકળી પડ્યા. ત્યારે અયોધ્યામાં

રામગલોલાજી મહાત્માના આશ્રમમાં શિષ્ય થઈ રહ્યા. એ વખતે તેઓનું નામ લક્ષ્મણદાસ રાખવામાં આવ્યું. આ લક્ષ્મણદાસ ઘનશ્યામ પ્રભુ સાથે ઘણી વખત સરયૂ નદીમાં સ્નાન કરતા, શાસ્ત્રોની ચર્ચા કરતા. ત્યારે ઘનશ્યામ પ્રભુની વાતો સાંભળી લક્ષ્મણદાસને થતું કે, 'આ ઘનશ્યામ કોઈ અસાધારણ બાળક છે, મોટા થઈ જરૂર મહાન વિભૂતિ બનશે.' પણ આ જ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ છે એવી ઘેડ્ય પડી ન હતી.

જ્યારે સમય આવ્યો ત્યારે ઘનશ્યામે આનંદાનંદ સ્વામીને સ્વયંની સ્વરૂપનિષ્ઠા દૃઢ કરાવી દીધી. આનંદાનંદ સ્વામીને તો જીવન પર્યંત કેફ રહ્યો કે, 'આ બાળમિત્ર ઘનશ્યામ જ પ્રગટ પરબ્રહ્મ પુરુષોત્તમનારાયણ મને મળી ગયા અને મને ન્યાલ કરી દીધો.'

## રામાનંદ સ્વામીને પત્ર

"આણી ઉદાસી અંતરે, એમ બોલ્યા વરણિરાટ,
તે સુણી મુકતાનંદજી, અતિ કરે છે ઉચાટ."[૭]

એક દિવસ નીલકંઠ વર્ણીને રામાનંદ સ્વામીનાં દર્શનની તીવ્ર ઝંખના થઈ તેથી મુક્તાનંદ સ્વામી પાસે આવીને વાત કરી, "સ્વામી ! આપ જો મને રજા આપો તો હું કચ્છમાં જઈ રામાનંદ સ્વામીનાં દર્શન કરી આવું. હવે મારાથી સ્વામીનો વિયોગ સહન નથી થતો."

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, "વર્ણી ! સ્વામી વૈશાખ સુદ સુધીમાં આવવા જોઈએ. માટે તમે દિલગીર ન થાવ. લ્યો, પત્ર લખી આપના વિયોગની એમને હું જાણ કરું. રામાનંદ સ્વામી બહુ દયાળુ છે. તે તુરત દયા કરી અહીં પધારશે. પણ આપ ત્યાં સુધી ધીરજ ધરી રાખો. કેમ કે કચ્છ જવામાં ઘણાં વિઘ્નો છે. ખારા સમુદ્રની ખાડી ઓળંગીને જવું સહેલું નથી."

એમ કહી બધા સંતો વતી એક પત્ર મુક્તાનંદ સ્વામીએ લખ્યો. તેનો સાર આવો હતો...

સ્વસ્તિ શ્રી ભૂજનગર મધ્યે, દીનબંધુ, પતિતપાવન, મહાપવિત્ર અને પ્રૌઢપ્રતાપથી, શરણ કરવા તુલ્ય, કૃપાનિધિ, કરુણાના ધામ, સૌ સંતો-ભક્તોના પ્રતિપાળ હે ગુરુવર્ય રામાનંદ સ્વામી !

---

૭. ભક્તચિંતામણિ : પ્રકરણ ૪૧

કૌશલ દેશથી એક વર્ણીન્દ્ર મુનિ અહીં લોજ આપણા આશ્રમમાં પધાર્યા છે. જેટલી દેહમાં નાડીઓ છે તે બધી સ્પષ્ટ ઉઘાડી દેખાય છે. ત્યાગ અને વૈરાગ્યની સાક્ષાત્ મૂર્તિ જ જોઈ લ્યો ! એવા ભાસે છે. અખંડ બ્રહ્મસ્થિતિમાં વર્તે છે. માન, મત્સર કે ક્રોધ એમને રંચમાત્ર નથી. બે-ત્રણ દિવસે ક્યારેક રસ રહિત થાળ લે છે. તો ક્યારેક ફળ-ફૂલથી ચલાવી લે છે. તો વળી, ક્યારેક મરચાં ને મીંઢીઆવળનું પાન કરે છે. દેહધારી જે ન કરી શકે તે અલૌકિક ક્રિયાઓ કરે છે.

એમના તપની આગળ અમારું તપ-તેજ તો જાણે સૂર્ય આગળ દીવો હોય ને શું ? એમ ઢંકાઈ જાય છે. તેઓ સર્વ શાસ્ત્રનો સાર જાણે છે. છતાં નિર્માની થઈને શિષ્યભાવે પ્રશ્નો પૂછે છે. નારીની ગંધ પણ જેમને ગમતી નથી એવા મહાનૈષ્ઠિક ઊર્ધ્વરેતા બ્રહ્મચારી છે. તેમણે અષ્ટાંગ યોગ સિદ્ધ કર્યો છે. સાધુતાના તમામ ગુણો તેમનામાં સાકાર સ્વરૂપે જોવા મળે છે. આપનાં દર્શન માટે સાત સાત મહિનાથી અમે રોકી રાખ્યા છે. હવે આપ આજ્ઞા કરો તો ત્યાં મોકલું. માટે આપ વળતો ઉત્તર આપવા કૃપા કરજો..!

સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ વર્ણીનું વર્ણન આમ કર્યું છે :

“વર્ણીવેશ દૃષ્ટિ અનિમેષ, બ્રહ્મસ્થિતિમાં રહે છે હમેશ;
ઉદારમતિ અચપળતા, પાસળે કાંઈ નથી રાખતા.
કિશોર અવસ્થાને ઊતરી, આવ્યા અત્ર તીરથમાં ફરી;
સુંદર મુખ ને માથા ઉપર, કેશ નાના ભૂરા છે સુંદર.
બોલે છે સ્પષ્ટ વાણી મુખ, નારી ગંધથી પામે છે દુ:ખ;
માન મત્સર નથી ધારતા, પ્રભુ વિના નથી સંભારતા.
જીર્ણ વલ્કલ ને મૃગછાલા, હાથ માંહી છે તુળસી માળા;
સરલ ક્રિયામાં સદા રહે છે, મુનિના ધર્મને શીખવે છે.
રાખે છે ગુરુભાવ અમમાં, વૃત્તિ લાગી રહી છે તમમાં;
રસ રહિત જમે છે અન્ન, તેહ પણ બીજે ત્રીજે દન.
કયારે ફળ ફૂલ નિદાન, કયારે કરે વારિ વાયુપાન;
કયારે અજાચ્યું અન્ન આવ્યું લીએ, કયારેક મળ્યું પણ મૂકી દીએ.
કયારેક મરચાં મીંઢીઆવળ, જમે એ જ એકલું કેવળ;
ખારું ખાટું તીખું તમતમું, રસ નીરસ બરોબર સમું.
ટંક ટાણાની ટેવ જ નથી, અતિ નિ:સ્પૃહ રહે છે દેહથી;

જે જે ક્રિયાઓ કરે છે એહ, તનધારિએ ન થાય તેહ.
ગ્રીષ્મ પ્રાવૃટ ને શરદઋતુ, હેમંત શીત ને વળી વસંતુ;
છોયે ઋતુમાં વસવું વને, વહાલું લાગે છે પોતાને મને.
મેડી મો'લ આવાસમાં રહેવું, તે જાણે છે કારાગૃહ જેવું;
ઉનાળે તાપે છે અગનિ, ચોમાસે સહે ધારા મેઘની.
શિયાળે બેસે છે જળમાંઈ, તેણે તન ગયું છે સુકાઈ;
કિયાં બાળપણાની રમત, કિયાં પામવો સિદ્ધોનો મત.
બાળપણે સિદ્ધદશા જોઈ, અમે સંશય કરું સહુ કોઈ;
એના તપના તેજને માંઈ, અમારું તપ ગયું ઢંકાઈ.
જેમ દિનકર આગળ દીવો, એ પાસે ત્યાગ અમારો એવો;
એની વાત તો એ પ્રમાણે છે, સર્વે યોગકળાને જાણે છે."[૮]

બીજો એક પત્ર નીલકંઠ વર્ણીએ લખ્યો જેમાં તેમણે લખ્યું કે :

*સ્વસ્તિ શ્રી ભૂજ નગ્ર મહા શુભ સ્થાને બિરાજમાન સ્વામીજી શ્રી રામાનંદજી સદ્‌ગુરુરૂપી સૂરજ ઉદે ભયે હૈ વાકી સેવા મેં ગામ લોજહું સે સેવક બ્રહ્મચારી નીલકંઠ, દુજી સંજ્ઞા સરજુદાસ કે દંડવત્ પ્રણામ બાચોગે. વિશેષ લખવા કારણ યો હૈ કિ હમ ઈશ્વર ઈચ્છાસું ચાર ધામ ફરી કે યહ દેસ મેં આયે. તિહાં તુમારા નામ સુના કે પશ્ચિમ દેશ મેં જીવનમુક્તા પ્રગટે હૈ. ફિર વન મેં ગોપાલજોગી પાસ રહકે યોગસાધના કરકે અષ્ટાંગ યોગ સિદ્ધ કિયો, ઉસ બખત વહ યોગીને કહા થા કિ, ગિરનાર કી છાયા મેં સિદ્ધ મિલેંગે. ફિર હમ વાયુ ભક્ષણ કરકે બહુત દિન રહે પરંતુ પ્રગટ ભગવાન કે દરશન ન હુએ.*

*અબ શુદ્ધ ભૂમિ જાનકે યહાં રહે હૈ. તો આપ યહાં બિરાજી કે હમકું પ્રગટ ભગવાન મિલાઓ. હમેં સુના હૈ કિ, આપ ધારણા મેં દર્શન કરાવતે હો એસા સ્વામી મુક્તાનંદજી સે સુનકર, સાધુકું હમ નિષ્કપટ જાનકે ઠહરે હૈ. સ્વામીજી ઔર ભટ્ટજી કહે કિ, હમ યહાં બોલવેંગે વહાં તક યહાં રહે, ભટ્ટજી મયારામજી કું મત યહ હૈ જો દોનું પત્ર પઢકે તુરત હમારે પર ક્રિપા કરેંગે.*

*જૈસે ચકોર ચંદ્રકું ઈચ્છે હૈ ઐસે હમ તુમ્હારે દર્શન તાકું ચહતે હૈ કિ તુરંત દર્શન દે દો નહિ તો તુમ્હારી સેવા મેં આવેંગે. સંવત ૧૮૫૬ ફાલગુન વદી -૫ પઠો હે. તુરત વાંચી કે કરુના દૃષ્ટિ કરોંગે, નહિ તો હમ નહિ રહેંગે.''*

---

૮ ભક્તચિંતામણિ : પ્રકરણ-૪૧

*"હે ગુરુદેવ ! આપનાં દર્શન માટે હું તલસી રહ્યો છું. આપ જલદીથી પધારો અથવા ત્યાં આવવાની આજ્ઞા આપો."*

આ બંને પત્રો ૧૮૫૬ના ફાગણ વદ પાંચમે તા.૧૫-૩-૧૭૦૦, શનિવારે લખી મુક્તાનંદ સ્વામીએ મયારામ ભટ્ટને રામાનંદ સ્વામીને પહોંચાડવા ભૂજ તત્કાળ મોકલ્યા.

"પછી મયારામ લાગી પાય, ચાલ્યા ભૂજનગરને રાય;
સપ્ત દિને પહોંચ્યા ભૂજ શહેર, સ્વામી હતા ગંગારામ ઘેર."[૯]

## એ તો સૌથી મોટા છે

મયારામ ભટ્ટ બંને પત્રો લઈ ભૂજનગરે સાત દિવસે પહોંચ્યા. ભૂજમાં રામાનંદ સ્વામી ગંગારામ મલ્લના ઘરે સભા કરીને બેઠા હતા. ત્યાં મયારામ ભટ્ટ બંને પત્રો લઈ આવી પહોંચ્યા. રામાનંદ સ્વામીને દંડવત કર્યા. રામાનંદ સ્વામીને ભાવપૂર્વક ચરણસ્પર્શ કરી પ્રેમથી મુક્તાનંદ સ્વામીએ આપેલા બંને પત્રો તેઓના હસ્તમાં મૂક્યા.

રામાનંદ સ્વામીને એમના શિષ્યો ભગવાન તરીકે માનતા હતા તથા પૂજતા હતા. પણ રામાનંદ સ્વામી તો મુક્ત હતા. તેઓ તો અંતર્યામીપણે જાણતા જ હતા કે સર્વોપરી ભગવાન પોતે લોજ આવી ગયા છે. તેથી પત્રો પર દૃષ્ટિ પડતાં જ એમને આનંદ આનંદ થઈ ગયો.

"રાજી થઈ રામાનંદજીએ, લીધા પત્ર તે બેઉ હાથ;
વર્ણી આવ્યાની વાત વાંચી, રાજી થયા આપે નાથ.
પોતા વિષે અતિભાવ છે, તપે કરી કૃશ છે શરીર;
એવાં વચન વિચારીને, આવ્યાં પોતાને નયણે નીર.
ગદ્ગદ કંઠે ગિરા થઈ, ધીરા રહીને વાંચ્યા કાગળ;
પછી તેહની વારતા, કહી હરિજનને આગળ.
સુંદર આદિ સતસંગી, સુણવા આવ્યા સહુ કોય;
નીલકંઠજીના ગુણને, કહેતાં સુણતાં તૃપ્ત ન હોય."[૧૦]

સૌપ્રથમ તેઓ મુક્તાનંદ સ્વામીનો પત્ર ખોલી સભા મધ્યે વાંચવા લાગ્યા. પત્રમાં ભારોભાર વર્ણીનું મહાત્મ્ય છલકાતું હતું. તે વાંચી રામાનંદ સ્વામી

૯. ભક્તચિંતામણિ : પ્રકરણ-૪૨
૧૦. ભક્તચિંતામણિ : પ્રકરણ-૪૩

પુલકિત થયા. તો સભાજનોને વર્ણી કેવા છે ? કોણ છે ? તે જાણવાની ઉત્સુકતા વધી હતી. સૌને વર્ણીનું આશ્ચર્ય લાધ્યું હતું.

પત્રમાંની સઘળી વિગત જાણી સ્વામી સભા વચ્ચે આનંદમાં આવી ચિત્કારી ઊઠ્યા, "આવી ગયા... આવી ગયા... હે ભક્તજનો ! જેની અમે વર્ષોથી રાહ જોતા હતા એ રાજાધિરાજ આવી ગયા ! હવે અમારી બધી ચિંતા ટળી. જેને માટે થઈ અમે આ દાખડો કરતા હતા તે સત્સંગના ધણી લોજમાં આવી ગયા છે. અમે આજ સુધી કહેતા હતા કે, હું તો માત્ર ડુગડુગી વગાડનારો છું... ખરો ખેલ ભજવનાર તો પાછળ આવશે. એ ખેલ ભજવનાર સ્વયં સર્વોપરી પ્રભુ આવી ગયા છે."

આ આનંદના સમાચાર સાંભળી એક હરિભક્તે પૂછ્યું, "શું એ બ્રહ્મચારી પર્વતભાઈ જેવા છે ?"

સ્વામીએ કહ્યું, "એથીય મોટા."

"શું સુખાનંદ સ્વામી જેવા મોટા ?"

"અરે, એથીય મોટા."

"શું મુક્તાનંદ સ્વામી જેવા મોટા છે ?"

"એથીયે મોટા."

"શું આપના જેવા મોટા ?"

"અરે... અમે તો શું અમારા જેવા અનંત મુક્તો તેમની અહોનિશ સ્તુતિ કરે છે એવા સર્વોપરી છે."

આમ, સ્વયં રામાનંદ સ્વામીએ માત્ર પત્ર પરથી પ્રથમ દિવસે જ વર્ણીનો મહિમા સભાને કહી સંભળાવ્યો તેમજ નિર્દેશ પણ કર્યો કે ખરા સત્સંગના ધણી એ છે. જે હવે લોજપુરમાં પધારી ચૂક્યા છે.

હવે રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીનો બીજો પત્ર હાથમાં લીધો. સ્વયં વર્ણીને નમસ્કાર કરતા હોય તેમ જ પત્રને ભાવપૂર્વક વંદન કર્યા. પછી પત્રને છાતીસરસો ચાંપીને હાથમાં લઈ ઉઘાડવા માંડ્યો. ત્યાં તો એમાંથી પ્રકાશનો પુંજ છૂટ્યો. ચારે બાજુ પ્રકાશ... પ્રકાશ... શીતળ શાંત પ્રકાશ રેલાવા લાગ્યો.

સૌ સભાજનો તો જોઈ જ રહ્યા. અહોહો... જેના હસ્તાક્ષરમાં અને પત્રમાં આટલું તેજ ભર્યું છે એ મૂર્તિમાં કેટલું તેજ હશે ? ને વર્ણી કેવા પ્રતાપી હશે ? રામાનંદ સ્વામીએ સભાજનોને સંબોધ્યું : "જુઓ જેના પત્રમાં આટલો પ્રતાપ છે

તો સ્વયં પુરુષોત્તમનારાયણ કેટલા બધા પ્રૌઢપ્રતાપી હશે ! હવે મારે તમને વિશેષ કંઈ કહેવું નથી. તેમના પ્રૌઢપ્રતાપને તમે જ અનુભવશો...''

## રામાનંદ સ્વામીનો વળતો પત્ર

રામાનંદ સ્વામીએ વળતો જવાબ આપવા મુક્તાનંદ સ્વામી તથા નીલકંઠ વર્ણી પ્રત્યે પત્ર લખતાં લખ્યું કે, ''હે મુક્તાનંદ સ્વામી ! આશ્રમને વિષે પધારેલા નીલકંઠ વર્ણી બહુ મોટા છે. તેમનાં તપ, ત્યાગ, વૈરાગ્ય તેમજ ધ્યાન ને અષ્ટાંગ યોગથી માત્ર કોઈ મોટા તપસ્વી કે યોગી પુરુષ ન માની બેસતા. તેઓ જ સત્સંગના ખરા ધણી છે. પૂર્ણ પુરુષોત્તમનારાયણ સ્વયં છે. રાજાધિરાજ છે. સર્વાવતારી છે. તેમને વિષે મનુષ્યપણાનો ભાવ ન આવી જાય તેનો ખ્યાલ રાખશો. તેઓ આ લોકના નથી. દિવ્યભાવે તેમની થાય તેટલી સેવા કરજો ને તેમના અવરભાવનું ખૂબ જતન કરજો. મારા કરતાં પણ વિશેષ હેત, આત્મબુદ્ધિ હવે તેમની સાથે કરજો. તેમની આજ્ઞા તેમજ અનુવૃત્તિને જાણજો. તે પ્રમાણે અનુસરજો. તેમની પાસેથી સાધુતાના ગુણો તેમજ સર્વોપરી નિશ્ચય શીખજો. કેવળ કૃપાથી વર્ણીએ તમને સેવાનો યોગ આપ્યો છે. તો તમે તથા બીજા સાધુઓ મહિમાથી વર્ણીની દિવ્ય સેવા કરી એમને રાજી કરજો. અમે વૈશાખ ઊતરતાં ત્યાં આવીશું.''

અને બીજા પત્રમાં વર્ણી પ્રત્યે લખ્યું હતું કે,

"તપે કરી છે કૃશ તન, માટે જમજો કાંઈક અન્ન;
હવે તપ કરશો મા એવું, પડે તન ન મળે એ જેવું.
જ્ઞાન ભક્તિ તપ નિજધર્મ, તેનું સાધનરૂપ એ મર્મ;
માટે અમ સારુ એ દેહને, કરવું પોષણ કહું છું તેહને.
એહ દેહ વડે મહારાજ, બહુ કરવા ધાર્યાં છે કાજ;
એમ સ્વામીએ વિચારી મન, એવાં લખ્યાં કાગળે વચન."[૧૧]

''હે વર્ણીરાજ ! આપ કેવળ કૃપા કરી આશ્રમને વિષે પધાર્યા છો. આપ અત્યંત ત્યાગ ને આકરું તપ કરો છો એ જાણ્યું, પણ આપને સત્સંગમાં હજુ અનેક કાર્યો કરવાનાં છે. અનેક જીવોને આપનું સર્વોપરી સ્વરૂપ ઓળખાવવાનું છે. તેથી આપ આપના દેખાતા ભાવને આ લોકની રીત મુજબ સાચવજો. અને એ

**૧૧.** ભક્તચિંતામણિ : પ્રકરણ ૪૩

નિમિત્તે અનેક જીવોને સેવાના ભાગી કરજો. આપ જે હેતુ માટે આ બ્રહ્માંડમાં પ્રગટ થયા છો એ સંકલ્પ આપ જલદી સાકાર કરજો. આપ ભક્તવત્સલ છો. ને જેમ તમને અમારાં દર્શનની તાણ છે તેમ અમે પણ આપનાં દર્શન માટે આતુર છીએ.''

આમ બંને પત્રો લખી મયારામ ભટ્ટને આપ્યા ને તેમને લોજ જવા રવાના કર્યા. ખરેખરા મોટા મોટાને ઓળખી શકે. રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને ઓળખી લીધા હતા. ઓળખે જ ને ! આ તો અગાઉથી એકબીજાનું કરેલું આયોજન હતું. આ લોકમાં (અવરભાવમાં) તો માત્ર એમને નરનાટક જ ભજવવાનું હતું.

## એ જેવા તો એ એક જ !

રામાનંદ સ્વામી નીલકંઠ વર્ણીના આગમનથી ખૂબ પ્રસન્ન થયા હતા. તેમણે મયારામ ભટ્ટને તાકીદ કરી કે, ''તમે આ પત્ર લઈને લોજપુર જતાં રસ્તામાં જે જે ગામ આવે ત્યાં સમાચાર આપજો કે, હવે કોઈ અમારે દર્શને ભૂજ ન આવે પણ લોજમાં જે બ્રહ્મચારી આવ્યા છે તે બહુ મોટા છે તેમનાં દર્શન કરવા લોજ જાય એમ અમારી આજ્ઞા છે તે સૌને કહેજો.''

મયારામ ભટ્ટ તેમના પંથમાં જે જે ગામ આવ્યા ત્યાં ત્યાં રામાનંદ સ્વામીના હેતવાળા તમામ સત્સંગીને સ્વામીનો સંદેશ સંભળાવતા. વર્ણીના લોજમાં દર્શન કરવાનું કહેતા. આમ તમામ ગામોમાં સંદેશો ફરી વળવાથી ગામોગામ ઉદ્‌ઘોષ ઊપડ્યો. સહુને વર્ણીનાં દર્શન કરવાની આતુરતા જાગી. ને ગામોગામ તથા દેશોદેશના હરિભક્તો દરરોજ વર્ણીનાં દર્શન કરવા લોજ ગામે આવવા માંડ્યા.

મયારામ ભટ્ટ રસ્તામાં શેખપાટ ગામે પહોંચ્યા. ત્યાં લાલજી સુથાર રામાનંદ સ્વામીના અનન્ય ભક્ત હતા. તેમના રોમેરોમમાં રામાનંદ સ્વામી પ્રત્યે અડગ નિષ્ઠા હતી. ત્યાં ભટ્ટજીએ લાલજી સુથારને કહ્યું, ''રામાનંદ સ્વામીએ લોજ જવાની આજ્ઞા સૌને કરી છે. લોજમાં બહુ મોટા વર્ણી આવ્યા છે. માટે ભૂજ રામાનંદ સ્વામીનાં દર્શને ન જતાં લોજ વર્ણીનાં દર્શન કરવા જજો.''

શેખપાટના લાલજી સુથારને આ વાત ન ગમી. તેઓ બુદ્ધિશાળી ને વિચક્ષણ પુરુષ હતા. તેમણે વિચાર્યું કે, 'પોતાના ગુરુ રામાનંદ સ્વામી કરતાં આ વર્ણી કોણ અધિક કે તેમનો આટલો બધો મહિમા ! નક્કી રામાનંદ સ્વામી બધાની કસોટી લેતા લાગે છે. પણ હું નહિ ભરમાઉં. મારે તો ભૂજ રામાનંદ સ્વામીનાં

દર્શન કરવા જવું.' એમ વિચારી લાલજી સુથાર લોજ ન જતાં ભૂજ આવ્યા.

લાલજી સુથારને ભૂજ આવેલા જોઈ રામાનંદ સ્વામીને આશ્ચર્ય થયું. તેમણે પૂછ્યું, ''લાલજી ! તમને મયારામ ભટ્ટે કંઈ સમાચાર આપ્યા નથી ?'' લાલજીએ કહ્યું, ''સ્વામી ! મને સમાચાર મળ્યા એટલે તો અહીં દોડતો આવ્યો. સ્વામી ! આ વળી કોણ નવું આવ્યું છે ? સ્વામી ! આપનાથી શ્રેષ્ઠ ને મોટું અમારા માટે બીજું કોઈ નથી. જે કાચા-પોચા હરિભક્ત હતા તે તો સઘળા ત્યાં દોડીને લોજ ગયા ! પણ સ્વામી ! હું કાચો હરિભક્ત નથી. આપને વિષે પતિવ્રતાની નિષ્ઠાવાળો છું. હું કંઈ કોઈની વાત સહેલાઈથી માની લઉં એવો નથી. અને નિષ્ઠાની બાબતે તો કોઈની પણ વાત માનું જ શાનો !''

આ સાંભળી રામાનંદ સ્વામીએ લાલજી સુથારને ઠપકો આપ્યો કે, ''લાલજી ! તમે અમારી આજ્ઞા લોપીને અહીં આવ્યા તે સારું ન કર્યું ! તમારે પણ લોજ નીલકંઠ વર્ણીનાં દર્શન કરવા જવાનું હતું.''

''પણ સ્વામી ! વર્ણીમાં એવું શું છે તે તમે બધાને ત્યાં મોકલો છો ? અમારા માટે આપનાથી અધિક કશું નથી અને આપની પ્રાપ્તિમાં જ પૂર્ણપણું મનાયું છે પછી ત્યાં જવાની જરૂર શું ?'' એમ લાલજી સુથારે કહ્યું.

રામાનંદ સ્વામીએ કહ્યું, ''લાલજી ! એ તમારી મોટી ભૂલ છે. તમે અમારા અનન્ય ભક્ત ખરા. પણ હજુ તમને વર્ણીના સામર્થ્યની કે મહિમાની ખબર નથી એટલે તમે આમ બોલો છો. તમે માત્ર એક વાર એમનાં દર્શન તો કરી આવો; પછી જોજો..!''

ત્યારે લાલજી સુથારે પૂછ્યું, ''સ્વામી ! મને હજુ આપની વાતમાં ઘેડ્ય પડતી નથી. તમે આટલો બધો મહિમા વર્ણીનો કેમ ગાવ છો ?'' ત્યારે સદ્. રામાનંદ સ્વામીએ કહ્યું,

"આ છે અવતારના અવતારી, વળી શું કહીએ વિસ્તારી;
એવા મોટાનાં દર્શન મૂકી, કેમ આવ્યા છો કચ્છ ચૂકી."

લાલજી સુથારે પૂછ્યું, ''સ્વામી ! તો એ વર્ણી શું આગળ થઈ ગયેલા ઐશ્વર્યાર્થીઓ જેવા છે ?''

''એથી મોટા છે.''

''શું તેઓ પ્રધાનપુરુષ જેવા છે ?''

''એથી પણ મોટા છે.''

"તો શું પ્રકૃતિપુરુષ જેવા મોટા છે ?"

"અરે, એથી પણ મોટા છે."

"તો પછી સ્વામી આપના જેવા છે !"

ત્યારે રામાનંદ સ્વામીએ હસતાં હસતાં કહ્યું, "હે લાલજી સુથાર ! અનંતકોટિ બ્રહ્માંડોમાં એ જેવા તો એ એક જ છે. અન્ય અનંતાનંત છે. અનંત અક્ષરાદિક સુધી સર્વે તેમની અન્વય શક્તિએ કરીને તેજાયમાન છે. અનંતકોટિ બ્રહ્માંડમાં એમનું જ સંપૂર્ણ કર્તાપણું છે અને અમારા જેવા અનંત મુક્તો છે જે અહોનિશ એમને સ્તુતિ-પ્રાર્થના કરી, ન ઇતિ ન ઇતિ કરી અપાર મહિમા ગાય છે. છતાં જેના સુખનો કે સામર્થીનો પાર પમાતો નથી એવા પૂર્ણ પુરુષોત્તમ આ પોતે છે. માટે હે લાલજી સુથાર ! આપ આ બધું માનીને એમને દર્શને જાવ."

આમ, સદ્. રામાનંદ સ્વામીએ લાલજી સુથારને વર્ણીરાજનો ખૂબ મહિમા સમજાવ્યો.

# ૨

# દિવ્ય ગુરુ મિલન

**(આ.સં. ૧૮૫૬-૫૭, ઈ.સ. ૧૮૦૦)**

## મિલનની અધીરાઈ

રામાનંદ સ્વામીનો પત્ર મળતાં નીલકંઠ વર્ણીને કાંઈક ધીરજ આવી. 'સ્વામી જરૂર વૈશાખ માસમાં પધારશે. એમનું મિલન-દર્શન થશે.' એ વિચારે વર્ણી આશ્રમમાં મુક્તાનંદ સ્વામીની આજ્ઞામાં પ્રવૃત્ત થઈ ગયા. છતાં તેમની હરએક ક્રિયામાં ગુરુનાં દર્શનની-સમાગમની તાલાવેલી તો ડોકાયા કરતી.

વર્ણી સ્વયં પૂર્ણ પુરુષોત્તમનારાયણ હતા. એમને કોનાં દર્શનની ઝંખના હોય ? એમનાં દર્શનની જ સૌ અહોનિશ પ્રાર્થના-ઝંખના કરતા હોય છે. પરંતુ આ લોકમાં ગુરુનાં દર્શન, સ્પર્શ, સેવા-સમાગમની ભૂખ, ખટકો, આગ્રહ કેવો હોવો જોઈએ ! તેનું પોતાના જીવનમાં સુપેરે દર્શન કરાવી અનંતનાં જીવન માટે પથદર્શક બની રહેવા માટે જ તેઓનું આ ચરિત્ર હતું. સત્પુરુષના રૂડા ગુણ ને એમનો સહજમાં રાજીપો મેળવવા માટેનો આ જ તો શ્રેષ્ઠ ઉપાય છે.

વર્ણી હવે દિવસો ગણતા કે ક્યારે રામાનંદ સ્વામી આવે ને ક્યારે મેળાપ થાય ! એમ કરતાં વૈશાખ મહિનો વીતી ગયો અને જેઠ બેઠો તોય સ્વામીના કોઈ સગડ આવતા નથી. વર્ણીના મુખ પર ઉદાસીનતાના ભાવો જણાવા લાગ્યા. તેઓનાં દર્શન માટેની બેચેની વારે વારે જણાઈ આવતી.

મુક્તાનંદ સ્વામીથી વર્ણીના આ વિરહની અભિવ્યક્તિ છાની રહેતી નહીં. પણ આખરે મુક્તાનંદ સ્વામી સાંત્વના સિવાય બીજું શું આપી શકવાના હતા ?

તેથી તેઓ આશ્વાસન આપતા ને વર્ણીની ઉદાસી દૂર કરવાનો પ્રયત્ન કરતા. નિત્ય દિવસ ઊગે ને મુક્તાનંદ સ્વામી વર્ણીને જુએ એટલે તેમને વર્ણીના નેત્રોમાં દર્શનની અજબ પ્યાસ ને મુખ પર માયૂસી દેખાતી. જેથી વર્ણીને શું આશ્વાસન આપવું એ કાંઈ સમજાતું ન હતું. મુક્તાનંદ સ્વામી પાસે પણ હવે આશ્વાસનના શબ્દો ખૂટી ગયા હતા. સ્વામીને ચિંતા એ હતી કે રખે ને વર્ણી અહીંથી ચાલ્યા જશે તો ! આ મહામૂલી મૂડી, અણમોલ અદ્વિતીય મોંઘેરું રત્ન અહીંથી ચાલ્યું જશે તો ?

આજે તો વર્ણીએ સવાર સવારમાં જ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું, “સ્વામી ! હવે તો ક્યાં સુધી ધીરજ રાખવી ? રામાનંદ સ્વામીનો વાયદો તો પૂરો થયો. જેઠ પણ અડધો ચાલ્યો ગયો... હવે..?”

મુક્તાનંદ સ્વામી ધીરજ આપી આપીને થાક્યા હતા પણ છતાંય, “બે-ચાર દિવસમાં જ આવવા જોઈએ, જરૂર આવશે.” એમ કહી દિવસો પસાર કર્યે રાખતા હતા. નીલકંઠ વર્ણીને લોજમાં આવ્યે નવ માસ વીતી ગયા હતા. હવે તેઓ રામાનંદ સ્વામીનાં દર્શનની, વિરહની ચરમસીમા જણાવતા હતા.

અંતે વિરહનો અંત લાવતી પળ આવી ચૂકી.

સરજુદાસનાં દર્શનની ઝંખના, આતુરતાનો અંત આવવાની પળ આવી ગઈ.

અહીં નીલકંઠ વર્ણી જેટલા રામાનંદ સ્વામીનાં દર્શનાતુર હતા એટલા જ દર્શનાતુર રામાનંદ સ્વામી પણ હતા. બંને પક્ષે તાલાવેલી હતી.

રામાનંદ સ્વામી પીપલાણા નરસિંહ મહેતાના ઘેર પધારી ચૂક્યા હતા. તેમણે પ્રથમ કાર્ય કુંવરજી દવેને બોલાવી લોજ સંદેશો મોકલવાનું કર્યું.

જેઠ વદિ દશમીના દિવસે “રામાનંદ સ્વામી પીપલાણા પધારી ચૂક્યા છે તેમજ વર્ણીનાં દર્શન માટે તેઓ ઉત્સુક છે. માટે મુક્તાનંદ સ્વામી વર્ણીને તથા સંતોને લઈને પીપલાણા નરસિંહ મહેતાના ઘરે પધારે.” એવો રામાનંદ સ્વામીનો સંદેશો લઈને પીપલાણાથી કુંવરજી દવેએ લોજ ભણી પ્રયાણ કર્યું.

કુંવરજી દવે આનંદ ને ઉત્સાહમાં હાંફળા-ફાંફળા ત્વરિત ગતિએથી લોજ તરફ ચાલતા હતા. આ સમાચાર જલદીથી વર્ણીને સંભળાવવા હતા. તેથી ઉતાવળે લોજ આવી પહોંચ્યા. કુંવરજી દવેના મોં પરનો આનંદ, ઉમંગ ને અંગમાં ઉત્સાહ દેખી તેમજ હરખભર્યું ઉતાવળું આવવું જોઈ મુક્તાનંદ સ્વામી વાત પામી

ગયા કે જરૂર રામાનંદ સ્વામી આવ્યાના સમાચાર લઈને જ કુંવરજી દવે આવ્યા લાગે છે.

કુંવરજી દવેએ આવીને મુક્તાનંદ સ્વામીના ચરણોમાં દંડવત કર્યા. નીલકંઠ વર્ણીનાં પણ દર્શન કર્યાં ને હરખભેર બોલ્યા, ‘‘સ્વામી ! વધામણી આપો એવો સંદેશો લઈને આવ્યો છું.’’

નીલકંઠ વર્ણીની અધીરાઈ છતી થઈ. તેમણે તુરત પૂછ્યું, ‘‘શા સમાચાર લાવ્યા છો ? રામાનંદ સ્વામીના આગમનના સમાચાર હોય તો કહેજો. એ સિવાય બીજા કોઈ સમાચાર અમારા માટે સારા નથી. અમારા માટે તો રામાનંદ સ્વામીના આગમનના સમાચારની જ ઇંતેજારી છે. એ હોય તો ખુશીથી કહો.’’

કુંવરજી દવે મલક્યા. પછી બોલ્યા, ‘‘સ્વામી ! આનંદો. રામાનંદ સ્વામી પીપલાણા પધારી ચૂક્યા છે. ને એમણે જ મને સંદેશો આપવા મોકલ્યો છે કે મુક્તાનંદ સ્વામી જલદી નીલકંઠ વર્ણીને તથા સંતોને સાથે લઈ અહીં આવે. તો સ્વામી ! આપ હવે તૈયારી કરો.’’

આ સમાચાર સાંભળી વર્ણી કરતાંય વિશેષ હર્ષ મુક્તાનંદ સ્વામીને થયો. કેમ કે વર્ણી જેની ઝંખના કરતા હતા એમના મુખ પરની ગ્લાનિ સ્વામી જોઈ શકતા નહોતા. અને હવે વર્ણીના વિરહનો અંત આવ્યો હતો.

વર્ણી તો આ સમાચાર સાંભળી આનંદથી ઝૂમી ઊઠ્યા. એમના મુખ પર વિષાદનાં વાદળો મંડાયેલાં રહેતાં હતાં તે પળમાં જ ક્યાંય વિલોમ થઈ ગયાં. મુખ પર પ્રસન્નતાનો સાગર ઘૂઘવવા લાગ્યો. શરીરમાં જોમવંતું ચૈતન્ય આવ્યું ને નેત્રોમાં નૂરનું પૂર આવ્યું હોય તેમ નેત્રો ચમકવા લાગ્યાં.

વર્ણીએ ‘સ્વામી પધારી ચૂક્યા છે’ તેવા વધામણીના સમાચારની મોજ રૂપે કુંવરજી દવે પર વ્હાલ વરસાવી તેમને અત્યંત રાજીપાથી ભરી દીધા. કુંવરજી દવે આજે ન્યાલ થઈ ગયા હતા.

સંધ્યાટાણું થયું હતું. વર્ણીએ મુક્તાનંદ સ્વામીને કહ્યું, ‘‘સ્વામી ! ચાલો હવે આપણે અત્યારે જ પીપલાણા જવા નીકળીએ.’’ વર્ણીની અધીરાઈ જોઈ મુક્તાનંદ સ્વામી કેમ ના પાડી શકે ? મુક્તાનંદ સ્વામી અને નીલકંઠ વર્ણી અને સાથે સંતોએ સમી સાંજે પીપલાણા જવા પ્રયાણ કરી દીધું. વચ્ચે કાલવાણી ગામે પહોંચ્યા. ત્યાં ટીમણ કર્યું. મુક્તાનંદ સ્વામીએ ત્યાં રાત્રિ રોકાવાનો વિચાર કર્યો ત્યારે વર્ણી દિલગીર થઈ ગયા. મુક્તાનંદ સ્વામીને કહેવા લાગ્યા, ‘‘સ્વામી !

આપણે અત્યારે જ નીકળવું છે. અહીં રાત્રિ રહેવું પોષાય એમ નથી. આખી રાત્રિ તો કેમ ખૂટશે ? માટે અત્યારે ચાલીએ.''

મુક્તાનંદ સ્વામીએ કહ્યું, ''વર્ણીરાજ ! કૃષ્ણપક્ષની દશમી છે. ચંદ્રમા ઊગ્યે નીકળીશું.''

વર્ણી બોલ્યા, ''ચંદ્રમા ઊગ્યાનું શું પ્રયોજન છે ? સ્વામીનાં દર્શનનો વિલંબ શે સહ્યો જાય ?''

મુક્તાનંદ સ્વામી વર્ણીની દર્શનની અતિશે તીવ્રતા પામી ગયા. તેમણે કહ્યું, ''હમણાં જ નીકળીએ છીએ. પર્વતભાઈ તથા બીજા હરિભક્તો આવી જાય તેમને સાથે લઈને જઈએ. આપ થોડી જ વાર ધીરજ ધરવા કૃપા કરશો.'' વર્ણી બોલ્યા, ''સ્વામી ! રામાનંદ સ્વામીનાં દર્શન કર્યા વિના એક પળ જાય છે તે કોટિ કલ્પ જેવી લાગે છે. હવે ધીરજ કેટલી ધરવી ?''

એટલી વારમાં જ પર્વતભાઈ, જીવરામ સોની, જેઠા ભક્ત, ખીમજી શેઠ ને અંબારામ વ્યાસ વગેરે હરિભક્તો આવી ગયા. આકાશે ચંદ્ર પણ ઊગ્યો હતો. હવે સર્વે સંઘ ત્યાંથી ચાલી નીકળ્યો. થોડી વાર ચાલ્યા ત્યાં વર્ણીએ તો થાકી ગયા હોય એવા ભાવ જણાવ્યા. તેઓ નીચે બેસી ગયા. વર્ણી બહુ દૂબળા-પાતળા હતા. તેમના ચરણ થાકી ગયા હશે તેવું વિચારી હરિભક્તો ચરણસેવા કરવા લાગ્યા.

આ જોઈ સંઘમાં અયોધ્યાદાસ નામે સાધુ હતા તે બોલ્યા, ''અરે દૂબલી ! ક્યો ઐસે બેઠ જાતે હો ? બેઠો મેરી કાંધ પર..! મૈં બૈઠા કે લે જાતા હૂં !''

વર્ણીને સાધુનું આ દેહાભિમાન-પોતાના બાહુબળનું ગુમાન ગમ્યું નહીં. વર્ણીએ જવાબ આપતાં કહ્યું, ''સાધુરામ ! તમારાથી મારો ભાર ઊંચકી શકાશે નહીં.'' આ સાંભળી એ સાધુએ ફરી પોતાનો ગર્વ પ્રદશિત કર્યો. વર્ણી તો ગર્વિષ્ઠ વ્યક્તિનો ગર્વ તરત ઉતારતા. તેથી તેઓ સાધુના ખભા પર બેસી ગયા ને ધીરે ધીરે પોતાનું વજન વધારતા ગયા.

અયોધ્યાદાસ ત્યાંથી એક તસુ પણ ચાલી શક્યા નહીં. વર્ણીએ એટલું બધું વજન મૂક્યું કે તે રાડ પાડી ગયા ને બોલ્યા, ''અરે, વર્ણી ! તુમ જલદી ઊતરો. જલદી ઊતરો. મેરી કાંધ તૂટ જાયેગી.'' એટલે વર્ણી કૃપા કરી નીચે ઊતર્યા ને ચાલવા માંડ્યા. પણ શરીરે દુર્બળ તથા અશક્ત હોવાથી વારે વારે થાકી જતા જેથી સૌની પાછળ રહી જતા. તેથી એક સંતે કહ્યું કે, ''આમ ધીરે ધીરે ચાલશો

તો પીપલાણા ક્યારે પહોંચશો ? તમારે લીધે બીજા પણ ઉતાવળ કરી શકતા નથી. જો આપ રજા આપો તો અમે બધા તમને તેડી લઈએ.''

અને આ સાંભળતાં જ જેમ કમાનમાંથી તીર છૂટે તેમ નીલકંઠ વર્ણીએ તો વાયુવેગે ચાલવા માંડ્યું. અન્ય સંતો તો ક્યાંય પાછળ રહી ગયા. આગળ જતાં ઓઝત નદી આવી. વરસાદ થયો હોવાથી આ નદી બે કાંઠે ગાંડીતૂર થઈ વહેતી હતી.

બીજી બાજુ વર્ણીનેય રામાનંદ સ્વામી પ્રત્યે અપ્રતિમ પ્રેમનું ઘોડાપૂર જ આવ્યું હતું ને ! વર્ણીને પાણીનાં બંધન ક્યાં નડે એવાં હતાં ? તે તો પૂરના પ્રવાહમાંય સડક પર સડસડાટ ચાલે તેમ સામા કાંઠે પહોંચી ગયા. બંને કાંઠા પર ઊભેલા માણસો તો વર્ણીના આ દિવ્ય ચરિત્રને જોતા જ રહ્યા.

પાછળ રહી ગયેલા બીજા બધા સંતો-હરિભક્તો તરાપામાં બેસીને આવ્યા. સામા કાંઠે જઈ સૌએ નાહી-ધોઈ, પૂજાપાઠ કરી એકસાથે નરસિંહ મહેતાના ઘરે જ્યાં રામાનંદ સ્વામી બિરાજતા હતા તે તરફ પ્રયાણ કર્યું.

## સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ?

સંવત ૧૮૫૬ના જેઠ વદ બારસનો દિવસ મંગલકારી બની રહ્યો.

અવરભાવમાં ગુરુ-શિષ્યના પ્રથમ મિલનની મંગલમય ઘટના હતી.

મુક્ત અને મુક્તપતિના મિલનના દૃશ્યની અલૌકિક ક્ષણ હતી.

સંપ્રદાયના ઈતિહાસમાં આ પ્રથમ મિલનની ઐતિહાસિક ઘટના એના પૃષ્ઠોમાં અંકિત થવા સર્જાઈ હતી.

રામાનંદ સ્વામી તો પૂર્ણ પુરુષોત્તમનારાયણ અક્ષરધામના અધિપતિના અનાદિમુક્ત હતા. અવરભાવમાં પ્રગટ થઈ અક્ષરાધિપતિને નરનાટક ભજવવાનું પૂર્વ આયોજન તૈયાર કરવા માટે જ તો તેમનું પ્રાગટ્ય હતું. એમણે ડુગડુગી વગાડી હરિભક્ત સમાજને ભેગો કર્યો હતો અને સમય પાકતાં જ ધણી પોતાનું બિરદ જાણી કર્તવ્ય બજાવવા આજે પીપલાણા મુકામે પહોંચી ચૂક્યા હતા.

રામાનંદ સ્વામી પીપલાણામાં નરસિંહ મહેતાના ઘરે સભા કરી બિરાજ્યા હતા. ત્યાં જ કોઈએ સમાચાર આપ્યા કે, ''લોજથી મુક્તાનંદ સ્વામી વર્ણીને લઈ સંતો-હરિભક્તોના સંઘ સાથે આવી રહ્યા છે ને હમણાં જ અહીં આવી પહોંચશે.''

રામાનંદ સ્વામી વર્ણીનાં દર્શન માટે ખૂબ ઉત્સુક થયા. વર્ણીનાં દર્શનની અધીરાઈ છાની ન રહી. તેઓ તરત ગાદી પરથી ઊભા થઈ ગયા ને સામે મળવા તૈયાર થયા. ત્યાં તો સંઘ નજીક આવી પહોંચ્યો. નીલકંઠ વર્ણીએ રામાનંદ સ્વામીનાં દર્શન કર્યાં ને ત્યાં જ દંડવત કરવા માંડ્યા. તેઓ દંડવત કરતા જ રહ્યા. પણ રામાનંદ સ્વામી પ્રભુની પ્રભુતા પિછાનતા હોવાથી લઘુતા તરફ કેમ જવા દે ? એટલે જ તેમણે નીલકંઠ વર્ણીને દંડવત કરતાં ઊભા થઈને ઝાલી લીધા અને હર્ષથી ભેટી પડ્યા.

અને ગુરુ-શિષ્યનું, મુક્ત અને મુક્તપતિના એક અનોખા મિલનનું હૃદયંગમ દૃશ્ય સર્જાયું..! ઘણા સમયની આતુરતાનો અંત આવ્યો હોવાથી બંને ગદ્ગદ થઈ ગયા. રામાનંદ સ્વામી વર્ણીને છાતીસરસા ચાંપી ખૂબ વ્હાલ વરસાવી ભેટતા હતા. જાણે વર્ણીના આશ્લેષમાં સમાઈ જવા સ્વામી મથતા હતા. સંતો-હરિભક્તોએ આજે પ્રથમ વાર જ રામાનંદ સ્વામીનાં આટલા પ્રસન્ન મુખે તેમજ અત્યંત રાજીપો વ્યક્ત કરતાં દર્શન કર્યાં હતાં. બંનેના નેત્રોમાંથી હર્ષના આંસુઓની ધારા વહેવા લાગી હતી.

મુક્ત અને મુક્તપતિના મિલનના આવા દિવ્ય તેમજ અલૌકિક દર્શન નિહાળતાં જ સૌના અંતઃશત્રુઓ વિના દાખડે હણાઈ જતા લાગ્યા. આ દિવ્યભાવનું-અલૌકિકતાના અનોખા સંગમનું દૃશ્ય સૌ કોઈના નેત્રપટ પરથી હટતું નહોતું. રામાનંદ સ્વામીના સંતોમાં તેમજ ભક્ત સમુદાયમાં વર્ણીને વિષે દિવ્યતા ને અલૌકિકતા સહેજે પ્રગટી હતી.

રામાનંદ સ્વામીએ નીલકંઠ વર્ણીને પોતાની પાસે જ આસન નખાવી બિરાજમાન કર્યા ને બધા ક્ષેમકુશળ પૂછ્યા. ત્યારબાદ અવરભાવની રીત પ્રમાણે રામાનંદ સ્વામીએ વર્ણીને તેમનું કુળ, દેશ, પ્રાગટ્ય, વેદ, શાસ્ત્ર, ગોત્ર, પ્રવર, માતાપિતાનાં નામ ઇત્યાદિક પૂછ્યું. વર્ણીએ પણ અવરભાવની રીતે તેના સવિસ્તાર જવાબો આપ્યા ને વનવિચરણનું વૃત્તાંત કહ્યું. તે સાંભળી રામાનંદ સ્વામી પ્રસન્ન થયા ને કહ્યું, "પ્રયાગમાં ધર્મદેવ તથા ભક્તિમાતા અમને મળ્યાં હતાં. તેઓ અમારાં જ શિષ્ય હતાં."

નીલકંઠ વર્ણી લોજમાં દસ માસ જેટલો સમય રહેલા. રામાનંદ સ્વામીના સાધુઓ તથા અનેક હરિભક્તો રામાનંદ સ્વામીને સનાતન ભગવાન માનીને ભજન-ભક્તિ કરતા હતા તે એમણે જોયું હતું.

અને જેને જે સંગાથે હેત થયું હોય અથવા જેની પ્રાપ્તિ થઈ હોય તેને તે ભગવાન માની બેસતા હોય છે. ખરેખર અનંતકોટિ બ્રહ્માંડમાં સનાતન ભગવાન કેટલા હોય ? એક જ હોય. ''અને વળી જે ભગવાન છે તે જેવા તો એ એક જ છે.''[૧૨]

નીલકંઠ વર્ણી આજે પ્રથમ દિવસે જ આ પ્રશ્નનો ઉકેલ લાવવા ઈચ્છતા હતા. અને તેથી જ રામાનંદ સ્વામીએ વર્ણીને જે પૂછવાનું હતું તે બધું પૂછી લીધું તેના જવાબ આપ્યા પછી વર્ણીને પૂછવાનો વારો આવ્યો. અને પ્રથમ મિલન વખતે જ વર્ણીએ અદ્‌ભુત પ્રશ્ન પૂછ્યા.

વર્ણીએ પૂછ્યું, ''સ્વામી ! આપ કોણ છો ?''

રામાનંદ સ્વામીએ કહ્યું, ''અમે ભગવાન છીએ.''

નીલકંઠ વર્ણીએ કહ્યું, ''અહો ! તમે ભગવાન છો ? તમે એવું શું કર્યું તે તમને ભગવાન કહો છો ? તો શું તમે પ્રધાનપુરુષ જેવા છો ?''

રામાનંદ સ્વામીએ કહ્યું, ''એથી મોટા છીએ.''

નીલકંઠ વર્ણીએ કહ્યું, ''એથી મોટા ? તમે એવું શું કર્યું તે એથી મોટા કહો છો ?''

રામાનંદ સ્વામીએ કહ્યું, ''અમે સંસારરૂપી સમુદ્ર ઉપર પંચવર્તમાનરૂપી પાળ બાંધી. દેહરૂપી લંકાને જ્ઞાનરૂપી અગ્નિથી બાળી. અહંકારરૂપી રાવણને મારી વૈરાગ્યરૂપી  વિભીષણને ગાદીએ બેસાડ્યા. એવું મોટું કાર્ય કરીએ છીએ.''

આ સંસારરૂપી સમુદ્ર પર પંચવર્તમાનરૂપી પાળ બાંધી, એટલે કે તે પર જીવ ચાલે તો આસાનીથી સંસાર સમુદ્ર તરી શકાય છે. તેમજ અનાદિકાળથી જીવ દેહને પોતાનું સ્વરૂપ માને છે. જે જે યોનિમાં ગયો, જે દેહમાં ગયો તેમાં તેણે દેહને જ પોતાનું સ્વરૂપ માની લીધું છે. તે અજ્ઞાનને હટાવવા જીવાત્માને જ્ઞાન આપીએ છીએ કે, 'દેહ તે તું નથી અને દેહ તારું સ્વરૂપ નથી.' જ્ઞાનરૂપી અગ્નિથી દેહભાવથી મુક્ત થવાય છે. ને જીવ-પ્રાણીમાત્રનો મોટામાં મોટો શત્રુ 'હું' પણું એ દેહાભિમાનરૂપી રાવણ છે. તેને 'દેહ નહિ હું મુક્ત અનાદિ' એવું જ્ઞાન કરાવી પોતાના મુક્ત સ્વરૂપનું ભાન કરાવીને પછી, 'એક મૂર્તિ સિવાય બધું જ ખોટું છે' એવી સમજણરૂપી વૈરાગ્ય કરાવી જીવને સુખિયો કરી દઈએ છીએ.

---

**૧૨.** ગઢડા છેલ્લાનું ૩૯મું વચનામૃત

આ સાંભળી નીલકંઠ વર્ણી રાજી થયા ને પછી બોલ્યા, ‘‘તો તો તમે પ્રધાનપુરુષ કરતાં બહુ મોટું કામ કર્યું. તમે એથી મોટા ખરા !’’

ફરી નીલકંઠ વર્ણીએ આશ્ચર્યવત્ પૂછ્યું, ‘‘તો પછી તમે શું પ્રકૃતિપુરુષ જેવા મોટા ?’’

ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું, ‘‘એથીય મોટા ?’’

‘‘તમે એવું શું કામ કર્યું તે એથીય મોટા ???’’

રામાનંદ સ્વામીએ કહ્યું, ‘‘એમણે શું કર્યું હતું તે કહો.’’

નીલકંઠ વર્ણીએ કહ્યું, ‘‘પ્રકૃતિપુરુષે મોટા મોટા અસુરોને હણી શાંતિ પ્રવર્તાવી હતી. તમે શું કર્યું તે કહો.’’

ત્યારે રામાનંદ સ્વામીએ કહ્યું, ‘‘અમે જ્ઞાન અને ધ્યાનરૂપી બે ગોળીઓ આપી જીવમાં રહેલાં કામ, ક્રોધ, માન, મત્સર, ઈર્ષ્યા આદિક અંતઃશત્રુઓરૂપી અસુરોને મારી જીવાત્માને આંતરિક શાંતિ પમાડીએ છીએ.

બીજા અવતારોએ બાહ્ય શત્રુઓને હણી બાહ્ય શાંતિ પ્રવર્તાવી જ્યારે અમારો બાહ્ય ઉદ્‌ઘોષ નથી જણાતો, પણ અમે જીવાત્માના આંતરિક શત્રુઓને મારી તેને આંતરિક શાંતિ આપીએ છીએ કહેતાં જીવાત્માને શાશ્વત સુખ આપીએ છીએ.’’

‘‘અહોહો... તો તો તમે પ્રકૃતિપુરુષથી બહુ મોટું કામ કરો છો.’’ એમ નીલકંઠ વર્ણીએ કહી પછી છેલ્લો પ્રશ્ન પણ ખૂબ જ મહત્ત્વનો પ્રશ્ન પૂછ્યો,

‘‘તો તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ?’’

આ પ્રશ્ન સાંભળી રામાનંદ સ્વામી અનુત્તર થઈ ગયા. તેમણે કશો જવાબ ન દીધો. કશું જ બોલ્યા નહીં. હવે એમની પાસે કોઈ જવાબ નહોતો. અને જે જવાબ જાણતા હતા તે સહુ વચ્ચે અપાય એમ નહોતો.[૧૩]

રામાનંદ સ્વામીને એમના શિષ્યો સનાતન ભગવાન જાણતા હતા, સમજતા હતા. જ્યારે રામાનંદ સ્વામી એ જાણતા હતા કે પોતાની સામે ઊભા એ નીલકંઠ વર્ણી જ સનાતન ભગવાન છે. તેથી જો તેઓ એમ કહે, ‘અમે સનાતન ઈશ્વર છીએ.’ તો એમની સામે સનાતન ઈશ્વર વર્ણી તો ઊભા જ હતા. તેથી કેમ બોલી શકાય ? અને જો એમ કહે, ‘અમે આધુનિક ઈશ્વર છીએ.’ તો એમના શિષ્યો જે સમજતા હતા તેમાં ગૂંચવણ ઊભી થાય, મુશ્કેલી સર્જાય. તેથી તેઓએ ઉત્તર ન

---

**૧૩.** શ્રીહરિચરિત્ર ચિંતામણિ : વાર્તા-૯૧

કર્યો ને ચુપકીદી સેવી લીધી.

પછી રામાનંદ સ્વામીએ વર્ણીરાજને 'ચાલો આ બાજુ' એમ કહી એક બાજુ લઈ જઈ કહ્યું, ''વર્ણીરાજ ! તમે અને હું આપણે બંને જાણીએ જ છીએ કે તમે કોણ છો ને હું કોણ છું ? તમે સનાતન સમ્રાટ સ્વરૂપ છો. હું આપનો સંકલ્પ સ્વરૂપ અનાદિમુક્ત છું. પરંતુ આ લોકમાં આ લોકની રીતે વર્તવું પડશે. માટે અમે આ લોકમાં છીએ ત્યાં સુધી આપનો પ્રૌઢ પ્રતાપ આપ ઢાંકી રાખજો ને અમે રહીએ ત્યાં સુધી કોઈ ઐશ્વર્ય-પરચો દેખાડશો નહીં.''

ને વર્ણીએ પણ રામાનંદ સ્વામીની આજ્ઞા શિરોમાન્ય રાખી કે એમની હયાતીમાં ક્યારેય ઐશ્વર્ય કે પરચો જણાવવાં નહીં.

## આ તો આ લોકની રીત છે..!

નરસિંહ મહેતાના ઘરે જ સભાના અખાડા ચાલતા હતા. એમાંયે નીલકંઠ વર્ણીના આગમનથી અને રામાનંદ સ્વામીના મિલનપ્રસંગથી અનેક હરિભક્તો ત્યાં ખેંચાઈ આવતા હતા. રામાનંદ સ્વામી નિત્ય સવાર-બપોર-સાંજ એમ સભાઓ કરતા. રામાનંદ સ્વામીની સભામાં વાતોનો દોર હવે બદલાઈ ગયો હતો.

એમની વાતમાં હવે વર્ણીનો મહિમા, તેમની દિવ્યતા તેમજ સર્વોપરીપણાની ઝલકનું વર્ણન વિશેષ રહેવા લાગ્યું. તે સાંભળી શ્રોતાજનોને પણ આ વાતનો સ્વીકાર થઈ જતો. તેથી રામાનંદ સ્વામી ખૂબ પ્રસન્ન રહેતા હતા. તો ઘણાને રામાનંદ સ્વામીથી અધિક આ વર્ણી કેમ હશે ? એવા પ્રશ્નોની ગડમથલ પણ રહેતી. ને રામાનંદ સ્વામી સ્વયં શા માટે હવે વર્ણીને વિશેષ મહત્તા આપી રહ્યા છે ? તેમજ વર્ણી આગળ પોતે એમના દાસ હોય, સેવક હોય એવી વાતો તેમજ વર્તન જોઈ ઘણા હેતવાળા સંતો-હરિભક્તોને નવાઈ લાગતી ને મનમાં સંકલ્પો ઊઠી જતા.

આજે રામાનંદ સ્વામીની સભામાં એક મુસલમાન જે જમાદાર હતા તે આવીને બેઠેલા. તે મુમુક્ષુ ને ભાવિક હશે. તેથી તો આ સભામાં એમને બેસવા મળ્યું હતું.

કેટલાકના સંકલ્પો-વિકલ્પોના નિવારણ રૂપે જ નીલકંઠ વર્ણીએ તે મુસલમાન જમાદાર પર કૃપાદૃષ્ટિ કરી. જમાદારને સમાધિ થઈ ગઈ. નીલકંઠ વર્ણીના દિવ્ય

તેજોમય, તેજના અપાર અંબારમાં દર્શન થયાં. અનેક મુક્તોને એમની સ્તુતિ કરતા નિહાળ્યા. સૌ મુક્તોની સાથે રામાનંદ સ્વામીને પણ સ્તુતિ કરતા જોયા. થોડી વારે જમાદાર સમાધિમાંથી જાગ્રત થયા.

અહીં રામાનંદ સ્વામીને આસન ઉપર ને નીલકંઠ વર્ણીને નીચે બિરાજમાન થયેલા એટલે એ તરત સભામાં ઊભા થયા ને કહેવા લાગ્યા, ‘‘આ તમારા હિંદુઓમાં કેમ ઊલટી રસમ છે ? આ તો મને સાવ અઘટિત લાગે છે. તમારા હિંદુમાં મુરશિદ ઊંચે આસને બેસે ને અલ્લા નીચે બેસે એવું અવળું કેમ ?’’

રામાનંદ સ્વામીએ તેમને સમજાવતાં કહ્યું, ‘‘તમારી વાત સાચી છે; પણ આ આ લોકની રીતિ છે. આ લોકમાં અમે એમના ગુરુપદે છીએ. તેથી અમે ઊંચા આસને બેઠા છીએ ને વર્ણી અમારા શિષ્ય બની વર્તે છે તેથી નીચે બેઠા છે. જ્યારે પરલોકમાં અમે એમના મુક્ત છીએ, દાસ છીએ ને એ અમારા ઇષ્ટદેવ છે.’’

જમાદારને આ લોક ને પરલોકની વાતમાં કંઈ ગમ પડી નહીં. એટલે તે માથું ખંજવાળતાં ખંજવાળતાં નીલકંઠ વર્ણીને ખુદાતાલા સમજી પગે લાગી ત્યાંથી ચાલ્યા ગયા.

આ દિવ્યચરિત્ર સાંભળી સભાજનોને પણ વર્ણી પ્રત્યે ભગવાનપણાનો નિશ્ચય થવા લાગ્યો ને સમજાયું કે રામાનંદ સ્વામી વર્ણીનું મહાત્મ્ય કહે છે તે યથાયોગ્ય જ છે.

સાંજના સમયે રામાનંદ સ્વામીએ ગામમાંથી ઢોલ, નગારાં, તાસાં, શરણાઈઓ વગાડવાવાળાને બોલાવ્યા. નીલકંઠ વર્ણીને સાથે લઈ સૌને ‘ઓઝત નદીમાં સ્નાન કરવા જવું છે’ એવો આદેશ રામાનંદ સ્વામીએ આપી દીધો. સૌ સંઘે સહિત વાજતે-ગાજતે કીર્તનોની રમઝટ ને ગરબી ગાતાં ગાતાં ઓઝત નદી પર પહોંચ્યા. સૌ નદીમાં સ્નાન કરવા ગયા. રામાનંદ સ્વામી તથા વર્ણી અને સંતો પણ નદીમાં સ્નાન કરવા માટે ઊતર્યા. ઉચ્ચ સ્વરે કીર્તનો ગાતાં સહુ દિવ્યાનંદમાં મસ્ત થઈ જલક્રીડા કરવા લાગ્યા. રામાનંદ સ્વામીએ આજના સ્નાનનું મહાત્મ્ય સમજાવતાં કહ્યું, ‘‘અવભૃથ સ્નાન (યજ્ઞ પૂર્ણાહુતિએ દોષ નિવારણ અર્થે થતું સ્નાન) કરતાં પણ આજે વર્ણીની સાથે સ્નાન કરવું, તે પ્રસાદીના જળમાં ક્રીડા કરવી તેના ફળનું માપ થાય તેમ નથી. માટે આજનું સ્નાન દિવ્ય ને મહા અલૌકિક છે.’’

રામાનંદ સ્વામીએ ચાતુર્માસ પીપલાણામાં જ વસવાનું નક્કી કરી લીધું. વર્ણીનાં દર્શનની રામાનંદ સ્વામીએ સહુને આજ્ઞા કરેલી હતી. તેથી હરિભક્તો પણ જેમ સમાચાર મળે તેમ આવતા હતા. રોજ નિત્ય નવા સત્સંગના અખાડા તેમજ વર્ણીનાં દર્શનનો સૌ લાભ લેતા હતા. રામાનંદ સ્વામી દર મહિને કાંઈક નિમિત્ત ઊભું કરી સમૈયા-ઉત્સવ કરવા લાગ્યા હતા. અનેક નવા મુમુક્ષુઓ આ સમૈયા-ઉત્સવમાં પધારી વર્ણીનાં દર્શનથી તેમાં આકર્ષણ અનુભવતા હતા.

## નીલકંઠ વર્ણીને દીક્ષા

શરદપૂર્ણિમાનો ઉત્સવ, ત્યારપછી દિવાળી ઉત્સવ ને અન્નકૂટ ઉત્સવ પણ પીપલાણામાં ખૂબ ધામધૂમથી કર્યો. અનેક મુમુક્ષુ હરિભક્તો તેમજ રામાનંદ સ્વામીના સાધુઓને જોઈ વર્ણીને થયું, ‘મારે હવે જલદીથી મારું કાર્ય આરંભવું પડશે.’ તેઓ ભારતભરમાં વિચરણ કરી પોતાના પ્રાગટ્યના હેતુને સિદ્ધ કરવા તો અહીં સુધી આવી પહોંચ્યા હતા ને રામાનંદ સ્વામીના સંતો તેમજ અનેક હરિભક્તોને વર્ણી પ્રત્યે સ્નેહ થયો હતો.

રામાનંદ સ્વામી સાથે સાડા ચાર માસ જેટલો સમય વર્ણીએ વિતાવ્યો હતો. રામાનંદ સ્વામી સભા કરીને બિરાજતા ત્યારે એમનું આસન ઊંચું રહેતું હતું ને નીલકંઠ વર્ણી તેમની પાસે નીચે બિરાજતા હતા. આ લોકની (અવરભાવની) રીત પ્રમાણે યોગ્ય હતું પણ રામાનંદ સ્વામી મૂંઝવણ અનુભવતા કે ક્યાં સુધી અમારે સર્વના નિયંતા નાથ સામે ઊંચે આસને બેસવું ? ક્યાં સુધી ગુરુભાવે વર્તવું ? અને એટલે જ એક પછી એક કાર્યો પતાવવાં પોતે તત્પર બન્યા હતા. જ્યારે બીજી બાજુ નીલકંઠ વર્ણી પણ પોતે જે કાર્ય માટે પધાર્યા હતા તે કાર્ય કરવા તત્પર બન્યા હતા.

સંવત ૧૮૫૭ની પ્રબોધિની એકાદશી એટલે કે કારતક સુદ એકાદશીનો મંગલકારી દિવસ હતો. સૌને નિર્જળા ઉપવાસ હતો.

સવારમાં સ્નાન-પૂજાવિધિ પતાવી નીલકંઠ વર્ણી રામાનંદ સ્વામી પાસે આવ્યા ને પ્રાર્થના કરી કે, “હે દયાળુ ! મારું સર્વસ્વ તમે છો માટે મને મહાદીક્ષા આપી મારી પર કૃપા કરો.”

સ્વામી પણ એ જ વિચારમાં હતા. એટલે તુરત વાજિંત્રોવાળાને બોલાવી મંગળ ગીતો ચાલુ કરાવ્યાં. મુક્તાનંદ સ્વામી આદિક સંતોને બોલાવી યજ્ઞ વિધિ

કર્યો. વર્ણીના મસ્તકે મુંડન કરાવ્યું. નવી યજ્ઞોપવીત ધારણ કરાવી, વસ્ત્રો આપ્યાં. કાનમાં ગુરુમંત્ર આપ્યો. અને જેવા ગુણો હતા તેવાં બે નામ પાડ્યાં.

સૌને સહેજે સહેજે એમનાં દર્શનથી આનંદ ઊપજતો હતો એટલે 'સહજાનંદ સ્વામી' એવું નામ પાડ્યું.

અને અનંતકોટિ બ્રહ્માંડોના પતિ નારાયણ હતા છતાં મુનિ રૂપે દર્શન દેતા. તેથી બીજું નામ 'નારાયણમુનિ' પણ પાડ્યું.

હવે આજથી નીલકંઠ વર્ણી મટી સહજાનંદ થયા હતા.

સહજાનંદ સ્વામીના સ્વરૂપમાં તેઓ સુંદર દીસતા હતા. રામાનંદ સ્વામીના સંતોના મંડળમાં આ સહજાનંદ સ્વામી અનોખા જ ભાસતા હતા. સૌ કરતાં જુદા જ તરી આવતા હતા. આ બ્રહ્માંડમાં પૃથ્વી પર આજે સહજાનંદ સૂરજનો ઉદય થઈ ચૂક્યો હતો. તેનાં શીતળ અજવાળાં ઝડપથી ચોમેર પ્રસરવાનાં હતાં.

"પ્રેમે પ્રગટ્યા રે સૂરજ સહજાનંદ, અધર્મ અંધારું ટાળિયું રે."

# 3

# ધર્મધુરા ગ્રહણ કરી

**(આ.સં. ૧૮૫૭-૧૮૫૮, ઈ.સ. ૧૮૦૦-૧૮૦૧)**

---

## સદ્. રામાનંદ સ્વામી સાથે સોરઠમાં વિચરણ

નીલકંઠ વર્ણીને દીક્ષા આપી રામાનંદ સ્વામી નિશ્ચિંત થયા હતા. તેઓ હવે ધીરે ધીરે સત્સંગની જવાબદારી સહજાનંદ સ્વામીને સોંપવા લાગ્યા હતા. રામાનંદ સ્વામીને હવે પોતાનું કાર્ય પૂર્ણ થયું માની વિશ્રાંતિ મળી હતી. પીપલાણામાં એક માસ સુધી ઉત્સવનું વાતાવરણ રહ્યું. દેશોદેશમાંથી રામાનંદ સ્વામીનો હરિભક્ત સમાજ આવતો રહેતો હતો. સહજાનંદ સ્વામીનાં દર્શન કરી તેમને ભેટ-સોગાદો અર્પી સૌ પોતાનો આનંદ વ્યક્ત કરતા હતા.

સદ્. રામાનંદ સ્વામીએ વિચાર્યું કે, 'સહજાનંદ સ્વામીની પૂરી ઓળખાણ, એમનો યથાર્થ મહિમા મારા મુખે તેમજ મારી હાજરીમાં જ પોતાના ભક્ત સમાજને જાણવા મળે તો સહજાનંદ સ્વામીને પોતાના સંકલ્પોને પૂર્ણ કરવામાં ખૂબ વેગ મળે.' આથી એમણે સહજાનંદ સ્વામીને સાથે રાખી સોરઠ પ્રદેશમાં વિચરણ શરૂ કર્યું.

સદ્. રામાનંદ સ્વામી પોતાના સંત મંડળ સાથે વિચરણ કરવા જવાના છે તે સમાચાર જાણી પીપલાણામાં હરિભક્તોને ઉદાસીનતા વળી, કેમ કે પાંચ માસ સુધી સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીના અલૌકિક ચરિત્રોનું ખૂબ સુખ માણ્યું હતું. હવે તેઓ અહીંથી ચાલી નીકળે એટલે એમનું સુખ જતું રહેવાનું હતું. પરંતુ રામાનંદ સ્વામીની મરજી જાણી ઘણાક હરિભક્તો તેમને સુખરૂપ

વળાવવા સારુ રથ તેમજ ગાડાં લઈને સેવા કરવા આવી ગયા.

સદ્. રામાનંદ સ્વામી રથમાં વિરાજ્યા. એમની સાથે રથમાં સહજાનંદ સ્વામીને પણ બેસાડ્યા. જ્યારે અન્ય સંતો ગાડાંમાં બિરાજમાન થયા. પછી પીપલાણાથી જવા સૌ હરિભક્તોની રજા માગી. પીપલાણાના હરિભક્તોએ નેત્રોમાં અશ્રુઓ વહાવી વ્યથિત હૃદયે ભારેખમ વિદાય આપી.

સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી તથા સંતો-હરિભક્તોનો સંઘ આખા ગામ આવી પહોંચ્યો. આખા ગામમાં ગંગાધર વિપ્ર હરિભક્ત હતા. તેમને ત્યાં જ સૌએ ઉતારો કર્યો. એમને ત્યાં જ સંતો-હરિભક્તોની રસોઈ થતી. ને ઘરે ઘરે પધરામણીઓ થતી હતી. હરિભક્તોની ધૂન્ય-કીર્તનની રમઝટ વડે નાનકડા ઉત્સવ જેવો માહોલ થઈ જતો હતો. સૌને અંતરમાં હરખની હેલી ને આનંદના ઓઘ ઊછળતાં હતાં. જાણે સહજાનંદ સ્વામી જ સૌને સહેજે સહેજે આનંદમાં ગરકાવ કરી દેતા હતા. ગંગાધર વિપ્રના ઘેર પીપળાની છાયામાં સભા કરી સુખ દેતા હતા.

ત્યાંથી અનાદિમુક્ત પર્વતભાઈના ગામ અગત્રાઈ પધાર્યા. એમના ઘેર જ સૌને ઉતારો આપ્યો. ગામના ભીમભાઈ આદિક હરિભક્તો સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીનાં દર્શન કરવા આવવા લાગ્યા હતા. રોજ નિત્ય સભાઓ થતી. સદ્. રામાનંદ સ્વામી ઉપદેશ દેતા તેમાં એમનો મુખ્ય સૂર સહજાનંદ સ્વામીનો અપાર મહિમા જાણવાનો રહેતો. ગુરુ રામાનંદ સ્વામીના મુખેથી સહજાનંદ સ્વામીનો દિવ્ય મહિમા સાંભળી સૌને થતું કે આ સહજાનંદ સ્વામી કેવા અજોડ છે ! સ્વયં ગુરુ રામાનંદ સ્વામી એમનો અપરંપાર સર્વોપરી મહિમા ગાય છે. સૌને આશ્ચર્ય થતું હતું.

એક વખત પર્વતભાઈએ સદ્. રામાનંદ સ્વામીને નીલકંઠ વર્ણી સંબંધી પ્રશ્ન કર્યો ત્યારે રામાનંદ સ્વામી હસતા મુખે અતિ ગુપ્ત વાત કરતાં બોલ્યા, “આ વર્ણી તે સર્વના કારણ છે. એમનું કારણ કોઈ નથી. ચિદાકાશ અને અક્ષર જે ઉત્પત્તિ અને નાશથી રહિત છે. તેના પણ કારણ આ વર્ણી છે. તે પુરુષોત્તમ આદિનારાયણ અને સનાતન અનાદિ કૃષ્ણ વગેરે નામથી કહેવાય છે. ને જે અવતાર છે તે બધા આમના છે અર્થાત્ એમની અન્વય શક્તિએ કરીને થયેલા છે.” [૧૪]

---

**૧૪.** શ્રીહરિચરિત્રામૃતસાગર : પૂર-૨૪, તરંગ-૪૪,૪૫

અગત્રાઈમાં પાંચ દિવસ રહી, સૌને સુખ આપી કાલવાણી ગામે પધાર્યા. અહીં પૂર્વે રામાનંદ સ્વામીએ જ કરાવેલી ધર્મશાળામાં રહ્યા. સહજાનંદ સ્વામીનું દેખાતું શરીર કઠોર તપશ્ચર્યાને કારણે કૃશ થઈ ગયું હતું. તેમણે શરીરમાં રુધિરનો ભાગ જ રહેવા દીધો નહોતો તેથી શરીરે ગરમી આવતી નહીં. શરીરમાં સ્વેદ જરા પણ વળતો નહોતો તેથી સદ્. રામાનંદ સ્વામીએ તેમના અવરભાવના જતન કરવાના હેતુથી અહીં માગશર ને પોષ એમ બે માસ રહેવાનું વિચાર્યું.

તેઓ નિત્ય આવળ મગાવી તેના પાટા સહજાનંદ સ્વામીના શરીર ફરતે બાંધી શેક કરાવતા. મીણનું તેલ લગાવતા. જલદી સાજા કરવા રોજ કસ્તૂરી જમાડતા. તેઓ વરસાદ તથા ઠંડીને સહન કરી શકતા પણ ગરમી સહન કરી શકતા નહીં. તેના માટે પણ સદ્. રામાનંદ સ્વામી અનેક ઉપાયો કરાવતા. રોજ મીંઢીઆવળ ખવડાવતા. લાલ મરચાંના ગોળા કરીને જમાડતા. છતાં પણ એમના તપની ભીષણતા આગળ તમામ ઉપચારો લાચાર નીવડતા. સ્વયં સહજાનંદ સ્વામી જ જ્યારે પોતે હરિભક્તોના પ્રેમરૂપી મનોરથોને પૂર્ણ કરવા ચીજવસ્તુઓ અંગીકાર કરી અવરભાવને પુષ્ટ કરે તો જ અવરભાવની સ્વસ્થતા જળવાય તેમ હતી.

સદ્. રામાનંદ સ્વામીએ બે માસ સુધી કાળજી લઈ સહજાનંદ સ્વામીના અવરભાવના જતનની ખેવના કરી. અવરભાવમાં મહારાજ અને મોટાપુરુષનું જતન કરવું કેટલું બધું જરૂરી છે તે સદ્. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીના જતન દ્વારા દર્શાવ્યું હતું. સંવત ૧૮૫૭નો વસંતપંચમીનો સમૈયો કાલવાણીમાં ઊજવી ત્યાંથી માંગરોળ પધાર્યા. અહીં આણંદજી સંઘાડિયાના ઘેર ઊતર્યા.

માંગરોળમાં ગામ બહાર એક ધરમાદાસની જગ્યા હતી. ત્યાં આત્માનંદ નામે પરોક્ષના વૈરાગી રહેતા હતા. તેમને પૂછી ત્યાં સદાવ્રત આપવાનું શરૂ કર્યું. ત્યાં અભ્યાગતો આવવા લાગ્યા. ત્યાં એક દિવસ મહારાજે એક બાઈને દેખી તેથી બીજા માણસોને પૂછ્યું, “આ અહીં રહે છે ?” ત્યારે માણસોએ હા કહી. પછી મહારાજને આ યોગ્ય નહિ લાગતાં બોલ્યા, “આ જગ્યામાં મારા સાધુને રાખવા નહિ, કારણ કે જ્યાં બાઈઓ રહે ત્યાં સાધુઓનો ધર્મ રહે નહીં.” પછી ત્યાંથી ગામના દરવાજા બહાર બુરાઈ ગયેલી વાવ પર તાત્કાલિક સદાવ્રત ઊભું કરી ભોજન આપવું શરૂ કર્યું. સદાવ્રત પોતાના હસ્તે સ્વયં મહાપ્રભુ આપતા. પછી સૌ ભેગા બેસી મહાપ્રભુ પણ જમી લેતા.

તેવામાં એક દિવસ એક વૈરાગી ત્યાં જમવા આવ્યા. તેમને મહાપ્રભુએ પંક્તિમાં જમવા બેસવા કહ્યું. પણ તેમણે કહ્યું, “હમ તો મહંત કી સાથ પ્રસાદ પાઈગા.” પછી સહુ જમી રહ્યા ત્યારે મહાપ્રભુ સહજાનંદ સ્વામી લવિંગિયાં મરચાંનો ગોળો ને બાજરાનો રોટલો લઈને જમવા બેઠા. વૈરાગીએ ગોળા જોયા એટલે તેમને થયું આ લાડુ જમતા લાગે છે. તેથી તેઓ પણ તેમની સાથે જમવા માટે બેસી ગયા. મહાપ્રભુએ પોતાના થાળમાંથી જમવા સારુ બાજરાનો અડધો રોટલો ને મરચાંનો અડધો ગોળો આપ્યો.

વૈરાગીને એમ કે લાડુનો ગોળો છે. તેથી તેમણે થોડોક ભાગ મોંમાં મૂક્યો. આ કાંઈ થોડો ચૂરમાનો લાડુ હતો ? લવિંગિયાં મરચાંનો ગોળો હતો. મોંમાં મૂકતાં જ વૈરાગી રાડ પાડી ઊઠ્યા, “અરે મર જાવ છું... મર જાવ છું... હમેરા બૂરા હુવા બૂરા હુવા” એમ રાડ્યો પાડવા માંડ્યા. સમગ્ર શરીરમાં તીખાશ ફેલાઈ ગઈ હતી. તેથી માથું ભમવા માંડ્યું. આંખે-નાકેથી પાણી વહેવા લાગ્યાં. આ જોઈ મહાપ્રભુને દયા ઊપજી. સાધુઓ પાસે ઘીનો કટોરો મગાવી તેમને પિવડાવી માંડ શાંત કર્યા.

વૈરાગીએ જોયું કે આ તો આખેઆખા લાડુ જમી જાય છે. તેમને કેમ કશું થતું નથી ? તેમને અહોભાવ થયો કે આ કોઈ દેહધારી વ્યક્તિ નથી. આ મનુષ્ય નથી ને મનુષ્ય જેવા પણ નથી. પ્રભુ સિવાય આ ચરિત્ર કોઈથી ન થાય એવો દિવ્યભાવ ગ્રહણ કરીને ચાલ્યા ગયા. મહાપ્રભુ તો અવનવા પ્રકારે ચરિત્ર કરી જીવોને પોતાના સ્વરૂપની સ્મૃતિ આપી રૂડું કરતા હોય છે.

માંગરોળમાં પંદર દિવસ રહી પછી સંઘે સહિત સદ્. રામાનંદ સ્વામી લોજ પધાર્યા. અહીં સદાવ્રત આપવા માટે સાધુ રહેતા હતા. તેઓએ સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીનાં દર્શન કરી અરસપરસ મળી ખૂબ સ્નેહ દાખવ્યો. સદ્. રામાનંદ સ્વામી તેમના શિષ્યો પર અત્યંત રાજીપો વરસાવતાં બોલ્યા, “તમે અમારી આજ્ઞાએ કરીને અહીં રહ્યા. તમારે સાથે વિચરણમાં આવવાના મનસૂબા હતા તેને બાજુમાં મૂકી આજ્ઞામાં વર્ત્યા. અહીં કષ્ટ વેઠીને પણ અમારી આજ્ઞામાં રહ્યા. તેથી તમારે અંતરનો રાજીપો માગવો નહિ પડે; સહેજે રાજીપો વરસી જાય છે. મોટાપુરુષની આજ્ઞામાં તેમજ અનુવૃત્તિમાં રહેવું એ જ સાધુતાના ગુણો આવવાનું મોટું સાધન છે. અંતરનો રાજીપો પ્રાપ્ત કરવાનું પણ એ જ મોટું સાધન છે.” સૌ લોજમાં પણ પંદર દિવસ રહી ત્યાંથી માણાવદર પધાર્યા.

અહીં મયારામ ભટ્ટ તથા ગોવિંદરામ વગેરે ભક્તોએ સેવાનો લાભ લીધો. માણાવદરમાં ખૂબ ધામધૂમથી ફૂલદોલોત્સવ કરી મેઘપુર આવ્યા. મેઘપુરમાં હરિભક્તો રાજાભાઈ, જીવરાજ સોની તથા ભક્ત નારાયણ અને સ્ત્રીઓમાં લાકડીબાઈ ને તેની દીકરી રૂકમાઈ જેને સમાધિ થતી હતી તે પણ સહજાનંદ સ્વામીનાં દર્શન-સેવા કરવા ઉમંગે સામા આવ્યાં. અહીં રંગપંચમીનો ઉત્સવ કરી ભક્તોને સુખ ને સ્મૃતિ આપી ભાડેર ગામ આવ્યા. અહીં પાંચ દિવસ રહી જમનાવડ થઈ ધોરાજી આવ્યા. અહીં હરિનવમીનો સમૈયો કરી ફણેણી પધાર્યા. ફણેણીમાં એક માસ સુધી રહ્યા પછી ખોખરી, સાંકળી, નાવડા થઈ પંચાળા પધાર્યા. ત્યાંથી ભાડેર ગામ આવી એકાદશીનો ઉત્સવ કરી મેઘપુર આવ્યા. અહીં નિયમની એકાદશી કરીને પાછા ધોરાજી પધાર્યા.

અહીં કેટલાક દિવસ રહી ફરી ફણેણી આવ્યા. ત્યાંથી સાંકળી, જેતપુર, પીપલાણા, આખા, અગત્રાઈ, કાલવાણીથી માંગરોળ પહોંચ્યા. અહીં જળઝીલણી ને શરદપૂનમનો ઉત્સવ ખૂબ ઉત્સાહ-ઉમંગથી કરવા રહ્યા હતા. પછી ત્યાંથી લોજ આવ્યા. અહીં દિવાળી તથા અન્નકૂટનો ઉત્સવ ખૂબ રંગેચંગે કર્યો.

સદ્. રામાનંદ સ્વામી ઘણા હરિભક્તોનો સમૂહ દેખીને મર્મમાં બોલ્યા, "આ અમારો છેલ્લો ઉત્સવ છે." ત્યારે ઘણા તે સમજી શક્યા તો ઘણાને આ મર્મ વચનોની ખબર પડી નહીં. પર્વતભાઈ જેવા મુક્તો આ મર્મને પામી ગયા હતા. તેઓ આ વાત કોઈની આગળ કરી શકતા નહોતા કેમ કે કોઈ આ વાત માને અથવા ન પણ માને. પછી ત્યાંથી છેલ્લી વાર પંચાળા પધાર્યા.

પૂર્વ દિશાની વાવ પર થોડી વાર વિશ્રામ કર્યો. ગામના ઠાકોર મનુભા બાપુ સદ્ગુણી હતા. તેમને ખબર પડી એટલે તેમના બંને કુંવર ઝીણોભાઈ તથા ગંગાભાઈને લઈને રામાનંદ સ્વામીનાં દર્શન કરવા આવ્યા. મનુભાએ સહજાનંદ સ્વામી તથા સૌ સંઘને લઈને પોતાને ત્યાં પધારવા માટે આગ્રહ કર્યો. સૌ મનુભાના દરબારમાં પધાર્યા.

સંતોની ખૂબ સરભરા કરી. રસોઈ આપી જમાડ્યા. ઝીણાભાઈ તથા ગંગાભાઈ બંને કુંવરોએ સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીની પૂજા કરી. અહીં પણ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનો ખૂબ મહિમા કહ્યો. તેમના બંને કુંવરોમાં ઝીણાભાઈ તો સહજાનંદ સ્વામીની સલૂણી મૂર્તિમાં સ્થિર

બની અનિમેષ દૃષ્ટિએ દર્શન કરી રહ્યા હતા. સહજાનંદ સ્વામી પણ એમના ભાવિ સંકલ્પના પાત્રને જોઈ રાજીપો વરસાવતાં મર્મભર્યું સ્મિત કરતા હતા. અહીં બે દિવસ રહી, પછી સંઘ સહિત સૌ માણાવદર આવ્યા.

અહીંયાં હરિભક્તોને સુખિયા કરી નીકળ્યા ત્યારે મયારામ ભટ્ટ આદિક હરિભક્તોએ કહ્યું, "સ્વામી, આવી રીતે અહીં વારે વારે પધારી સુખ આપતા રહેજો ને ફરી વહેલા પધારવા કૃપા કરજો." એટલે સદ્. રામાનંદ સ્વામીએ કહ્યું, "અત્યારે દર્શન કરી લ્યો... ફરીને કોણે જોયું છે ? અત્યારે જેટલો લાભ લેવાશે એ જ લેખે લગાશે." એમ મર્મવાણી કહી એમાં કેટલાક હરિભક્તોને થયું 'સ્વામી હવે ફરી વાર પધારશે નહિ કે શું ?' હરિભક્તો ઉદાસ થયા. ત્યારે રામાનંદ સ્વામી તે પ્રત્યે બોલ્યા, "તમારે ઉદાસ થવાનું કારણ નથી." પછી સહજાનંદ સ્વામી સામું જોઈ બોલ્યા, "આ વર્ણી તમને અમારા કરતાં અધિકાધિક સુખિયા કરશે. તમે તેમના વચનમાં અનુસરજો. એ કહે તેમ કરવા તત્પર રહેજો. તમે સહુ સુખિયા થઈ જશો." એટલું કહી માણાવદરથી નીકળી પીપલાણા, નાવડા, મેઘપુર, ભાડેર પધાર્યા. ત્યાંથી ધોરાજી થોડાક દિવસો રહ્યા

સંવત ૧૮૫૮ આસો સુદ ચૌદશને દિવસ જેતપુર ઉન્નડ ખાચરના દરબારમાં આવીને રહ્યા. બીજે દિવસે શરદપૂનમનો ઉત્સવ કરવા ઘણાક હરિભક્તો પધાર્યા. સભામાં સદ્. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીના પ્રૌઢ પ્રતાપની, દિવ્ય ગુણોની, સાધુતાની, તીવ્ર વૈરાગ્યની ને એમના પરભાવની ખૂબ અલૌકિક વાતો કરી. પછી પોતાનું જે હેતુ માટે પ્રાગટ્ય હતું ને જે કાર્ય કરવાનું હતું તે કહ્યું, "અમે તો માત્ર ડુગડુગીના વગાડનારા હતા. ડુગડુગી વગાડી તમને સહુને ભેગા કર્યા. હવે ખેલ ભજવનારા ને આ સત્સંગના ખરા ધણી આ સહજાનંદ સ્વામી આવી ગયા છે. મારું કર્તવ્ય પૂરું થાય છે. ને હવે આ સહજાનંદ સ્વામીને જલદીથી ધર્મધુરા સોંપી એમને એમના સંકલ્પો સાકાર કરવા રસ્તો ખુલ્લો કરી આપવો છે. આ સર્વોપરી સહજાનંદ સ્વામી જ્યારે એમના સંકલ્પો સાકાર કરવા લાગશે ત્યારે અનેક મુમુક્ષુઓ દેશોદેશથી ખેંચાઈને આવશે. સત્સંગને ખૂબ ખૂબ ફેલાવશે. નિત નિત નવા સમૈયા-ઉત્સવ કરી સંતો-હરિભક્તોને ખૂબ ખૂબ સુખ આપશે."

એમ ખૂબ મહિમા કહી સહજાનંદ સ્વામી તરફ મુખ રાખી ઘણીક વાર સુધી એમની સામું જોઈ રહ્યા. સહજાનંદ સ્વામી પણ સદ્. રામાનંદ સ્વામીએ જે વાત કરી તેની યથાર્થતા ઠેરવવાની સંમતિ આપતા હોય એમ મંદ મંદ હસતા હતા.

## રઘુનાથદાસ ન થવું

સદ્‌. રામાનંદ સ્વામી સોરઠ પ્રદેશમાં સહજાનંદ સ્વામીને સાથે રાખી વિચરણ કરતા હતા. જે જે ગામોમાં જતા ત્યાં સત્સંગ થતો. તેમાં મુખ્યત્વે સદ્‌. રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીનો ખૂબ મહિમા કહેતા. એમની આજ્ઞામાં વર્તવાની તેમજ એમને રાજી કરવાની શિખામણ તમામ સત્સંગ સમાજને આપતા હતા. એમ આજે પણ જેતપુરમાં ઉન્નડ ખાચરના દરબારમાં એમનો ખૂબ ખૂબ મહિમા કહ્યો. ને એમના પછી સત્સંગની ધુરા પણ એમને જ આપવાનો ઝોક જણાવ્યો.

આ સાંભળી મુક્તાનંદ સ્વામી આદિ મોટેરા સંતો ને પર્વતભાઈ આદિક સ્થિતિવાળા હરિભક્તો ખૂબ રાજી થયા હતા. કેમ કે તે સર્વે ધામમાંથી આવેલો સમાજ હતો. અહીંયાં માત્ર એમનું નરનાટક હતું. પરંતુ સદ્‌. રામાનંદ સ્વામીના શિષ્ય સાધુ રઘુનાથદાસ હતા તેને આ વાત સાંભળી પેટમાં તેલ રેડાતું હતું. તે રોજ રોજ સદ્‌. રામાનંદ સ્વામીના મુખેથી સહજાનંદ સ્વામીનો મહિમા પોતાના દેહાભિમાનને કારણે સાંભળી શકતો નહીં.

રઘુનાથદાસ પોતાના હેતવાળાને ખૂણામાં બોલાવી સહજાનંદ સ્વામીના અભાવની વાત ઘાલતો. તે કહેતો : ‘‘વર્ણીએ આવીને રામાનંદ સ્વામીને સરળ અને ભોળા જાણી વશ કરી લીધા છે. વર્ણીના છળકપટ સ્વામી જાણી શકતા નથી. પણ જરૂર વર્ણી સ્વામીને પાછળથી દગો દેશે. એ ક્યાંથી આવ્યો છે ને ક્યાં જતો રહેશે એની કોઈને ખબર પણ પડશે નહીં. ને પાછળથી સ્વામીને પસ્તાવું પડશે ! સ્વામી એમની વાતમાં આવી ભરમાઈ ગયા છે. જ્યારથી વર્ણી આવ્યા છે ત્યારથી આ મુક્તાનંદ પણ એમની હાએ હા કરી રહ્યા છે. વર્ણી મુક્તાનંદને રાજી રાખે છે તેથી તે પણ એમની ભેળા ભળી જઈ એમની મરજી મુજબ જ બધું કરે છે. ભલે અત્યારે કોઈ મારી વાત માનતું નથી પણ પાછળથી બધા પસ્તાવાના છે.

ને હું તો શાસ્ત્રનો ભણેલો વિદ્વાન-પંડિત છું. શાસ્ત્રનું જ્ઞાન મારા જેટલું કોઈનામાં જણાતું નથી. સ્વામીએ મારા જ્ઞાનની-વિદ્વત્તાની કોઈ કિંમત કે કદર ન કરી. મારા નિયમ-ધરમ કે જ્ઞાનમાં ક્યાં ખામી છે ? મને મહત્ત્વ ન આપવાનું કયું કારણ સ્વામી પાસે છે ? ને જુઓ, સ્વામીની મતિ પણ કેવી ફરી ગઈ છે ! એક આ આજકાલના આવેલા વર્ણીના શરીરે આવળના પાટા બાંધવા કેટલી બધી

મીંઢીઆવળને કાપી તેની હિંસા કરાવે છે. એકમાત્ર વર્ણીના દેહ સારુ ?''

રઘુનાથદાસને પહેલાં વર્ણીનો અભાવ હતો તે ધીરે ધીરે સ્વામી સુધી પહોંચી ગયો હતો. આ વાત સ્વામી પાસે પણ પહોંચી જતી ત્યારે તેઓ કહેતા :

"કોટિ બ્રહ્માંડના પ્રાણ હરિયે, એને અર્થે જો લોપરી કરીયે;
તોય પાપ ન લાગે લગાર, ઊલટું થાય પુણ્ય અપાર."[૧૫]

સમગ્ર બ્રહ્માંડના જીવોને વાટી તેની લોપરી કરી આ સહજાનંદ સ્વામીને બાંધીએ તોપણ ઓછું છે એવી મોટપ એમની છે. તે દેહધારી રઘુનાથદાસ એમને શું ઓળખી શકે ?

મહારાજ અને મોટાપુરુષ આ બ્રહ્માંડમાં મનુષ્યને મનુષ્ય જેવાં દર્શન આપતા હોય ત્યારે એમને ઓળખવા એ બહુ મોટી ઘાંટી છે. દેહદર્શી એમને દેહધારી જ સમજે. એમાં પણ થોડું શાસ્ત્ર ભણ્યા હોય, વ્યવહારકુશળતા હોય, બે-ચાર જણા માનતા-પૂજતા હોય, થોડી વાચાળતા હોય... એમાંય જો પોતાની આવડતનું કે આવા ગુણોનું માન આવ્યું તો પછી એને પાછા વળવું મુશ્કેલ બને છે. તેઓ કોઈની મોટપ-સારપ દેખી શકતા નથી.

મહારાજ કે મોટાપુરુષ પાસે પોતાનું ધાર્યું કરાવવાનો આગ્રહ સેવતા હોય છે. તેણે કરી મહારાજ અને મોટાપુરુષને ઓશિયાળા કરતા હોય છે. મહારાજ અને મોટાપુરુષને એમનું રાખવું પડે, સાચવવું પડે, એમને રાજી કરવાને બદલે એમણે એને રાજી રાખવાના પ્રયત્ન કરવા પડે એ કેટલી બધી ઘૃણાજનક ને ધિક્કાર ભરેલી બાબત કહેવાય.

રઘુનાથદાસ ભણેલા ને વિદ્વાન હતા. વ્યવહારકુશળ હતા. એમને પોતાની આવડતનું, બુદ્ધિનું, હોશિયારીનું ખૂબ ગુમાન હતું. તેઓ દેહાભિમાની હતા. કોઈની મોટપ-સરસાઈ દેખી શકતા નહીં. પોતાનું ધાર્યું કરાવતા.

રઘુનાથદાસ બ્રહ્મચર્ય વ્રતમાં કુશળ હતા. એમને બ્રહ્મચર્ય જન્મસિદ્ધ હતું એમ કહેવાતું. જ્યારે મુક્તાનંદ સ્વામી અવરભાવમાં બ્રહ્મચર્યની નિપુણતા માટે પ્રખર બ્રહ્મચર્યનિષ્ઠ ગુરુની શોધ માટે તલસતા હતા. જોકે તેઓ મહારાજના ધામમાંથી આવેલા સંકલ્પ સ્વરૂપ હતા. પણ અવરભાવમાં એમણે એવું જણાવ્યું હતું.

રઘુનાથદાસ પોતાના દેહાભિમાનના કારણે સત્સંગમાંથી ફેંકાઈ ગયા.

---

**૧૫.** શ્રીહરિલીલામૃતમ્ : કળશ-૪, વિશ્રામ-૧૭

મુક્તાનંદ સ્વામી સત્સંગના શ્રેષ્ઠ શિખર પર વિરાજી ગયા હતા. શ્રીજીમહારાજના દર્શન કરતાં પહેલાં મુક્તાનંદ સ્વામીનાં દર્શન કરવાની આજ્ઞા સ્વયં શ્રીજીમહારાજે કરેલી હતી એવી એ મોટપને પામ્યા હતા. દાસત્વભક્તિ, નિર્માનીપણું ને સરળતાના દિવ્ય ગુણોથી મહારાજના અતિશે પ્રીતિપાત્ર બની ગયા હતા.

સત્સંગમાં આપણે પણ રઘુનાથદાસ જેવા મનમુખી ન થવું પણ મુક્તાનંદ સ્વામી જેવા ગુરુમુખી થવું. સત્સંગમાં ઝડપી પ્રગતિ થવાનો આ સરળ ને શ્રેષ્ઠ ઉપાય છે. સત્સંગની ટોચ પરથી હેઠે પડવાનો ઉપાય આ દેહાભિમાન છે.

સદ્. રામાનંદ સ્વામી રઘુનાથદાસને સંપૂર્ણપણે જાણતા હતા. તેમ છતાં એમના દયાળુ સ્વભાવને કારણે તેને નિભાવતા હતા. પણ તેઓ સર્વેને કહેતા કે, “રઘુનાથદાસ સત્સંગમાં જરૂર વિઘ્ન કરશે. વર્ણીની મોટપ દેખી નહિ શકે. તે કેટલાયને સત્સંગમાંથી પાડશે. માટે કોઈએ એમની સાથે એકલા બેસવું નહીં. જોગ-સમાગમ કરવો નહીં.” કોઈ સ્વામીને વાત કહેતા ત્યારે સ્વામી શિખામણ દેતા...

મુકતમુનિની સુણજો વાત, એની પાસે ન બેસો એકાંત;
રઘુનાથને છે અભિમાન, તેથી ન ઓળખ્યા ભગવાન.
માટે એના વિશ્વાસે ન રહેતા, એવી સ્વામી શિખામણ દેતા;
સ્વામી વિચર્યા વરણી સાથ, ત્યારે સાથે હતો રઘુનાથ.
સ્વામી મીંઢીઆવળ મંગાવે, આખા શરીરે પાટા બંધાવે;
રઘુનાથ કરે બહુ દ્વેષ, સ્વામી વારતા એને હંમેશ.
કાળી કામળી ને બીજો રંગ, શઠ ન સુધર્યો સતસંગ;
પલળે નહિ મચ્છુનો પાણો, રઘુનાથને એ રીતે જાણ્યો.
જાણે કરશે મોટું વિઘન, ભરમાવી દેશે બહુ જન;
સમજાવ્યો ન સમજ્યો લેશ, થઈ સ્વામીને ચિંતા વિશેષ.
મારી વાંસે રઘુનાથદાસ, નક્કી કરશે મોટો કંકાસ;
કરશે વિખવાદ જરૂર, તેથી એવું વિચારીને ઉર.
મારા ઠેકાણે વર્ણીને સ્થાપું, સૌના ગુરુ કરી ગાદી આપું;
કેડે કંકાસ ન કરે કાંઈ, એવું વિચારીને મનમાંઈ.
કર્યો બંધ પ્રવાસ તમામ, પૂરું કરે ઉતાવળે કામ;
તેમાં કેનો ન ચાલે કલેશ, મને સાથ આપે જે નરેશ.

એવો છે હાલ ઉન્નડ બાપુ, માટે એને આગેવાની આપું;
નિરવિઘન કરવાં કામ, પોતે આવ્યા જેતપુર ગામ.[૧૬]

ત્યારે સદ્. રામાનંદ સ્વામીને કેટલાય હરિભક્તોએ કહ્યું પણ ખરું કે, "સ્વામી ! રઘુનાથદાસનું દેહાભિમાન અમે જાણીએ છીએ. આપનો તથા સહજાનંદ સ્વામીનો પણ અભાવ ઘાલે છે. તો એવાને આપ કેમ સાથે રાખો છો ? આવા દેહાભિમાનીઓને હાંકી કાઢવા જોઈએ."

સદ્. રામાનંદ સ્વામીએ કહ્યું, "મોટાપુરુષ કોઈ દિવસ જીવને જાકારો દેતા નથી. જીવના સ્વભાવ સહન કરી તેને નિભાવતા હોય છે. નિભાવવાની પાછળનો ઉદ્દેશ પણ એમના સ્વભાવ સુધારવા માટેનો જ હોય છે. તેમ કરતાં જો જીવ તેનો સ્વભાવ ન મૂકી શકે તો તે પોતે જ સત્સંગમાંથી ફેંકાઈ જાય છે ને ખૂબ સહન કરવું પડતું હોય છે. મોટાપુરુષ એમની દયાળુતાને લઈને જીવના સ્વભાવોને સહન કરતા હોય છે. ને બને ત્યાં સુધી નિભાવવાના જ પ્રયત્નો કરતા હોય છે."

સદ્. રામાનંદ સ્વામી જેતપુરમાં ઘણો સમય રોકાયા. અહીં પણ નિત્ય સભામાં સહજાનંદ સ્વામીના પરભાવની ખૂબ વાતો કરી સુખિયા કરતા; તો સહજાનંદ સ્વામી પણ એમનો પ્રૌઢ પ્રતાપ જણાવી સૌને સુખ અને શાંતિનો અંતરમાં અનુભવ કરાવતા હતા. સૂર્ય ઊગ્યાની ઓળખ આપવી ન પડે એમ આ સહજાનંદ સૂરજની પણ કોઈને ઓળખ આપવી પડતી નહીં. તેમનો પ્રતાપ ઢાંક્યો રહેતો નહીં. એમની અલૌકિકતા-દિવ્યતા છુપાવી છુપાઈ નહોતી રહેતી.

## રાજાધિરાજ થયા

નીલકંઠ વર્ણીમાંથી બનેલા સહજાનંદ સ્વામી હવે તો રામાનંદ સ્વામી સાથે જ વિચરણમાં ફરતા. રામાનંદ સ્વામી જ વિચરણમાં તેમને સાથે રાખતા ને ગામોગામ હરિભક્તોનો પરિચય કરાવતા. ને જ્યાં સભા કરતા તેમાં સહજાનંદ સ્વામીનો મહિમા ખૂબ કહેતા. તેમજ સહજાનંદ સ્વામી પણ જ્યાં જાય ત્યાં એમનો અલૌકિક પ્રતાપ ઢાંક્યો રહેતો નહીં. તેમની અલૌકિકતા, દિવ્યતા છુપાવી છુપાતી નહોતી. સૂર્ય ઉદય થાય એટલે તેની ઓળખાણ આપવી ન પડે તેમ આ સહજાનંદ સૂર્યની પણ ઓળખાણ પડાવવી પડતી નહોતી. એમનાં દર્શન-સ્પર્શે સૌને શાંતિનો અનુભવ થતો.

---

**૧૬.** પુરુષોત્તમચરિત્ર પુષ્પમાળા : ગુચ્છ-૪, પુષ્પ-૧૪

હવે તો રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીની ખૂબ કાળજી રાખતા. તેમને આકરાં વ્રત-ઉપવાસ કરવામાં રોકતા. એટલું જ નહિ, પણ જોડે જમવા બેસાડી ઘી-દૂધ આદિ પૌષ્ટિક ખોરાક જમાડતા. રોજ ભક્તોના ભાવથી નવી નવી રસોઈઓ લઈ સહજાનંદ સ્વામીને ખૂબ તાણ કરી કરીને પીરસતા. એમ સર્વે પ્રકારે સહજાનંદ સ્વામીની સારસંભાળ સ્વામી લેતા હતા.

રામાનંદ સ્વામીએ હવે આખી પૂર્વભૂમિકા તૈયાર કરી દીધી હતી. તેથી પોતે આ લોકમાંથી પરવારવા માગતા હતા. હવે તેઓ પોતાની ધર્મધુરા સોંપવાનું કાર્ય જલદી પતાવવા ઉત્સુક હતા.

એક દિવસ રામાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામી અને રામદાસભાઈ આદિ મોટા મોટા સંતોને તથા માંચા ખાચર, પર્વતભાઈ, મયારામભાઈ ભટ્ટ, ગોરધનભાઈ, હીરજીભાઈ સુથાર આદિ મોટા મોટા હરિભક્તોને બોલાવ્યા. પોતાની ધર્મધુરા કોઈ યોગ્ય વ્યક્તિને સોંપવાની ઈચ્છા વ્યક્ત કરી. એ માટે સૌના અભિપ્રાય રામાનંદ સ્વામીએ માગ્યા ત્યારે દરેકનો એક જ સૂર નીકળ્યો, "સહજાનંદ સ્વામી જ આ ધુરાને સંભાળવાને યોગ્ય અને સમર્થ છે. માટે એમને સોંપો તો ઘણું સારું."

રામાનંદ સ્વામીએ પણ પોતાના અંતરની ઈચ્છા એ જ દર્શાવી.

સૌએ મળી સંવત ૧૮૫૮ની પ્રબોધિની એકાદશીનો દિવસ આ શુભ કાર્ય માટે નક્કી કર્યો. દેશોદેશથી રામાનંદ સ્વામીના શિષ્યગણને આમંત્રણ આપી બોલાવવામાં આવ્યા.

ખૂબ ધામધૂમથી આ ઉત્સવ ઊજવવો એમ સ્વામીએ નક્કી કર્યું હતું. મોટો વિશાળ સભામંડપ બંધાવ્યો. આખા જેતપુર શહેરને વિવિધ રંગબેરંગી ફૂલો અને આસોપાલવના તોરણથી શણગારવામાં આવ્યું હતું. શહેરના ધોરીમાર્ગો કેળના સ્તંભો ને પતાકાથી શણગાર્યા હતા.

સંવત ૧૮૫૮ કાર્તિક સુદ એકાદશીનો (પ્રબોધિનીનો) દિવસ આવી ગયો.

સવારમાં રામાનંદ સ્વામી સાથે મોટા મોટા સંતો અને સહજાનંદ સ્વામી ભાદર નદીમાં સ્નાન કરી આવ્યા. સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીની પૂજા કરી. પછી વાજતે-ગાજતે મંડપમાં જવા માટે સહજાનંદ સ્વામીની શોભાયાત્રા નીકળવાની હતી. ઢોલ-શરણાઈઓ આદિ વાગી રહ્યાં હતાં. સિપાઈઓ બંદૂકના ગેબી અવાજ કરી રહ્યા હતા. સંતો આનંદ-ઉલ્લાસથી કીર્તનો ગાતા હતા. બે

ઘોડાની બગીમાં રામાનંદ સ્વામી ને સહજાનંદ સ્વામી બિરાજમાન થયા હતા. આમ, આખોય સમૂહ સભામંડપમાં આવી પહોંચ્યો.

મંડપના મધ્યમાં તૈયાર કરેલા યજ્ઞકુંડ પર બેસી રામાનંદ સ્વામી અને સહજાનંદ સ્વામીએ આહુતિઓ આપી. ગગનભેદી જયનાદો અને મંત્રોચ્ચારની વચ્ચે રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનો હસ્ત પકડી તેમને પોતાની ગાદી પર બિરાજમાન કર્યા.

ચારે બાજુથી 'સહજાનંદ સ્વામી મહારાજની જય'ના નારાઓથી સૌ સંત-ભક્ત સમુદાયે રામાનંદ સ્વામીના અલૌકિક કાર્યને વધાવી લીધું હતું. રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીના વિશાળ ભાલમાં ચંદનની અર્ચા કરી. કુમકુમનો ચાંદલો કર્યો. ગુલાબનો હાર કંઠમાં પહેરાવ્યો.

અનંત મુક્તો પોતાના પ્રિયતમના પટ્ટાભિષેકનો આનંદોત્સવ માણી રહ્યા હતા અને મહાપ્રભુ ઉપર આનંદના પ્રતીક રૂપે પુષ્પવૃષ્ટિ કરતા હતા. સ્ત્રીઓ મંગળ ગીતો ગાતી હતી. એક પછી એક મોટાથી નાના તમામ સંતોએ તેમના ક્રમમાં સહજાનંદ સ્વામીની પૂજા કરી, સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા.

ત્યારબાદ સહજાનંદ સ્વામીએ સેવકભાવ શીખવવા પોતે ગાદી ઉપરથી ઊઠીને રામાનંદ સ્વામીની અને મુક્તાનંદ સ્વામી આદિ સૌ મોટા મોટા સંતોની પૂજા કરી. સાષ્ટાંગ પ્રણામ કર્યા. સૌ નાના સંતને પણ પગે લાગી ગુરુની આગળ શીખ લેવા બેઠા. એક લૌકિક પ્રથા મુજબ ગુરુ રામાનંદ સ્વામીએ શ્રીહરિને કહેવા માંડ્યું,

"હે નારાયણમુનિ ! શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેના ધર્મ પાળજો અને પળાવજો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિનું આ ભૂમિ પર પ્રવર્તન કરજો. મોટાં મંદિરો બનાવી માંહી આપનાં દિવ્ય સ્વરૂપ પધરાવી જીવના મોક્ષ માટે સર્વોપરી ઉપાસનાનું પ્રવર્તન કરજો. સદ્‌ગ્રંથોની રચના કરાવી બહુકાળ સુધી સંપ્રદાયની પુષ્ટિ થતી રહે તેમ કરજો. હે સહજાનંદ સ્વામી ! તમે બહુ સમર્થ છો. ભૂંડાં દેશ, કાળ, ક્રિયા ને સંગ તમને સ્પર્શ કરી શકે તેમ નથી. વળી, નારીનો સ્પર્શ કે સંબંધ તમને ક્યારેય બંધનકર્તા નથી. માટે પ્રેમે કરીને કોઈ ભારે ભારે વસ્ત્ર-આભૂષણ તમને અર્પણ કરે તો તેને આપ અંગીકાર કરજો અને કુપાત્ર હોય તેનો ત્યાગ કરજો."

સહજાનંદ સ્વામી રામાનંદ સ્વામીના ઉપદેશામૃતને એકચિત્તે સાંભળી રહ્યા હતા.

ત્યારપછી રામાનંદ સ્વામીએ પોતાના સ્વહસ્તે સહજાનંદ સ્વામીને સુંદર જરિયાની વાઘા, માથે સોનેરી પાઘ અને અંગોઅંગમાં હીરા, માણેક, મોતીના હાર ધરાવ્યા. વીંટી, વેઢ, કડાં અને કુંડળ પહેરાવ્યાં. પછી પોતે સહજાનંદ સ્વામીની પ્રેમે કરી આરતી ઉતારી.

રામાનંદ સ્વામીએ પોતાના સર્વે સંતો અને હરિભક્તોને ઉદ્દેશીને વાત કરવા માંડી જે, "હે વ્હાલા સંતો અને દેશોદેશથી આવેલા હે ભક્તજનો ! સહુ ચિત્ત દઈને સાંભળજો. આ સહજાનંદ સ્વામી બહુ સમર્થ, સર્વોપરી ભગવાન છે. પોતે સર્વ અવતારના અવતારી છે. ક્ષર-અક્ષરથી પર અને ન્યારા છે. અનંત ઈશ્વરકોટિ, બ્રહ્મકોટિ અને અક્ષરકોટિને પોતાની અન્વય શક્તિએ કરીને ધરી રહ્યા છે. એ સૌના અને વ્યતિરેકપણે સર્વે મુક્તોના કારણ, દાતા, નિયંતા અને સ્વામી છે. મારા જેવા અનંત સેવકો તેમની અહોનિશ સેવા-પ્રાર્થના કરે છે. માટે એમનો સમજાય એટલો મહિમા સમજી લેજો. ભલા થઈને તેમને વિષે ક્યારેય માયાનો કોઈ ભાવ પરઠશો મા."

એમ રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીનો યથાર્થ મહિમા કહેવાનો હતો તે કહ્યો. સર્વે સંતો તથા હરિભક્તો પણ સહજાનંદ સ્વામીનો આવો દિવ્ય મહિમા સાંભળી ગદ્ગદ થયા હતા. સૌને સહજાનંદ સ્વામીની આવી સર્વોપરીપણાની સ્વીકૃતિ થઈ હતી.

પછી રામાનંદ સ્વામીએ સહજાનંદ સ્વામીને કંઈક વરદાન માગવાનું કહ્યું ત્યારે સહજાનંદ સ્વામીએ બે વરદાન માગ્યાં :

"હે સ્વામી ! કોઈ ભક્તને એક વીંછીનું દુઃખ થવાનું હોય તો તેને બદલે અમને એ દુઃખ રૂંવાડે રૂંવાડે ભલે થાય પણ અમારા ભક્તને દુઃખ ન થાય અને ભક્તને જો રામપાતર આવવાનું હોય તો તે મને આવો પણ અમારો ભક્ત સદાય અન્ન-વસ્ત્રે સુખી રહો."

સહજાનંદ સ્વામીએ પોતાના ભક્તો માટે કેટલું બધું માગી લીધું ! પોતાના ભક્તો સાથે કેટલી બધી આત્મબુદ્ધિ કહેવાય ! કેટલી દયાળુતા ! આ સાંભળી સૌનાં હૃદય આનંદથી પુલકિત થઈ ગયાં.

ગુરુ રામાનંદ સ્વામી પણ સહજાનંદ સ્વામીને સ્વસુખ ન માગતાં પોતાના ભક્તના યોગક્ષેમ માટે અર્થાત્ તેઓ આ લોક તથા પરલોકમાં સુખિયા થાય તેવું માગતાં જોઈ તેમની આ ઉદારતાને, ભક્તવત્સલપણાના બિરુદને સાર્થક કરતા

જોઈ જ રહ્યા. તેઓ હરખભેર રાજી થયા ને 'તથાસ્તુ' કહી બંને વરદાન આપ્યાં.

"સોને કી છડી, રૂપે કી મશાલ, જરિયાની જામા,
મોતીયન કી માલા, કર્ણે કુંડળ, મસ્તકે મુગટ,
એવા રાજામહારાજાધિરાજ અક્ષરધામના અધિપતિ સહજાનંદ સ્વામીને
ઘણી ખમ્મા... ઘણી ખમ્મા..."

આવા નારાઓ વાતાવરણમાં ચોમેર ગુંજી ઊઠ્યા.

આ અવસરે અનેક હરિભક્તો ઉપસ્થિત થયા હતા. સૌ સહજાનંદ સ્વામીને અવનવી ભેટ અર્પી આજના દિવ્ય અવસરને પોતીકો કરી રહ્યા હતા. પછી સૌ સંતો તથા હરિભક્તો સાથે સહજાનંદ સ્વામીની શોભાયાત્રા શહેરમાં કાઢવામાં આવી. ને ગુરુ રામાનંદ સ્વામીએ આજે સહજાનંદ સ્વામીને જીવો પર ખૂબ કરુણા વરસાવવાનું કહ્યું. તેથી તેઓ સહુ પર કરુણા વરસાવતા હતા.

શહેરમાં અનેક નર-નારીએ આ ભવ્ય શોભાયાત્રાનાં દર્શન કર્યાં. સહજાનંદ સ્વામીનાં પણ ભાવથી દર્શન કર્યાં. સૌને સહજાનંદ સ્વામી સહજમાં સુખ આપતા જણાયા. સૌને થતું કે રામાનંદ સ્વામીએ પટ્ટાભિષેક માટે સહજાનંદ સ્વામીની વરણી યથાયોગ્ય કરી હતી. આ જોઈ રામાનંદ સ્વામી પણ નિશ્ચિંત બની ગયા હતા. પોતાને જે કાર્ય કરવાનું હતું તે સંપૂર્ણ પૂર્ણ કર્યું હતું.

વર્ણીનો સંકલ્પ હતો કે, સદ્. રામાનંદ સ્વામીનાં દર્શન કરી તેમની પાસે થોડું રહી પછી એમની આજ્ઞા લઈને વન-પર્વત જેવા નિર્જન-એકાંત સ્થળે ચાલ્યા જવું. પરંતુ સદ્. રામાનંદ સ્વામીએ તો એમને દીક્ષા આપી. ઉપરાંત, પોતાની ગાદીના વારસદાર, પોતાના ઉત્તરાધિકારી તરીકે નીમી સત્સંગનો મોટો ભાર એમને માથે મૂકી દીધો હતો. વર્ણીને વ્યવહારિક રુચિ બિલકુલ નહોતી, તોપણ ગુરુના વચને અને અનેક જીવોના ઉદ્ધારને કાજે પોતાના સંકલ્પો બાજુ પર મૂકી દીધા. ગુરુના વચનને અધ્ધર ઝીલી લીધા ને સત્સંગની પ્રવૃત્તિમાં લાગી ગયા.

મોટાપુરુષની આજ્ઞા ને રુચિમાં રહી પ્રવૃત્તિ કરવી એ નિવૃત્તિ સમાન જ છે. ને પોતાની મરજી મુજબ એકાંતમાં રહેવું તે એકાંત પ્રવૃત્તિ કરતાં બાધક નીવડતું હોય છે. માટે સાધનકાળમાં સુખી રહેવા માટે મોટાપુરુષની મરજી મુજબ અનુસરવું એ સુખી રહેવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

# ૪

# રામાનંદ સ્વામી અંતર્ધાન થયા

**(આ.સં. ૧૮૫૮, ઈ.સ. ૧૮૦૨)**

---

## રામાનંદ સ્વામીએ અવરભાવ અદૃશ્ય કર્યો

સદ્. રામાનંદ સ્વામી સહજાનંદ સ્વામીને ધર્મધુરા સોંપી, પોતે નિશ્ચિંત થઈ ગયા હતા. તેઓ ધીરે ધીરે સહજાનંદ સ્વામીને પોતાના સંકલ્પોને જલદીથી વહેવડાવવા માટે પૂરા સ્વતંત્ર કરવા ઈચ્છતા હતા. ને એટલે જ રામાનંદ સ્વામી ધીરે ધીરે સઘળી પ્રવૃત્તિનો ભાર પોતા માથેથી ઓછો કરી સહજાનંદ સ્વામીને સોંપતા હતા.

સહજાનંદ સ્વામીને પોતાના ભવ્ય સંકલ્પોને સાકાર કરવા મોકળું મેદાન આપવું જોઈએ એવું રામાનંદ સ્વામી વિચારવા લાગ્યા. રામાનંદ સ્વામીના સાધુ તેમજ તેમનો ભક્ત સમુદાય રામાનંદ સ્વામીને ભગવાન તરીકે માનતા હતા. ખરેખર સનાતન પુરુષોત્તમનારાયણ સહજાનંદ સ્વામી હતા તે રામાનંદ સ્વામી જાણતા હતા. તેથી પોતાને સહજાનંદ સ્વામી સમક્ષ ભક્તો ભગવાન તરીકે માને અથવા કહે તેમજ અવરભાવમાં પોતે ગુરુ ને સહજાનંદ સ્વામી શિષ્ય તરીકે વર્તે. વળી, પોતે ઊંચા આસને બેસે ને સહજાનંદ સ્વામીને નીચે બેસવું પડે એ તેઓને પસંદ નહોતું.

સહજાનંદ સ્વામી પોતાનો સર્વોપરી પ્રૌઢ પ્રતાપ ઢાંકી-ઢબૂરી વર્તતા હતા. તે હવે એમને છૂટો મુકાવી દેવો જોઈએ. સહજાનંદ સ્વામીના સર્વોપરી સ્વરૂપની

ઓળખ સૌને થવી જોઈએ. પરંતુ જ્યાં સુધી પોતે હયાત છે ત્યાં સુધી સહજાનંદ સ્વામીને બંધનમાં રહેવું પડશે. તેઓ મર્યાદામાં વર્તશે. તે પોતાનું સર્વોપરીપણું ખુલ્લું કરતાં ખચકાશે એવું લાગ્યું. આથી રામાનંદ સ્વામીએ હવે અંતર્ધાન થવાનો સંકલ્પ કરી લીધો. જેતપુરમાં હજુ ઘણાક હરિભક્તો રહ્યા હતા. તેઓ સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીની દિવ્ય લીલાઓ માણવા રહ્યા હતા. તેમને ત્યાંથી ઊખડવાનું મન થતું નહોતું. કારણ, સહજાનંદ સ્વામીએ જ જાણે સૌને વશ કરી પોતાની મૂર્તિમાં ચોંટાડી દીધા હતા. સદ્. રામાનંદ સ્વામી એકાંત ઈચ્છતા હતા. તેથી તેઓએ જેતપુરથી નીકળી ફણેણી જવાનો નિશ્ચય કર્યો. જ્યાં સુધી પોતે જેતપુરમાં રહેશે ત્યાં સુધી હરિભક્તોની દર્શન-સમાગમ માટે વણજાર ચાલુ જ રહેશે. તેથી તેઓ દર્શનાર્થી હરિભક્તોના સમૂહને ખાળવા ને એકાંતમાં રહી પોતાનો દેખાતો અવરભાવ અદૃશ્ય કરવા ફણેણી જવા તૈયાર થઈ ગયા.

ઉન્નડ બાપુને બોલાવી સ્વામીએ એમની પર ખૂબ પ્રસન્નતા જણાવી ને કહ્યું, “આપે આપના દરબારમાં બહુ જ મોટો સમૈયો કરી સહજાનંદ સ્વામીનો પટ્ટાભિષેક કર્યો. ખૂબ ભાવથી સેવા કરી તમે અમારો અંતરનો રાજીપો કમાઈ ચૂક્યા છો. આ પ્રસંગ સંપ્રદાયના ઈતિહાસ પૃષ્ઠોમાં સુવર્ણ અક્ષરે અંકિત થઈ જશે. આપે ખૂબ સેવા કરી પ્રસંગને દીપાવી દીધો છે.” એમ સ્વામીએ એમની પર ખૂબ રાજીપો વરસાવ્યો.

ઉન્નડ બાપુ પણ નિર્માની સેવક હતા. સ્વામીને પ્રાર્થના કરતાં કહ્યું, “સ્વામી ! આપે જ કેવળ કૃપા કરી આ અલૌકિક પ્રસંગમાં આ સહજાનંદ સ્વામીની સર્વોપરી સેવાનો લાભ આપ્યો છે. સઘળો પ્રસંગ રંગેચંગે આપના આશીર્વાદ ને સહજાનંદ સ્વામીની કૃપાદૃષ્ટિથી જ શોભી ઊઠ્યો છે. અમે તો માત્ર નિમિત્ત થયા છીએ. સ્વામી ! આ સઘળો દરબાર, અમારો સમગ્ર પરિવાર આપના માટે જ છે. દયાળુ ! હું કશું જ નથી. મારું કશું જ નથી અને હરહંમેશ અમને આવા દિવ્ય અલૌકિક પ્રસંગના નિમિત્ત કરતા રહેજો. સેવાના ભાગી કરી આપના અંતરના રાજીપાના પાત્ર કરજો.” ઉન્નડ ખાચરનાં આવાં ઉચ્ચ સમજણયુક્ત વચન સાંભળી સહજાનંદ સ્વામી પણ એમની પર અત્યંત રાજી થઈ ગયા.

સદ્. રામાનંદ સ્વામીએ અહીંથી જવા ઉન્નડ બાપુની રજા માગી. દરબારવાસીઓ આ સાંભળી ઉદાસ થયા. જેમના પ્રતાપે સુખિયા હતા, અંતરે સુખ સુખ વર્તતું હતું એવા સુખનિધિ અહીંથી ચાલ્યા જશે ! સહુ ગ્લાનિ પામ્યા.

સૌનાં હેત-પ્રીત જોઈ સ્વામી પણ ગળગળા થઈ ગયા. સ્વામીની ફણેણી જવાની તીવ્ર ઈચ્છા હતી. અહીં વધુ સમય રહેવું નહોતું. તેથી બધાયને થોડો ઉપદેશ આપ્યો : ''સહજાનંદ સ્વામીમાં હેત કરજો. એમની મરજીને અનુસરજો. તેઓ ખૂબ સુખિયા કરશે.'' એમ વાતો કરી સહુ પાસેથી વિદાય માગી.

સ્વામીને વળાવવા સારુ ઉન્નડ બાપુએ રથ-ઘોડા તેમજ ગાડાંઓની વ્યવસ્થા કરી દીધી. સદ્. રામાનંદ સ્વામીના સંતોનું સઘળું વૃંદ વાહનોમાં ગોઠવાઈ ગયું. સૌ હરિભક્તો પાદર સુધી વળાવવા આવ્યા. સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામીનાં દર્શન આંખ્યેથી ઓઝલ ન થયા ત્યાં સુધી સૌ દર્શન કરતા જ રહ્યા.

ફણેણીમાં સદ્. રામાનંદ સ્વામી તથા સહજાનંદ સ્વામી એમના સંત મંડળ સાથે પધારી રહ્યા છે એવા સમાચાર મળતાં જ ગામના હરિભક્તો સોની વેલાભાઈ, સોની રામજીભાઈ, ગોબરભાઈ, રામજીભાઈ, કાનજીભાઈ, કૃષ્ણભાઈ, હરિદાસ વૈરાગી, વીરજીભાઈ આહિર, ભક્ત લુણો તથા સુથાર સુણાભાઈ તેમજ બાઈઓમાં અમૂલાબાઈ, કેસરબાઈ, જીવીબાઈ વગેરે સામૈયું કરવા સન્મુખ દોડી આવ્યાં.

સદ્. રામાનંદ સ્વામી સાથે જ સહજાનંદ સ્વામીનાં દર્શન થતાં જોઈ તેમજ પટ્ટાભિષેક પછી પ્રથમ જ ફણેણી ગામ પધાર્યા હતા તેનો સૌ ભક્તજનોને અનેરો આનંદ ને ઉત્સાહ હતો. પણ કોઈને ક્યાં ખબર હતી કે સદ્. રામાનંદ સ્વામીનું ફણેણીનું મુકામ છેલ્લી વારનું છે.

સદ્. રામાનંદ સ્વામી ફણેણીમાં પોતાની અંતર્ધાન લીલા કહેતાં દેખાતા ભાવને અદશ્ય કરવા જ પધાર્યા છે. એવો ખ્યાલ જો હરિભક્તોને હોય તો તેઓના અંતરમાં સ્વામીના પધાર્યાનો આનંદ-ઉમંગ ક્યાંથી વ્યાપે ? આ જ તો મહારાજ ને મોટાપુરુષની અકળ લીલા છે. આ લોકમાં (અવરભાવમાં) તેઓ સંપૂર્ણ આ લોકની રીતે જ વર્તતા હોય. દેહધારીને એમની ક્રિયાને સમજવી ઘણી જ કઠણ છે. એમને જાણવા-સમજવા એમના જેવા થવું પડે.

રામજી સોનીએ સદ્. રામાનંદ સ્વામી, સહજાનંદ સ્વામી તથા સંતો-હરિભક્તોનો ઉતારો પોતાના ઘેર જ કરાવ્યો. તેમજ તેમને સારી રસોઈ આપી, ખૂબ જમાડી તૃપ્ત કરી રાજીપો કમાઈ લીધો.

પર્વતભાઈ તથા મયારામ ભટ્ટ વગેરે આજુબાજુના ગામોમાં વસતા હરિભક્તો પણ અહીં આવી પહોંચ્યા હતા. ગામના હરિભક્તોનો સમૂહ પણ ભેગો થયેલો

હતો. તેને જોઈ સદ્. રામાનંદ સ્વામીએ પોતાનો અવરભાવ અદૃશ્ય કરવાનો સંકલ્પ જણાવ્યો ને તુરત જ શરીરે તાવ ગ્રહણ કરી મંદવાડ જણાવ્યો.

મોટાપુરુષ પોતાની નિકટમાં તેમજ હેત-રુચિવાળાને અવશ્ય મર્મમાં અથવા વાસ્તવિક રીતે પોતાની તમામ રુચિ-સંકલ્પો જણાવતા હોય જ. તેને સમજતા આવડવું એ નિકટના સમાજ માટે ખૂબ જરૂરી છે. જો તે સમજી શકાય તો તેમનો લાભ લઈ રાજીપો કમાઈ શકાય. ને જો ન સમજી શકાય તો ખોટ્ય પણ આવે અથવા રાજીપો પ્રાપ્ત કરવાની તક સરી જતી હોય છે.

સદ્. રામાનંદ સ્વામીના અવરભાવના શરીરે જ્વર વધારે આવતાં તેઓ શરીરે ખૂબ કસર જણાવવા લાગ્યા. ધીરે ધીરે અન્ન ત્યજી દીધું. તેથી વધુ અશક્ત થયા. હવે વધારે ગંભીર મંદવાડ ધારણ કરી લીધો હતો. સહજાનંદ સ્વામી તેમજ સંતો-હરિભક્તો એમના અવરભાવની ખૂબ કાળજી રાખવા લાગ્યા. પ્રાર્થના, ધૂન, ભજન પણ કરવા લાગ્યા.

સદ્. રામાનંદ સ્વામીના ગંભીર મંદવાડની જેમ જેમ સંતો-હરિભક્તોને ખબર પડતી ગઈ તેમ તેમ સહુ સ્વામીનાં અંતિમ દર્શન કરવા આવવા લાગ્યા હતા.

આજે સ્વામીએ નેત્રો ખોલ્યાં. સંતો-હરિભક્તોના સમૂહને ધૂન્ય, ભજન, પ્રાર્થના કરતો જોયો. તેઓ અશક્તિને કારણે પથારીમાંથી પરાણે બેઠા થયા. થોડી વાર એમ ને એમ બેસી રહ્યા. પછી એમની નજર સહજાનંદ સ્વામીને શોધવા લાગી.

સહજાનંદ સ્વામી સભામાં જ બેઠા હતા. તેમના પર દૃષ્ટિ સ્થિર કરી અનિમેષ નજરે જોઈ રહ્યા. જાણે કહી રહ્યા હતા કે, ‘હે અક્ષરધામના અધિપતિ, સર્વોપરી પ્રભુ ! આપના દિવ્યાતિદિવ્ય મૂર્તિના સુખમાં અમે નિરંતર છીએ. અમે દેખાવામાત્ર અવરભાવમાં છીએ. હવે તે દેખાતો ભાવ અદૃશ્ય કરવાનો સમય આજ આવી ગયો છે. અમારા અદૃશ્ય થયા પછી સ્વતંત્રપણે આપનું સર્વોપરીપણું પ્રવર્તાવજો. સહુ જીવોને આપની વ્યતિરેક મૂર્તિનો સંબંધ કરાવી છતે દેહે મોક્ષની હા પડાવજો. અનાદિમુક્તની પ્રાપ્તિ કરાવી મૂર્તિના સુખભોક્તા કરી સ્થિતિ કરાવજો.’

પછી સામે બેઠેલા સંતો-હરિભક્તોના સમાજ સામું જોઈ બોલ્યા, “હે સંતો-હરિભક્તો ! હવે અમારો અવરભાવ ગમે ત્યારે અદૃશ્ય થશે. અમારી પાછળ

તમે દિલગીર ન થશો. અમારા ગયાનો કોઈ શોક પણ ન કરશો. અમારા અદૃશ્ય થવાથી સત્સંગ સૂનો નહિ પડે. સત્સંગની ધુરા સમર્થ ધણીના હાથમાં સોંપી છે.

તમારા માટે હવે જ આનંદનો અવસર છે. આ સહજાનંદ સ્વામી અવરભાવમાં ભલે આવા મનુષ્ય જેવા દેખાય પણ તે સર્વોપરી સમ્રાટ સ્વરૂપ છે.

હવે તે પૂર્ણપણે પ્રકાશશે. સમગ્ર સત્સંગને નવપલ્લવિત કરશે. તેમજ સંપ્રદાયને તેઓ નવો જ આયામ આપશે. તમે એમના પ્રત્યે ગુરુભાઈપણાનો ભાવ ન રાખશો. અરે માત્ર ગુરુ તરીકેનો ભાવ પણ ન રાખશો. તેમને જેમ છે તેમ યથાર્થ ઓળખી સર્વોપરી ભગવાન તરીકે ને તમારા ઈષ્ટદેવ તરીકે સ્વીકાર કરજો.

એ જે જે પોતાના સ્વરૂપસંબંધી વાતો કરે તેમાં સંશય ન કરતા. એમના સર્વોપરી ઉપાસનાના પ્રવર્તનમાં વિઘ્નરૂપ ન થતા. તમે એમના પ્રાગટ્ય હેતુમાં ભળજો. એમના કાર્યમાં ખૂબ સહકાર આપજો. એમની કોઈ ક્રિયામાં સંશય ન કરશો. એ દિવ્યાતિદિવ્ય સ્વરૂપ છે. એમની આજ્ઞામાં સહુ વર્તજો. ને એમને નિરંતર રાજી કરવાનો જ ઉપાય કરજો. એ દયાળુમૂર્તિ છે. દયાનો મહાસાગર છે. એમના સ્વરૂપને જેમ છે તેમ ઓળખી, આજ્ઞા ને અનુવૃત્તિમાં વર્તનારને છતે દેહે મહાસુખિયા કરી દેશે.” આટલું એકીશ્વાસે બોલતાં બોલતાં સ્વામીનો શ્વાસ રૂંધાવા લાગ્યો.

સહજાનંદ સ્વામી ઝડપથી ઊભા થઈ તેમને પકડીને બાઝી પડ્યા. દિવ્ય ગુરુના વ્હાલથી, પ્રેમથી ભીંજાવા એમના ખોળામાં મસ્તક મૂક્યું. અને એ જ ક્ષણે સદ્. રામાનંદ સ્વામીએ પોતાનું મસ્તક સહજાનંદ સ્વામીના મસ્તક પર ઢાળી દીધું. અને પોતાનો દેખાતો ભાવ (અવરભાવ) અદૃશ્ય કરી દીધો.


મૂર્તિના મસ્તકમાં અનાદિમુક્તનું મસ્તક એવી એકતા છે. એવી એકતાનું દર્શન આજે સૌને થયું હતું. સદ્. રામાનંદ સ્વામી અનાદિમુક્ત હતા. તે આજે સહજાનંદ સ્વામીની મૂર્તિમાં લીન થયા હતા. સદ્. રામાનંદ સ્વામીએ આવી રીતે સૌને દેખતાં સ્વતંત્રપણે સંવત ૧૮૫૮ના માગશર સુદ ૧૩ના દિવસે અવરભાવ અદૃશ્ય કરી દીધો હતો.

સહજાનંદ સ્વામી સહિત સૌ સંતો-હરિભક્તોમાં શોકનું મોજું ફરી વળ્યું. સહુનાં નેત્રો સજળ થવા માંડ્યાં. સ્વામીના વિરહના આંસુઓને કોઈ ખાળી ન શક્યું ને સંતો-હરિભક્તો ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. વાતાવરણમાં ગમગીની વ્યાપી ગઈ.

અંતે સહજાનંદ સ્વામીએ જ સહુને સાંત્વના આપી શાંત કર્યા. પછી સ્વામીના દેખાતા દેહને સ્નાન કરાવ્યું. ભાલે ચંદનની અર્ચા કરી. સહુએ કંઠમાં હાર પહેરાવી પૂજનનો લાભ લીધો. પાલખી તૈયાર કરી સ્વામીને તેમાં સુવાડ્યા. પછી પાલખી સહજાનંદ સ્વામીએ ઊંચકી. એમની સાથે રામદાસભાઈ, મુક્તાનંદ સ્વામી, પર્વતભાઈ, મયારામ ભટ્ટ વગેરે પાલખી ઉપાડતા થકા ઢોલ-નગારાં-તાસાં વગાડી અબીલ-ગુલાલ ઉડાડતાં ભદ્રા નદીના કિનારે આવ્યા. નદીના કિનારે પાલખી ઉતારી ચિતા ગોઠવી તેમાં સ્વામીને પધરાવ્યા.

સહુએ સદ્. રામાનંદ સ્વામીનાં છેલ્લાં દર્શન કર્યાં. એમનું મુખારવિંદ તેજથી ઝળહળી રહ્યું હતું. થોડી વારમાં એમની ચારેય બાજુ તેજ તેજ પથરાઈ રહ્યું. સહુ એ દિવ્ય દર્શનમાં ડૂબી ગયા. પછી સહજાનંદ સ્વામીએ અગ્નિ સંસ્કાર કર્યો. ત્યારબાદ સહુ ભદ્રા નદીમાં સ્નાન કરવા ગયા.

સદ્. રામાનંદ સ્વામીએ આ બ્રહ્માંડમાં પ્રગટી પૂર્ણ પુરુષોત્તમનારાયણના પ્રાગટ્ય પહેલાં એમના પ્રાગટ્યનો હેતુ જલદી સાકાર થાય તે માટેની પૂર્વભૂમિકા તૈયાર કરી દીધી હતી. આજે એમણે પોતાનો દેખાતો ભાવ અદશ્ય કર્યો. હવે, સૂરજ સહજાનંદને પ્રકાશવાનું હતું.



આદ્ય સ્થાપક
ગુરુદેવ પ.પૂ. બાપજી



દિવ્ય પ્રેરક
ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

# ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પરિચય

"સિદ્ધાંતમાં સમાધાન નહિ અને નિયમ-ધર્મમાં છૂટછાટ નહીં." - આ સૂત્રને જીવનપર્યંત ધારણ કરીને ભગવાન શ્રી સ્વામિનારાયણની આજ્ઞા-ઉપાસના અને મહિમાનો સર્વજનના હિતમાં પ્રચાર કરનાર ગુરુદેવ પ.પૂ. બાપજી એક સિદ્ધાંતવાદી સત્પુરુષ છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની નિર્દંભ સાધુતા, ધર્મ-નિયમની અણીશુદ્ધતા, નિર્માનીપણું ને શ્રીજીનું જ કર્તાપણું આદિ અનેક ગુણોએ લાખોના જીવનમાં પ્રેરણાનાં પીયૂષ પાયાં છે. ગુરુદેવ પ.પૂ. બાપજી એવા ક્રાંતિકારી યુગપુરુષ છે કે જેમના અલ્પ જોગથી મુમુક્ષુને ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપની યથાર્થ ઓળખાણ થઈ જાય અને આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થાય. અવરભાવની ૮૬ વર્ષની ઉંમર સુધી તેઓએ વિશેષત: પંચમહાલ અને સમગ્ર ગુજરાતના અસંખ્ય ગામડાંઓમાં તથા દેશ-વિદેશના અનેક શહેરોમાં વિચરણ કર્યું છે. હજારો ભક્તોનાં ઘરોની વ્યક્તિગત મુલાકાત લીધી છે. તેઓના દાખડે લાખો સંતો-હરિભક્તોના જીવનમાં પરિવર્તનના દીવડા પ્રકાશ્યા છે.

તેઓના ક્રાંતિકારી કાર્યોને વધુ વેગ આપી જન જન સુધી તેમનો સંદેશો પહોંચાડવા ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞાથી વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી સંસ્થાનું નેતૃત્વ સંભાળી રહ્યા છે. સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીના તમામ કલ્યાણકારી ગુણોને ધારણ કરી અનેરું શિષ્યત્વ શોભાવી રહ્યા છે. તેઓને સ્વયં સ્વામિનારાયણ ભગવાને પ્રતિમામાંથી પ્રગટ થઈ દીક્ષા આપી આશીર્વાદ આપ્યા : **"ગમે તેવો અધમ અને પાપી જીવ હશે પણ તું એનો મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરીશ તે અમો સત્ય કરીશું અને છેક મૂર્તિના સુખમાં પહોંચાડીશું. અમે સદાય તારા ભેળા છીએ. તારા તમામ સંકલ્પો પૂરા થશે. આથી અમે તારું નામ 'સાધુ સત્યસંકલ્પદાસ' રાખીએ છીએ."**

આજે દેશ-સમાજમાં આધ્યાત્મિક ઉન્નતિનું કાર્ય હોય કે પછી સમાજસેવા કરવાનું ભગીરથ કાર્ય હોય તેમાં ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીની નિરંતર પ્રેરણા મળતી રહી છે. તેઓની પ્રેરણાથી જ એસ.એમ.વી.એસ. સંસ્થાના સંતો-કાર્યકરો અવિરત વિચરણ કરી જીવનપરિવર્તનની સાથે દેહભાવથી પૃથક્ થઈ આત્મભૂમિકાએ અનાદિમુક્તની સ્થિતિ પામી છતે દેહે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું સુખ પામવા માટેનો દિવ્ય સંદેશ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. આવી ઉચ્ચ આધ્યાત્મિકતાની સાથે શૈક્ષણિક સેવાઓ, તબીબી સેવાઓ, ભૂકંપપીડિતોને સહાય તેમજ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહતકાર્યની સેવાઓ તેમજ સરકાર દ્વારા આવતા રચનાત્મક આયોજનોમાં પણ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની પ્રેરણાથી સંસ્થા સક્રિય રીતે જોડાતી રહી છે. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કાયમ એક વાત કહી છે કે, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા થતા તમામ સેવાકાર્યોનું શ્રેય સ્વામિનારાયણ ભગવાનના ચરણે સમર્પિત છે. તેઓની જ દિવ્ય પ્રેરણાથી સંસ્થાની આન, બાન, શાન સમગ્ર વિશ્વમાં લહેરાઈ રહી છે.

આપણા સૌના જ્ઞેય, ધ્યેય અને ઉપાસ્ય મૂર્તિ એવા શ્રી સ્વામિનારાયણ ભગવાન છે. જે સમગ્ર સંપ્રદાયના તમામ આશ્રિતગણનું લક્ષ્ય છે, નિશાન છે અને મુકામ છે. સૌએ એમના દિવ્ય સ્વરૂપમાં જોડાઈ છતે દેહે મૂર્તિસુખના અનુભવી થવું અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિને પામવી એ જ અંતિમ લક્ષ્ય સેવવાનું છે.

છતાં શ્રીજીમહારાજના પ્રાગટ્યથી માંડીને આ લોકમાં દેખાતો ભાવ અદૃશ્ય કર્યો ત્યાં સુધીના તેઓના તમામ ચરિત્રો પણ અતિ દિવ્ય ને કલ્યાણકારી જ છે. એ ચરિત્રોનું વાંચન, મનન અને ચિંતન પણ અંતઃકરણને શુદ્ધ અને પવિત્ર કરનાર છે.

સદ્. મુક્તાનંદ સ્વામીએ જ્યારે જ્યારે પણ શ્રીજીમહારાજને પૂછ્યું કે, “હે મહારાજ ! અંતરે શાંતિ થાય, ઉદ્વેગ શમી જાય અને સદાય સુખિયા રહેવાય એવો ઉપાય બતાવો.” ત્યારે ત્યારે શ્રીજીમહારાજ પોતાનાં દિવ્ય ચરિત્રો જ સંભળાવતા. શ્રીજીમહારાજ એમના પ્રશ્નોના સ્થાને શા માટે પોતાનાં દિવ્ય ચરિત્રો સંભળાવતા હશે ? તો આ લીલા પાછળનું રહસ્ય પણ તેઓનું એ જ હતું કે આ બધા પ્રશ્નોનો ઉપાય એટલે અમારા દિવ્ય ચરિત્રોનું શ્રવણ, વાંચન અને મનન કરવું. આ ચરિત્રોમાં સર્વે વાત આવી જાય છે.

આ વાતને સમર્થન આપતાં શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૫૮મા વચનામૃતમાં કહ્યું છે, ‘અમે જે જે ચરિત્ર કર્યાં હોય અને જે જે આચરણ કર્યાં હોય તે આચરણને વિષે ધર્મ પણ સહેજે આવી જાય અને અમારો મહિમા પણ આવી જાય.’ આમ, શ્રીજીમહારાજના દિવ્યજીવનનું વૃત્તાંત સૌના માટે સદાય સુખિયા થવા પથદીપક સમાન છે. માટે આ પુસ્તકમાં રજૂ કરેલ સ્વામિનારાયણ ભગવાનના જીવનવૃત્તાંતના વાંચન–શ્રવણથી જરૂર સર્વે અંગે પૂર્ણ થશે અવી અપેક્ષા છે.

– ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી

SMVS
સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા